
સંસ્થાપક: સ્વ. રવિશંકર મ. રાવળ
પૂરા પરિવારનું, સર્વલક્ષી સંસ્કારપૂર્ણ સામયિક
વર્ષ ૬૫ મું • જૂન, ૧૯૯૨ • સળંગ અંક ૭૭૩
તંત્રી: ધીરુ પરીખ
સંપાદક: બિહારીલાલ ટાંક

કુમાર



અફઘાનિસ્તાનમાં હજરત ઇમામ અલીના મકબરા 'મજારે શરીફ'માં આવેલી શોભનજડિત મસ્જિદ



સ્નાનરત શીરીંનું શાહજાદા ખુશરૂને પ્રથમ દર્શન
બારમી સદીના વિખ્યાત ઈરાની કવિ નિઝામીના કાવ્યસંગ્રહ 'ખમ્સા'નું એક કથાચિત્ર

આપણી અમર કવિતા

મુજ અબળાને મોટી મિરાંત, બાઈ
શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે.
ચીનમાળી ચતુર્ભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે ?
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે.
વિછુવા ઘૂઘરા રામનારાયણ, અણવટ અંતરજામી રે.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે.
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે.
સાસરવાસો સજીને બેઠી હવે નથી કાંઈ કાચું રે.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર હરિને ચરણે જાચું રે.

મુખડાની માય લાગી રે, મોહન પ્યારા !
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું.
સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભય ટાળ્યો.
મીરાંબાઈ બલિયારી, આશા અને એક તારી,
હવે હું તો બડભાગી.

મીરાંબાઈ

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૩૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવવામાં આવ્યો હોય છે.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

પરદેશનું લવાજમ

'કુમાર'નું હવાઈ માર્ગે પરદેશનું લવાજમ જાન્યુઆરી ૧૯૯૨થી રૂપિયા ૩૫૦ કરવામાં આવ્યું છે તેની એજન્ટો અને ગ્રાહકોએ નોંધ લેવી.

'કુમાર' — વર્ષ પાંસઠમું
જૂન ૧૯૯૨ · સળંગ અંક ૭૭૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-લઘુકથા-લઘુનવલ

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫; પરદેશમાં રૂ. ૩૫૦; આજીવન રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે..

'કુમાર' (માર્ચ ૧૯૯૨) માં ચંદ્રિકા પંડ્યાનો વિનોદી લેખ 'સુલેખાની કેશમુક્તિ' વાંચવાની મજા પડી - ખાસ કરીને તેની રમતિયાળ અને સરળ શૈલી માટે.. 'કુમાર' તથા લેખિકાને અભિનંદન.

ચંદ્રિકાબહેને એમની ટીખળી સખીનો જે પરિચય કરાવ્યો એના પરથી એમ લાગે છે કે સુલેખાએ એમના જીવનની જુદી જુદી અવસ્થાઓમાં વિધવિધ પરાક્રમો કર્યાં હશે અને કરતાં રહેતાં હશે. એની વિગત અને ખાસ કરીને તેના ખુલાસાઓ માણવા જેવા હશે. લેખિકા તે જણાવતાં રહેશે તો 'કુમાર' વાંચવાનું એક વધુ મજાનું કારણ મળી રહેશે. - ઈન્દુલાલ શાહ (બોરીવલી)

¤

'કુમાર' (માર્ચ ૧૯૯૨)માં કલાચાર્ય બેન્દ્રેસાહેબનાં ચિત્રોમાં 'નાવલી નદીનું દૃશ્ય' જોઈ અત્યંત આનંદ થયો. અગાઉ પણ નૃત્યકાર શ્રી યોગેન્દ્ર પ્રિયદર્શીનો નાવલીના વહેણનો ફોટોગ્રાફ તથા કલાકાર શ્રી છગનલાલ જાદવનું 'નાવલીને કાંઠે' રંગીન ચિત્ર પ્રકટ થયેલ તે યાદ તાજી થઈ. આમ, લોકમાતા નાવલીએ કેવું કામણ કર્યું છે તે જાણી પ્રસન્નતા થાય છે.

આ અંકમાં 'ધૂમકેતુ'ના પરિચયમાં એમના જન્મસ્થાન તરીકે કમી-કેરાળા ગામનો ઉલ્લેખ છે. તે કમી-કેરાળા ચલાલા પાસે આવ્યું છે, પરંતુ ધૂમકેતુનું જન્મસ્થાન કેરાળા (સોરઠ) મારા ગામના સીમાડ પર આવેલું છે. - મો. ઈ. સાગ (જાળિયા)

¤

માર્ચ ૧૯૯૨નો અંક મળ્યો... 'ધૂમકેતુ' જન્મ-શતાબ્દીને અનુલક્ષીને વાર્તા અને વિશેષ લેખો, ફોટો વગેરેથી સમૃદ્ધ અંક તંત્રી-સંપાદક ઉભયની નિષ્ઠા અને શ્રદ્ધેય સૂઝને અનુરૂપ બન્યો છે. ધન્યવાદ. એક બે ભૂલો તરફ ધ્યાન દોરું છું.

પૃ. ૧૦૫. પ્રથમ કોલમના છેલ્લા પેરામાં 'આઠ આના' છે ત્યાં 'એક રૂપિયો આઠ આના' જોઈએ. પૃ. ૧૦૮. પ્રથમ કોલમના છેલ્લા પેરામાં 'વર્નાક્યુલર સોસાએટી'ના બદલે 'સાહિત્ય સભા' એમ જોઈએ. પૃ. ૧૦૭. બીજા કોલમમાં પ્રથમ પેરામાં '૧૯૧૦'ની સાલ આપી છે તે '૧૯૧૪' જોઈએ.

- દક્ષિણકુમાર જોશી (અમદાવાદ)

¤

ફેબ્રુઆરી ૧૯૯૨નો 'કુમાર'નો અંક વાંચતાં ઘણો આનંદ થયો. 'લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અને તેનો હસ્તપ્રતભંડાર' લેખ વાંચી ઘણું જાણવા મળ્યું. 'કલાવાર્તા'માં ભારતીબેન ભુતાને અભિનંદન. મોટી વયે પણ જો તક સાંપડે તો બહેનો પણ ધગશપૂર્વક પોતાનું કલાકૌશલ દાખવી શકે તે પોતાની વિવિધ કૃતિઓ દ્વારા તેમણે સિધ્ધ કરી બહેનો માટે સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

અતિ દુર્લભ ટપાલટિકિટોમાં એક સેન્ટની બ્રિટિશ ગીઆનાની ટિકિટના સંદર્ભમાં જણાવવાનું કે મિ. વાઈનબર્ગ, જેઓ ન્યૂ યૉર્કના એક મોટા ટિકિટ-સંગ્રાહક છે, તેમની પાસે અત્યારે આ ટિકિટ છે. વર્ષો પહેલાં દિલ્હીમાં 'હૉલ ઑફ નેશન્સ'માં આ ટિકિટને પ્રદર્શિત કરવામાં આવેલી. આ ટિકિટને ભારત લાવવા માટે લગભગ ત્રણ કરડોનો વીમો ઉતરાવવામાં આવેલો. પ્રદર્શનમાં પણ બંદૂકધારી સિક્યોરિટી ગાર્ડ્સ હતા અને બુલેટપ્રૂફ શો-કેસમાં ટિકિટ રખાએલી એવું અમારા એક ટિકિટસંગ્રાહક પારસી મિત્ર શ્રી કાલી સંતોષ પાસેથી જાણવા મળ્યું છે. - કુસુમ જ્યોતીન્દ્ર મહેસા (મુંબઈ-૩૯)

¤

'કુમાર'માં શાસ્ત્રીય સંગીતની કેટલીક લેખમાળાઓ આવી છે. આ બધી ફરી એક સાથે છપાય તો સરસ સંગ્રહ બને. હમણાં ત્રણ સંચય પ્રકટ થયા એ પ્રમાણે સંગીત, ચિત્રકળા, ઉદ્યોગ, આમ આવા ત્રણ કે પાંચ વિષયો હાથ ધરી પુનઃપ્રકાશન કરવા ફરમાઈસ કરું છું. વળી, આ પ્રકાશનો 'કુમાર' કદનાં રાખી શકાય, એટલું જ નહિ, અગાઉના છપાએલા લેખની જ પ્લેટ બનાવી ઑફસેટમાં છાપી શકાય (કમ્પોઝિંગ બચે.)

ચાળીસ પાનાંનો એક અંક આપ જે કિંમતમાં આપો છો એ પ્રમાણે દર વર્ષે એક વધારાનો ૧૦૦ પાનાંનો અંક રૂ. ૨૫માં આપી શકાય. આ માટે લવાજમ સાથે ૨૫ રૂ. વધારાના મંગાવી એક એક વર્ષનો કુમાર-સાર અંક અથવા વર્ષનું બંધન ન રાખતાં, ખાસ વિષય ઉપર વધારાનો એક અંક - સંગીત અંક, હાસ્યઅંક, ઈતિહાસ અંક, ચારિત્ર્ય-ઘડતર અંક આદિ ખાસ અંક અગાઉના અંકોમાંથી ચયન કરી વિશિષ્ટ રીતે રજૂ કરાય. 'કુમાર'માં અઢળક વિષયો વેરાએલા પડ્યા છે.! વાચકો પણ સામો પ્રતિભાવ આપશે જ.

'કુમાર' અંક ૭૫૭માં વાન ગોઘનું ચિત્ર 'આઈરિસીઝ' પ્રકટ થયું છે. આ જ ચિત્ર હમણાં 'બિઝનેસ ટુડે'માં એક જાહેરાતમાં છપાએલું છે. બંને છાપમાં ચિત્રનાં રંગમાં ભિન્નતા દેખાય છે. આમ શે બન્યું હશે? 'કુમાર'માં ક્યારેય આવું જોવા મળ્યું નથી. - રમેશ બી. શાહ (સૂરત)

¤

(સૂચનો આવકાર્ય છે. તે માટે નક્કર વિચારણા પણ થઈ રહી છે. રંગીન ચિત્રોની છપાઈ, કાગળના પ્રકાર, શાહીની બનાવટ, બ્લૉકની બનાવટ, મુદ્રણના પ્રકાર, અને મૂળ ચિત્ર કે તેની રંગીન ફોટોપ્રિન્ટ યા ટ્રાન્સપરન્સી કે મુદ્રિત પ્રિન્ટ પરથી તેના બ્લૉક યા પૉઝિટિવ બનાવવા પર આધારિત છે. આમાં કોઈ પણ તબક્કે જ્યાં જેટલો ફેર પડે તેટલી ચિત્રની છપાઈના પરિણામમાં તફાવત પડે છે. એક જ નેગેટિવ પરથી કાઢેલી રંગીન ફોટોપ્રિન્ટમાં પણ તફાવત જોયો હશે. આમ આ સમગ્ર પ્રકિયામાં ક્યાંક ને ક્યાંક તો ફેર પડે જ. એક જ મૂળ કૃતિ - ચિત્ર કે ફોટોગ્રાફની જુદાંજુદાં પ્રકાશનોમાં છપાએલી રંગીન છાપો સરખાવતાં એ સ્પષ્ટ થશે. -સં.)

'કુમાર'ના ચયનગ્રંથો

'કુમાર'ની પ્રથમ વીસ વર્ષની ફાઈલોમાંથી ચૂંટેલાં વિવિધ કાવ્યો, જીવન-ચરિત્રો અને વાર્તાઓના ત્રણ ચયનગ્રંથો પ્રકટ થઈ ગયા છે. ત્રણેયનું કુલ મૂલ્ય રૂ. ૧૧૦ છે. 'કુમાર'ના પેટ્રન અને સંવર્ધક સભ્યોને તે ૨૦% વળતરથી મળી શકશે. એટલે તેમને આ ત્રણેય ગ્રંથો રૂ. ૮૮માં જ મળશે. સંસ્થાઓને ૧૦% તથા પુસ્તક-વિક્રેતાઓને તે ૨૦% વળતરથી મળી શકશે. રૂબરૂમાં તે કાર્યાલયમાંથી ૧૧ થી ૫ દરમિયાન પ્રાપ્ય છે. ટપાલથી મંગાવનારે સાદા બુક પોસ્ટના રૂ. ૪ તથા રજિસ્ટર્ડ બુક પોસ્ટથી મંગાવનારે રૂ. ૮ વધુ મોકલવા.

માછલી વીંધી/રાજેન્દ્ર શાહ

(ગાન)

ત્હેં તો પાણીની માછલી વીંધી
'લ્યા ભૂરિયા, પાણીની માછલી વીંધી !
ત્હને કોણે આ આવડત ચીંધી
'લ્યા ભૂરિયા, કોણે આ આવડત ચીંધી ?

એકલો હરાયો તું વગડાને ખૂંદતો ને
ક્યાંય ઠરી ઠામ ના જણાતો,
ટૌકે કરીને કોણ ખેંચતું કે વ્હેણમાં
એના તું જાય રે તણાતો ?

નીચેનું વ્હેણ જાય ઊંચેરું એમ તું
દોડી ગયો રે મસ હોંશે !
કાંઠે સમાય નહિ એવી કૈં લ્હેરખી
પીધી ત્હેં એક ત્હારી પોશે !

હેઈ
ત્હને કોણે આ આવડત ચીંધી
'લ્યા ભૂરિયા, કોણે આ આવડત ચીંધી ?
ત્હેં તો પાણીની માછલી વીંધી
'લ્યા ભૂરિયા, પાણીની માછલી વીંધી !

ઝીલે જો/ગીતા પરીખ

(ગાન)

પાછલી તે રાતમાં ચૈતરનો ચંદ
અંતરમાં જગવે છે અભિનવ કો છંદ.

તમરાંયે બોલે ના, સ્તબ્ધ અવકાશ,
પૃથ્વીને પંપાળે નીંદરની 'હાશ'.

રાતરાણી સૌરભની મીઠી સુવાસ
ઝુલાવે હળુ હળુ હૈયે અભિલાષ.

ધરણી ને આભમાં નીરવનું ગાન
રેલે છે તિમિર મહીં તેજભીની તાન.

અભિનવ કો પૂર્ણિમાનો શીતલ આનંદ
દૃષ્ટિની પાર લહે - નયણાં છો બંધ !

શાંત બની સરવરની લહરી ચંચલ
ઝીલે જો શશિયરને શ્યામવરણ જલ...!

ગ્રીષ્મબપોર/ઉશનસ્

(શિખરિણી-સૉનેટ)

અહો, પૃથ્વીનું આ નગર નર્યું છાયા વગરનું !
અને આકાશી આ દગ મળન-માયા વગરનું
દિગન્તો પર્યંતે, વગરકીકીનું ધૌતધવલું
બળે; એને ના ભ્રૂ, અવયવ ન; કાયાવગરનું !

ઝગે છે રેતીનો કણકણ પૂરો સૂર્ય થઈને;
ઝમે છે લાવા-શું ધવલું રવિનું વીર્ય વહીને;
દશા મુગ્ધા પ્રાત: કુસુમ જ શી દગ્ધા દલેદલે,
તટો બન્ને જોતા વહનછલ આ સ્તબ્ધ રહીને;

ધરા તડકે ભડકે બળતી; નગરી બંધ ઘરની,
બધી પ્રેતો કેરી વસતિ અહીં છાયાવગરની,
ઘરો સૌ લાક્ષાનાં ભડભડ બળે, ઝાળ ધવલી,
પહેરો કર્ફ્યૂ શો કડક, કયહીં વસ્તી ન સ્વરની;
થતું : ક્યારે લારે ભૂખરું પડ રાખોડી વળશે?
અને ક્યારે ભારે દગ પર નિશાપક્ષ્મ ઢળશે ?

યત્ન કર/કરસનદાસ લુહાર

(ગઝલ)

તું ગહન ગિરનારથી ગરવાઈ માટે યત્ન કર !
આભને આંબી જતી ઊંચાઈ માટે યત્ન કર !

ફરફરી શકતાં નથી એ પાંદ મર્મરથી પલાળ;
તું પવન/વાદળવશાત્ વનરાઈ માટે યત્ન કર !

તું વિભાજિત થઈ કણેકણમાં જ બસ વીખરાઈ જા;
એ રીતે અસ્તિત્વની અખિલાઈ માટે યત્ન કર.!

મૂક ગુંજારવ સભર હો ભીતરી વાતાવરણ;
ચિત્ત બજતી શૂન્યની શહનાઈ માટે યત્ન કર !

તું/પીયૂષ પંડ્યા 'જ્યોતિ'

(ઝૂલણા/મુક્તક)

રંગ તું, રૂપ-ગંધ-સૂર તું,
દૃષ્ટિ તું, દૃશ્ય તું,
ઉરઉરે વિરાજતો
ઉમંગનો ઉમંગ તું !

પૂર્વના દેશોના ગણનાયકનું બિરુદ પામેલા રાજકીય, સામાજિક, ધાર્મિક ક્રાન્તિના અગ્રદૂત



જમાલુદ્દીન અફઘાની

અશોક હર્ષ

વ્યાપાર નિમિત્તે આ દેશમાં પ્રવેશ્યા પછી તેની નબળાઈનો લાભ લઈ આ દેશમાં પોતાનો સત્તાવિસ્તાર સાધતી જતી અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ છેવટે દેશ પરની મુગલ સત્તાને અસ્તાચળે પહોંચાડી દીધી હતી, સાથેસાથે અન્ય ઈસ્લામી દેશો અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કી અને ઈજિપ્તમાં પણ પગપેસારો કરીને અંગ્રેજી શાહીવાદ ત્યાં પણ પગ પહોળા કરવા માંડ્યો હતો. એશિયા અને આફ્રિકામાં ફેલાતી જતી આ શાહીવાદી નાગચૂડ સામે ક્રાન્તિનો સૌપહેલો ઝંડો ફરકાવનાર કોઈ હોય તો તે જમાલુદ્દીન અફઘાની. એમણે સ્વીકારેલો ક્રાન્તિપથ પૂરો કંટકછાયો હતો, પરંતુ નિઃસ્પૃહ અને નિષ્કલંક જીવન જીવી ગયેલા આ ક્રાન્તિવીરે છેલ્લા શ્વાસ સુધી ક્રાન્તિપથે પોતાનું પ્રયાણ ચાલુ રાખ્યું.

એમનું આખું નામ સૈયદ જમાલુદ્દીન અલ હુસૈની અલ અફઘાની. અફઘાનિસ્તાનના કોનર ઈલાકામાં ઈ. ૧૮૩૭માં એમનો જન્મ. એમના પિતા સૈયદ સફદર હુસૈની એક સમર્થ વિદ્વાન અને ચુનંદા રાજનીતિજ્ઞ હતા. તેમની પૂર્વજ-પરંપરા હજરત મહમદ પયગંબર(સ.અ.વ.)ના દૌહિત્રો સુધી પહોંચતી, અને જમાલુદ્દીન જો ઈચ્છત તો પોતાની આ વંશીય મહત્તાને લઈને તેઓ તેમના સમયના મોટામોટા મુસ્લિમ હાકેમોને ત્યાં વજીરનું યા શિક્ષાગુરુનું સ્થાન મેળવી શકત. એ માટેનાં અનેક કહેણ પણ એમને આવેલાં, જે સઘળાં કહેણને તેમણે ઠુકરાવી દીધેલાં. એમના જેવા આઝાદીના આશકને સ્વતંત્રતા અને સમાનતાનું ગળું ટૂંપી પોતાના શાસન નીચેની પ્રજાનું સતત શોષણ કરતી રહેલી એ જમાત સાથે કદાપિ મેળ બેસે તેમ ન હતો. ઊલટું એ જમાત સામે જ એ દારુણ જંગ માંડી બેઠા.

વાસ્તવમાં જમાલુદ્દીન કોઈ એક જ દેશના હતા જ નહિ. દુનિયાના કોઈ પણ દેશની દુર્દશા અને પદદલિતતા તેમને દઝાડતી અને તેને તેમાંથી મુક્ત કરવા તે દોડી જતા. કદી એક જ સ્થળે પગ વાળીને એ બેઠા જ નહોતા. અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કી, ઈજિપ્ત, હિન્દુસ્તાન, ઇંગ્લન્ડ, જર્મની, ફ્રાન્સ, રશિયા - અનેક દેશોમાં ઘૂમતા રહી તેમણે ત્યાંની દલિત શોષિત જનતાનો હાથ ઝાલેલો. સામાન્ય જનનાં અજ્ઞાન અને ગરીબીએ એમની ઊંઘને રાતોની રાતો હરામ કરી દીધેલી. જાલિમ હાકેમો અને ધર્મના પેટભરુ નેતાઓને જોઈ તેમનો આત્મા કકળી ઊઠતો.

'પૂર્વના ગણનાયક' તરીકે બિરદાવવામાં આવેલા જમાલુદ્દીનના આજે પણ અનેક અનુયાયીઓ રહેલા છે, જેમની વચ્ચે દેશભેદે તફાવત છતાં લોકહૃદયમાં આઝાદીનો આતશ પ્રકટાવવામાં, કુરૂઢિઓ અને ધાર્મિક અંધશ્રદ્ધાનું છેદન કરીને ધર્મને નવો જ અર્થ આપવાને તેઓ પરસ્પર સહકારપૂર્વક સંનિષ્ઠ પ્રયાસ કરી રહેલા છે. એમના જ એક અનુયાયી અને અંતેવાસી શેખ અબ્દુલકાદર મગરિબીએ જણાવ્યા પ્રમાણે, ક્રાન્તિ એ એમનો મુદ્રાલેખ હતો; વાણી અને વર્તન, લેખન અને ચિંતન, ગુણ અને કર્મમાં તેમના આ મુદ્રાલેખનું સ્પષ્ટ અને સુરેખ પ્રતિબિંબ ઝિલાયેલું છે. જો કે એમનું પોતાનું ગ્રન્થસ્થ સાહિત્ય નહિવત્ છે, પણ ઈજિપ્તે આ લોકનાયકની જન્મશતાબ્દી નિમિત્તે એમના અંગત અને જાહેર જીવનની તમામ માહિતી સંચિત કરવા માંડી તેમનું સ્મારક ઊભું કરેલું છે. તેમણે ઈજિપ્તને પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલું અને ૧૯૭૦માં તેમની જયંતી ઊજવી ઈજિપ્તે તેમનું ઋણ અદા કર્યું છે, પણ ઈ. ૧૮૩૯માં જન્મેલા જમાલુદ્દીનની જયંતી ઈ. ૧૯૩૯માં ઊજવવાને બદલે ૧૯૭૦માં ઊજવ્યાનું કારણ એ છે કે, ઈ. ૧૮૭૦માં તેમણે ઈજિપ્તનું નાગરિકત્વ સ્વીકારેલું.

જમાલુદ્દીન અફઘાનીની જીવન-કારકિર્દીનો પટ ઈસ્તંબુલથી કાહિરા અને લંડનથી મોસ્કો સુધી પથરાયેલો છે. અઢાર વર્ષની ઉંમર સુધી પિતાની સાથે કાબૂલમાં રહી માત્ર ગણતર વર્ષોમાં જ ઈતિહાસ, ફિલસૂફી, ગણિત, વિજ્ઞાન અને વ્યાકરણ સુધ્ધામાં પારંગત બની પોતાની બુદ્ધિપ્રતિભાની પ્રતીતિ કરાવી આપી પિતાના અવસાન બાદ પણ પોતાનું શિક્ષણ ચાલુ રાખવા તે હિન્દુસ્તાન આવ્યા અને વિજ્ઞાનનો પોતાનો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કર્યો. અહીં એક વર્ષ રહી તે હજ કરવા મક્કા શરીફ પહોંચ્યા, અને ત્યાંથી ઈરાક વગેરે દેશોમાં થઈ પાછા અફઘાનિસ્તાન પહોંચ્યા. આ પ્રવાસમાં અભ્યાસ-દૃષ્ટિએ હરેક દેશની વાસ્તવિક પરિસ્થિતિ નિહાળવાની તેમને તક મળી.

અફઘાનિસ્તાન પાછા ફરતાં ત્યારના એ દેશના અમીર દોસ્ત મુહમ્મદે તેમની વિદ્વત્તા અને પ્રતિભાથી આકર્ષાઈ તેમને પોતાના દરબારમાં માનભર્યું સ્થાન આપ્યું અને પોતાના શાહજાદા મુહંમદ આઝમની કેળવણીની જવાબદારી એમને સોંપી. પરંતુ દોસ્ત મુહંમદનું ઈ. ૧૮૬૪માં અવસાન થયા પછી અફઘાનિસ્તાનની ગાદી તેમણે કરેલા વસિયતનામા પ્રમાણે તેમના સૌથી નાના પુત્ર શેરઅલીને મળી. આથી ત્રણે મોટા ભાઈઓમાં તેના પ્રત્યે ઈર્ષા જાગી, અને મુહંમદ આઝમ, અસલમ અને અમીન એ ત્રણેએ ભેગા થઈ શેરઅલીને ગાદીએથી ઉઠાડી મૂકવાની પેરવી શરૂ કરી. જમાલુદ્દીનના ધ્યાન પર આ હકીકત આવતાં એ દુરંદેશ રાજપુરુષે ત્રણે ભાઈઓને સમજાવીને ગૃહકલેશની આગથી રાજકુટુંબને તેમ જ દેશને બચાવી લીધો. આ એમની રાજકીય કુનેહની પહેલી સફળતા હતી.

અમીર શેરઅલીએ પણ પોતાના પિતાની માફક જમાલુદ્દીનને પોતાના સલાહકાર તરીકે ચાલુ રાખેલા. તેમણે દેશના સર્વાંગી વિકાસનું કામ હાથ ધરી અફઘાનોમાં એક નવી જ પ્રેરણા જગાડી. તેમણે અફઘાનિસ્તાનમાં પહેલું જ અખબાર 'શમ્સુન્નવર' નામનું શરૂ કર્યું. પાઠશાળાઓ, દવાખાનાં અને ટપાલકચેરીઓ ઊભી કરી. 'શમ્સુન્નવર' વાંચવાની તેમણે જનતામાં જબરી તાલાવેલી ઊભી કરી.

પરંતુ આ રીતે અમીર અને પ્રજા બંનેને પ્રિય થતા જતા અને પોતાનું વર્ચસ વધારતા જતા જમાલુદ્દીન રાજ્યના દીવાન મુહંમદ રફીકની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યા. જે ગૃહકલેશ જમાલુદ્દીને શાંત પાડેલો તેમાં તેણે ફરી જામગરી ચાંપીને અમીર શેરઅલીને પોતાના ભાઈઓ સામે ઉશ્કેર્યા. આનું પરિણામ પહેલેથી જ કલ્પી લઈને ગૃહયુધ્ધ શરૂ થાય તે પહેલાં જ તે અફઘાનિસ્તાન છોડી હિંદુસ્તાન આવતા રહ્યા.

અને ગૃહયુધ્ધ છેવટે થઈને જ રહ્યું, જેમાં એક ભાઈ મુહંમદ અમીન અને ખુદ અમીર શેરઅલીનો મોટો પુત્ર માર્યા ગયા, મુહંમદ આઝમને પણ હિન્દુસ્તાન નાસી આવવું પડ્યું. આ ગૃહયુદ્ધે શેરઅલીને તદ્દન નાહિંમત બનાવી દેતાં, તકની રાહ જોઈ બેઠેલો મુહંમદ આઝમ ફરી અફઘાનિસ્તાન પહોંચ્યો. બંને ભાઈઓ વચ્ચેના યુદ્ધમાં શેરઅલી હારીને કંદહાર નાસી છૂટ્યો. મુહંમદ આઝમે દીવાન મુહંમદ રફીકને ફાંસીએ લટકાવી દીધો, અને જમાલુદ્દીનને હિન્દુસ્તાનથી પાછા બોલાવી લઈ તેમને દીવાનપદ આપ્યું, જે તેમણે દોઢ વર્ષ સુધી પૂરી વફાદારીપૂર્વક સંભાળ્યું.

પરંતુ શેરઅલી પણ નવરો નહોતો બેસી રહ્યો. તેણે અંગ્રેજો સાથે વાટાઘાટો શરૂ કરી. સામ્રાજ્યવિસ્તારના લાલચુ અંગ્રેજો તો આવી તકની જાણે રાહ જ જોઈને બેઠા હતા. તેમણે શેરઅલીને જોઈતી તમામ સહાય પૂરી પાડી. મુહંમદ આઝમ શેરઅલી સામે હારીને મશહદ નાસી છૂટ્યો, જ્યાં થોડા જ મહિનામાં તેનું અવસાન થવા પામ્યું.

સૈયદ જમાલુદ્દીન અફઘાનીએ ઇ. ૧૮૬૯માં મક્કા થઈને મધ્ય એશિયાના ઇસ્લામી મુલ્કોમાં ફરી ત્યાંની પ્રજાની સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. અંગ્રેજોની અફઘાનિસ્તાન અને અન્યત્ર ચાલતી કૂટ નીતિએ તેમને અંગ્રેજોના કટ્ટર દુશ્મન બનાવી દીધેલા, અને પોતાના પ્રવાસ દરમિયાન સર્વત્ર તેમણે અંગ્રેજી શાહીવાદ સામે આગઝરતાં ભાષણો આપ્યે રાખેલાં.

પ્રવાસના અંતે હિન્દુસ્તાન પાછા ફરતાં શરૂઆતમાં તો ઉપરચોટિયો ઉમળકો બતાવી અંગ્રેજોએ એમનું સ્વાગત કર્યું, પણ અંદરખાનેથી તો જમાલુદ્દીનની બીક તેમને પેસી ગયેલી. એકાદ મહિનામાં તો અંગ્રેજોએ તેમને એક અંગ્રેજી જહાજમાં મિસર અથવા ઇજિપ્ત મોકલી આપ્યા, પણ ત્યાંના હાકેમના કાન એટલી હદે ભંભેર્યે રાખ્યા કે ચાલીસ દિવસમાં જ તેમને ઇજિપ્ત છોડવું પડ્યું.

ઇજિપ્તથી જમાલુદ્દીન તુર્કી ગયા, જ્યાં અલી પાશા અને અન્ય રાજદ્વારી પુરુષોએ તેમનું ભવ્ય સન્માન કર્યું. ત્યાંની પરિસ્થિતિ પણ અંગ્રેજોએ શક્ય એટલી વણસાડી મૂકેલી હોઈને જમાલુદ્દીને તુર્કીમાં પણ અંગ્રેજો સામેનો પોતાનો પુણ્યપ્રકોપ જાહેરમાં ઠાલવવા માંડ્યો. અહીંનો એક પ્રસંગ ખાસ નોંધવા જેવો છે. સૈયદસાહેબ અરબી તો સારી પેઠે જાણતા હતા, પરંતુ તુર્કી, અફઘાનિસ્તાનની લોકભાષા હોઈ તે પણ સારી રીતે જાણતા હતા. તેમની એક સભામાં એક શ્રોતાએ તેમને અરબીને બદલે તુર્કીમાં ભાષણ આપવા કહ્યું. તુર્કી ત્યાંની આમજનતાની ભાષા હોઈને સૈયદસાહેબે શ્રોતાની એ માગણી સામે જરાયે રોષ કે કચવાટ દર્શાવ્યા વિના શાંતિથી જવાબ આપ્યો, 'હવે હું એક મહિના પછી જાહેરમાં ભાષણ આપીશ, અને તે પણ તુર્કી ભાષામાં.' અને ખરેખર તેમણે તે કરી બતાવ્યું. એક ઊભો મહિનો રાતદિવસ તુર્કી ભાષાના અભ્યાસ પાછળ ગાળી સૌના આશ્ચર્ય વચ્ચે તુર્કીમાં ભાષણ આપ્યું !

પરંતુ અંગ્રેજોએ તુર્કીમાં પણ તેમને જંપવા ન દેતાં તે પાછા મિસર આવ્યા. મિસરના વજીર રિયાઝીપાશાએ તેમને હવે બીજે ક્યાંય ન જતાં મિસરમાં જ ઠરીઠામ થવા સૂચવ્યું. મિસરમાં ત્યારે તેમની જરૂર પણ હતી. ત્યાંનો હાકેમ ઇસ્માઈલ પાશા પ્રજાને ભૂખે મારીને અને યુરોપનાં રાજ્યો પાસેથી કરજે નાણાં લઈને કેવળ ભોગવિલાસમાં જ મગ્ન રહેતો હતો. સુએઝના પોતાના બધા શેરો પણ તેણે બ્રિટિશ સરકારને વેચી દીધેલા. પ્રજામાં આથી ભારે અસંતોષ વ્યાપેલો હતો. એવે વખતે મિસરમાં રહી તેમણે સૌપ્રથમ તો ત્યાંની વિખ્યાત અલઅઝહર યુનિવર્સિટીની શિક્ષણપધ્ધતિ સુધારવા તરફ લક્ષ આપ્યું, બાદ 'મિસ્ર' અને 'અબૂ નઝ્ઝારા' નામના બે અખબારો શરૂ કરી ક્રાન્તિનો પયગામ ફેલાવવા માંડ્યો. 'મેહફિલે વતન' નામની સંસ્થા ઊભી કરીને મધ્ય એશિયાના તમામ ઇસ્લામી રાજ્યોમાં તેની શાખાઓ ફેલાવી.

અંગ્રેજોએ ઇસ્માઈલ પાશાને તો છેવટે ગાદીએથી ઉઠાડી મૂક્યો, પણ સૈયદસાહેબની હાજરી તેઓ શી રીતે બરદાસ્ત કરી શકે ? તેમને અટકમાં લઈને સુએઝ ધકેલી દીધા. સુએઝથી તેઓ મુંબઈ ઊતરીને નિઝામના શાસન નીચેના હૈદરાબાદ પહોંચ્યા, અને લોકશિક્ષણ તથા સમાજસુધારણા પાછળ પોતાનો સમય ખર્ચવા લાગ્યા. તેમના જ આગ્રહથી નિઝામે શિક્ષણના માધ્યમ તરીકે ઉર્દૂભાષા અપનાવી.

જેમને પોતે એકથી બીજા દેશમાં ધકેલતા રહેલા એ જમાલુદ્દીન પાછા હિન્દુસ્તાનમાં પોતાના માથે ચડી વાગે એ અંગ્રેજોથી શી રીતે સહન થાય ? ઇ. ૧૮૮૨માં નિઝામ સામે થયેલા નાના-શા બંડમાં જમાલુદ્દીનને સંડોવી તેમને ગિરફતાર કરી હૈદરાબાદથી કલકત્તા ધકેલી દઈ ત્યાં નજરકેદમાં રાખ્યા.

આ નજરકેદમાંથી ઇ. ૧૮૮૪માં મુક્ત થતાં તે કલકત્તાથી લંડન અને ત્યાંથી પારીસ પહોંચ્યા. અહીં મિસરમાંના એમના અનુયાયી અબ્દુહૂ તથા ત્યાંના મહાન ક્રાન્તિકારી નેતા ઝગલુલ પાશા આવી મળ્યા. પારીસથી જમાલુદ્દીને અરબી ભાષામાં એક સાપ્તાહિક 'અલ ઉર્વતુલ વુસ્કા' શરૂ કર્યું, જેનો પહેલો અંક ઇ. ૧૮૮૩ના માર્ચની ૧૩મીએ પ્રસિદ્ધ થયેલો.

એ પછી થોડા જ સમયમાં સુદાનમાં મેહદી સુદાનીએ અંગ્રેજો સામે બંડ ઉઠાવતાં અને એ બંડ શમાવવા જનરલ ગૉર્ડનની સરદારી નીચે મોકલવામાં આવેલા સૈન્યના પરાજય સાથે ખુદ ગૉર્ડન પણ એ યુદ્ધમાં માર્યો જતાં જમાલુદ્દીન ત્યાર પછીનું અંગ્રેજોનું વલણ જાણવા લંડન પહોંચ્યા. ત્યારના બ્રિટિશ વડાપ્રધાન લોર્ડ સેલ્સબરીએ બ્રિટિશ સરકાર સાથે મેહદીની સુલેહ કરાવી આપવાની દરખાસ્ત મૂકતાં સૈયદસાહેબે સામી એ દરખાસ્ત મૂકી કે અંગ્રેજો પહેલાં ઇજિપ્ત અથવા મિસરનો કબજો છોડી દે. સામ્રાજ્ય-ભૂખી બ્રિટિશ સરકાર આ દરખાસ્ત સ્વીકારે ખરી ? સુદાનનો મામલો થાળે પડે અને જમાલુદ્દીનની કાયમ માટે રહેતી આવેલી ફડકથી મુક્ત થઈ જવાય એટલા માટે સુદાનનું તંત્ર તેમને સોંપવાનું પ્રલોભન પણ બ્રિટિશ સરકારે આપેલું, પણ એ પ્રલોભનને ઠોકરે મારતાં સૈયદ સાહેબે તેનો તિરસ્કારપૂર્ણ

જવાબ આપેલો : 'સુદાન સુદાનીઓનું છે; તે તમારા બાપની મિલકત નથી કે તમને ફાવે તેને તે ભેટ ધરી દો.'

સત્યભાષી અને સ્પષ્ટ વકતા સૈયદસાહેબ પ્રકૃતિએ પણ એટલા નિર્ભીક હતા કે મોતનો ભય તો એમની સામે ફરકી સુધ્ધાં નહોતો શકતો. લંડનથી એ મોસ્કો જઈને ચાર વર્ષ ત્યાં રોકાયા ત્યારે ઈ. ૧૮૮૭માં રશિયાના ઝારે પેત્રોગ્રાદ મુકામે તેમને આપેલી મુલાકાત પણ નોંધપાત્ર છે.

'ઈરાનના શાહ અને તમારી વચ્ચે શો મનભેદ છે ?' ઝારે તેમને પૂછ્યું.

'હું આપખુદી અને સરમુખત્યારશાહીનો સખ્ત વિરોધી છું. હું તો દુનિયાના તમામ દેશોમાં એવું રાજતંત્ર અસ્તિત્વમાં આવે એમ ઇચ્છું છું જેમાં લોકોની માગણીઓને અને એમની આશાઓ-અપેક્ષાઓને માનની નજરે જોવામાં આવે.'

સૈયદસાહેબના જવાબથી ઝારના ચહેરાનો રંગ બદલાઈ ગયો. આમ છતાં જેમતેમ પોતાના ક્રોધ પર કાબૂ મેળવી તેણે કહ્યું, 'લોકો વિષેનો નિર્ણય લોકો પર તો ન જ છોડાય, કેમકે પોતાના વિષેનો નિર્ણય પોતે લેવા જેટલી આવડત જ એમનામાં નથી હોતી.'

'મારું કહેવું એમ છે,' સૈયદસાહેબે ફોડ પાડ્યો કે, 'શાસકો પ્રજાને પોતાની મિત્ર સમજે, દુશ્મન નહિ, પ્રજાને તે ધન અને સત્તાથી ખરીદેલી પોતાની ગુલામ ન સમજે.'

ઝારનો ક્રોધ આથી એ કક્ષાએ પહોંચ્યો કે કશું જ બોલ્યા વિના બેઠો હતો ત્યાંથી ઊભો થઈ ચાલતો થઈ ગયો ! બીજું કરે પણ શું ?

ઈરાનના શાહનું ખૂન થયું ત્યારે ખૂનીઓની સરકારી યાદીમાં જમાલુદ્દીન અફઘાનીનું નામ પણ ચડી ચૂક્યું હતું. એમના એક વિશ્વાસુ રાજકર્મચારીએ આવીને એમને જણાવ્યું, 'જનાબ, આપે શાહ વિરુદ્ધ લોકલાગણી ઉત્તેજીને સારું નથી કર્યું, એના ખૂનીઓની યાદીમાં આપનું નામ પણ છે.'

જમાલુદ્દીને જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે, 'પૂર્વની દુનિયામાં હજીયે એવાં અનેક માથાં રહેલાં છે કે તેમને ઉડાવી દેવામાં જ લોકોનું શ્રેય છે.'

દુનિયાના અનેક દેશોની મુલાકાતે તેમને અનેક ભાષાઓના જાણકાર બનાવ્યા હતા. એમની માતૃભાષા પશ્તુ ઉપરાંત અરબી, ફારસી, તુર્કી, ઉર્દૂ, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરે ભાષાઓ પરનું તેમનું પ્રભુત્વ પણ એટલી હદે હતું કે જે દેશની ભાષા બોલે તે દેશના જ તે મૂળ વતની જાણે ન હોય !

ઈરાનના શાહે તો એમણે ફરકાવેલા બગાવતના ઝંડાના કારણે એમને બીમાર અવસ્થામાં પણ ગિરફતાર કરી બસરા ધકેલી દીધેલા. બસરાથી લંડન જઈ તેમણે ત્યાંથી 'ઝિયા ઉલ આફિકીન' નામનું અખબાર અરબી અને અંગ્રેજીમાં શરૂ કર્યું. એમાંનાં આગઝરતાં લખાણોથી અંગ્રેજોનો પિઠ્ઠુ ઈરાનનો શાહ અહમદશાહ કાચાર સદાયે થથરતો રહેતો. એ જ અરસામાં ઈરાનથી એમના એક અનુયાયી મિરઝા મહમદઅલી કિરમાનીએ લંડન આવી એમની સાથેની મુલાકાતમાં પૂછ્યું, 'ઈરાનના શાહનું હું ખૂન કરું તો વાજબી ગણાય ?'

'તદ્દન વાજબી,' જમાલુદ્દીને જવાબ આપ્યો. 'તું મરશે તો શહીદ થશે, જીવશે તો ગાઝી બનશે. એના જેવા સત્તાધારી લોકશત્રુને જીવવાનો કોઈ અધિકાર નથી.'

અને આ જ કિરમાનીની ગોળીથી ઈરાનનો શાહ ઈ. ૧૮૯૬ના મેની છઠ્ઠી તારીખે શાહ અબ્દુલ અઝીમની દરગાહમાં જેવો દાખલ થયો તેવો જ વીંધાઈ ગયો.

જીવનના અંત ભાગે તેઓ તુર્કીના સુલતાનના આમંત્રણથી ઇસ્તંબુલ પહોંચ્યા. સુલતાનનો ઇરાદો સૈયદસાહેબને હાથમાં લઈને ઇસ્લામના ખલીફા બનવાનો હતો. પરંતુ શાહો-સુલતાનોને બદલે સામાન્ય જનોનાં સુખદુઃખ સાથે ઓતપ્રોત સૈયદસાહેબ કોઈ પણ પ્રકારની સ્વાર્થજાળમાં ફસાય તેમ નહોતા. સુલતાન એમને ઓળખવામાં ઊણો ઊતર્યો અને તેમને શાહી સુવર્ણચંદ્રકની નવાજેશ કરી, જે કેવળ વજીરોને જ આપવામાં આવતો. સૈયદસાહેબે એ ચંદ્રક એક બિલાડીની ડોકમાં લટકાવી દેતાં કહ્યું, 'આ ચંદ્રક માટેનું સારામાં સારું સ્થાન આ જ છે, કેમ કે આવી ચીજો બેઈમાનોનાં ગળાંને જ શોભા આપતી હોય છે.'

આ અપમાનથી સમસમી ઊઠેલા સુલતાને ત્યારથી જ તેમના પર છૂપો પહેરો ગોઠવી દીધો. આ કાંટો વિના હરકતે દૂર કરવા તેણે એક દિવસ ઝેર પાયેલ દાંતખોતરણીઓ જેને 'ખિલાલ' કહેવામાં આવે છે તે તેમને મોકલી આપી, જે વાપરતાં તેમને દાઢમાં કેન્સર જેવું થયું. ડૉ. જમીલ પાશાએ તેમના છ દાંત કાઢી નાખ્યા ત્યારે ઈંજેકશનમાં પણ સુલતાનના કહેવાથી ઝેર આપવામાં આવ્યું. પરિણામે પૂર્વની દુનિયાનો આ જવલંત સિતારો ઈ. ૧૮૯૭ના માર્ચની ૯મીએ અસ્ત થઈ જવા પામ્યો.

ધર્મની સંકુચિત વાડાબંધીથી પર એવા આ મહાન ક્રાન્તિનાયકના અનુયાયીઓ અને અંતેવાસીઓમાં અનેક ખ્રિસ્તીઓ અને યહૂદીઓ પણ હતાં. એમાંના એમના ખાસ અંતેવાસીઓ પાસેથી તેમણે કાહિરા અને સિકંદરિયાથી જુદાં જુદાં અખબારો પણ પ્રસિદ્ધ કરાવ્યાં હતાં. સાહિત્યની તેમજ પત્રકારત્વની દિશાને એમણે નવો જ દોર આપેલો. એ કહેતા : 'આપણને એવા ઉચ્ચ કહેવાતા સાહિત્યની જરાયે જરૂર નથી, જેને લોકો ન તો પૂરું વાંચી શકે કે ન પૂરું સમજી શકે. જરૂર એવા સાહિત્યની છે જે લોકોને વાંચવું સુગમ રહેવા સાથે તેમના પર કાયમની ચોટ મૂકી જાય.'

ક્રાન્તિના આ અગ્રદૂત હૃદયના પણ એટલા ઉદાર અને પરમતસહિષ્ણુ હતા. મતભેદ દર્શાવવાની નૈતિક હિંમતને એ હમેશાં દાદ આપતા કે, 'એ જે કંઈ માને છે તે નીડરપણે અને છડેચોક પ્રકટ કરે છે.' એમની રાજકીય ક્રાન્તિનું દર્શન જેમ ન્યાય અને સમાનતા પર, તેમ સમાજિક ક્રાન્તિનું દર્શન પ્રેમ અને સ્વાર્પણ પર મંડિત હતું. તેમના જણાવ્યા પ્રમાણે, ધર્મનો રાહ કદાપિ લોકોનાં હિત અને સુખના રાહથી અલગ હોઈ શકે નહિ. સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીસ્વાતંત્ર્યના માત્ર હિમાયતી જ નહિ, પરંતુ મુસ્લિમ સમાજમાં તે માટે સક્રિય પ્રયત્ન કરનારા તે પહેલા સુધારક હતા, જે પગલું એમના એ જમાનામાં તો એક અક્ષમ્ય અપરાધ સમું ગણાતું. અનેક દેશોના હાકેમો, રાજપુરુષો, લોકનેતાઓ અને પત્રકારો સાથે તેમનો વિચારવિનિમય સતત ચાલુ રહેતો. અલબત્ત, પોતાનો ગ્રંથસ્થરૂપે કશો ખાસ વારસો તે નથી મૂકી ગયા, પરંતુ તેમનું ઉન્નત વ્યક્તિત્વ, અપ્રતિમ આત્મબળ અને ખુદ પોતાના જીવન કરતાં પણ તેમને વધુ પ્રિય એવો રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્રાન્તિ માટેનો તેમનો અનલસ અને અવિરત સંગ્રામ જ આપણા માટેનો એમનો સાચો વારસો નથી ? □

સાહસ-બાહસ ઠીક છે, સમજ્યા મારા ભાઈ....

વિનોદ ભટ્ટ

ફાઈટર વિમાનની શોધ થઈ ત્યારે તેમાં બેસવાનો રોમાંચ અનુભવવા ઘણા લોકો તૈયાર થઈ ગયા. બ્રિટનની પાર્લમેન્ટના સભ્યો પણ આ લડાકુ વિમાનમાં પ્રવાસ કરવા ઉપરતળે થઈ રહ્યા. આટલા બધા વી.આઈ.પી.ને એકસાથે આવી જોખમી મુસાફરી કરવા દેવા અગાઉ બ્રિટિશ વડાપ્રધાન ચર્ચિલની અનુમતિ માગવામાં આવતાં તેમણે પેલી જાણીતી ઉક્તિને ઉપસાવીને જણાવ્યું : 'Sorry I don't want to put all the baskets in one egg...' કોઈ પણ શાણો માણસ બિનજરૂરી સાહસ કરવા અગાઉ બે વાર વિચાર કરતો હોય છે. સરકસનો સિંહ ગમે તેટલો અહિંસક હોય, પ્રેમાળ હોય, તો પણ તેન મોંમાં માથું મૂકવાની મૂર્ખાઈ હું ક્યારેય ન કરું, એના કરતાં કોઈ સત્તાધીશના ખોળામાં માથું મૂકવું વધુ સલામત છે. સાચું પૂછો તો મને સાહસ શબ્દ પર જ ચીડ છે. આ કારણે સાહસકથાઓ વાંચવાનું મને પસંદ નથી.

બારેક દિવસ અગાઉ એક મિત્રે કહ્યું : 'અમે બધાં દિલ્હી જઈએ છીએ...' 'કેમ, કોઈએ બોલાવ્યા છે ?' મેં જાણવા માગ્યું. 'બોલાવે કોણ ? અમે તો પગપાળા દિલ્હી જવાનું વિચારીએ છીએ, તારે આવવું છે ?' - આટલું સાંભળતાં જ મારા પગે ગોટલા ચડવા માંડ્યા, પગ ભરાઈ ગયા, મગજમાં ખાલી ચડી ગઈ. લગભગ ચીસ જેવા અવાજે મેં એ મિત્રને પૂછ્યું : ટ્રેઈનો બંધ પડી ગઈ નથી ને પ્લેનના પાઈલોટ્સ હડતાળ પર નથી ઊતર્યા ત્યારે દિલ્હી સુધી ચાલતા જઈને શરીરને કષ્ટ આપવાનું કંઈ કારણ ?' 'જા, તારા જેવા જડસુને સાહસના આનંદની ક્યારેય ખબર નહીં પડે, એ તારું કામ જ નથી...' કહી ખિજાઈને મિત્ર ચાલ્યો ગયો.

સાચી વાત છે. કોઈ અમરનાથ, જન્મોત્રી જવાની વાત કરે કે એવરેસ્ટ પર ધજા ફરકાવવાના સાહસની વાત કોઈના મોઢેથી સાંભળું ત્યારે મને રોમાંચ ક્યારેય થતો નથી; ઊલટાનું આવી બહાદુરીની વાત કરનારના મગજનો ઇલાજ કરાવવો જોઈએ એવું લાગે છે. અર્નેસ્ટ હેમિંગ્વે સાહસ માટે દરિયો ખેડતા. તેમની જાણબહાર તેમનો પગ વ્હેલ માછલીના મોંમાં જતો રહ્યો ત્યારે તેમને શું રોમાંચ થયો હશે ? - હા, કદાચ એ માછલીને, નોબેલ-પ્રાઈઝ વિજેતા લેખકનો પગ સાવ મફતમાં ભોજન તરીકે મેળવવાથી રોમાંચ થયો હોય તો જુદી વાત છે ! મને તો દરિયાની જ બીક લાગે છે - દરિયો ચિત્રો, ચલચિત્રો ને કવિતામાં જ સારો લાગે છે - એમાં ડૂબી જવાનો ભય નથી હોતો માટે. પેલી કહેવતમાં કહ્યું છે ને કે નાનાં હોડકાંઓને કિનારાની નજીક જ રાખવાનાં હોય - મારી જાતને હું એવું એક નાનકડું હોડકું જ સમજું છું.

કહે છે કે પર્વત-આરોહક હિલેરીને, તે એવરેસ્ટ સર કરવા નીકળ્યો ત્યારે કોઈકે પૂછ્યું હતું : 'તમે એવરેસ્ટ પર જ શા માટે જાવ છો ?' જેના જવાબમાં હિલેરીએ આંખમાં ચમક સાથે કહ્યું હતું : 'Because it is there...' (કેમકે એ ત્યાં છે.) આ વાક્યને ઘણા ઉપદેશકો મુગ્ધભાવે દોહરાવે છે, પણ આવું બધું સાંભળીને મારું તો રૂંવાડુંય ફરકતું નથી. (બાય ધ વે, હિલેરી એવરેસ્ટ પર ગયો અને બરફના ભારે તોફાનને કારણે પછી તે ત્યાં જ રહી પડ્યો - હંમેશ માટે) હું એમ વિચારું છું કે એવરેસ્ટ ત્યાં છે તો ભલે રહ્યો, સુખી રહે. એ ત્યાં સુખી હોય તો હું ય ક્યાં અહીં દુ:ખી છું ? મહમદ માઉન્ટન પાસે જઈ શકતો ન હોય તો માઉન્ટને મહમદ પાસે જવું જોઈએ. એથી ઓછું કંઈ તેનું માઉન્ટન-પણું નષ્ટ થવાનું છે ? એવરેસ્ટ એને ઠેકાણે છે ને અમે અમારા ઠેકાણે. અમારી પાસે આવવામાં એને તકલીફ પડતી હોય તો અમે શી ભાંગ ખાધી છે તે તૂટી મરતા એની પાસે જઈએ ! - આપણી પાસે આવવામાં તેને ઑક્સિજનનાં સિલિન્ડર્સ ના જોઈએ, જ્યારે આપણે તેની પાસે પહોંચવું હોય તો ઑક્સિજનનાં સિલિન્ડર્સ, ઓઢવા-પાથરવાનાં ગરમ કપડાં, દવા-દારૂ ને કોણ જાણે કેટલુંય સાથે લઈ જવું પડે. કહો તો ખરા, શા વાસ્તે ? - ત્યાં ગરમગરમ રોટલી ખાવા ન મળે, પાઈનેપલનું રાયતું, હરીન્દ્ર દવે ને વેણીભાઈ પુરોહિતની કવિતાઓમાંના તળાએલા પાપડ, અથાણું, ચટણી જેવું કંઈ ના મળે. એકસો વીસના મસાલાનો કોઈ ગલ્લોય રસ્તા પર ના હોય - તો એવરેસ્ટ ફેવરેસ્ટની જફામાં પડ્યા કરતાં ઘેર સોફામાં બેઠા બેઠા ટી.વી. પર 'ચિત્રહાર' ન જોઈએ !

આ પેલો આર્મસ્ટ્રોંગ. ચન્દ્ર પર ગયો. ગયો એટલે કે ચન્દ્રની ખડકાળ જમીન પર પગ મૂક્યો,પા-અડધો કિલોમીટર જેટલું કદાચ આસપાસ ફર્યો હશે ને પાછો આવી ગયો. ત્યાં દૂરબીનમાંથી જોવા માંડ્યો કે ચન્દ્ર પરથી પૃથ્વી પરનું શું શું દેખાય છે. તેને ચીનની દીવાલ દેખાઈ, પણ તાજમહેલ તો ન જ દેખાયો,જોવા જેવું ના દેખાય ને ન જોવા જેવાનાં દર્શન થયાં! ચન્દ્ર પર કોઈ મનોહર વનરાજી, સુંદર ફૂલ કે ફળ ના દેખાયાં, અરે, એકાદ ચન્દ્ર-સુંદરીના દીદાર પણ ના થઈ શક્યાં- તો શું મેળવ્યું તેણે ? ઘેર આવ્યો ત્યારે માત્ર 'મૂન-રિટર્ન્ડ' કહેવાઈને, ખાલી હાથે પાછો ફર્યો. હું એમ પૂછું છું કે ચન્દ્ર પર જવાના એવા સાહસનો શો ફાયદો જેમાં કશું ના મળે ? ચન્દ્ર પરથી તે સાજોસમો, હેમખેમ, વન-પીસમાં પાછો ફરે એ માટે એ દિવસોમાં ઘણા લોકોએ બાધા-આખડીઓ પણ રાખી હશે. એને બદલે તે ઈન્ડિયા કે જાપાન જેવા કોઈ સ્થળે ફરવા ગયો હોત તો બૈરી-છોકરાં માટે કોઈ સારી ભેટ પણ લઈ જઈ શકત. તેના ચન્દ્ર પર જવાથી તેના પરિવારનાં સભ્યોને શું મળ્યું ? -આ તો હીરો ઘોઘે જઈ આવ્યા જેવું જ થયું. ઊલટાનું આ ચન્દ્રવીરે તો આપણા કવિઓને પારાવાર નુકસાન પહોંચાડી દીધું. કવિઓ તેમની પ્રિયતમાઓને આજ સુધી ચન્દ્રમુખી કહીને છેતરતા હતા, એમની પોલ પકડાઈ ગઈ. હવેનો કોઈ રોમિયો પોતાની જુલિયેટને ભૂલમાંય ચન્દ્ર જેવી કહેશે તો તેને જુલિયેટ ગુમાવવાનો વારો આવશે.

અને આપણો આકાશવીર રાકેશ શર્મા યાનમાં બેસીને અવકાશમાં ફર્યો, જ્યાં અવકાશ સિવાય કશું જ નથી ત્યાં તે ઘૂમ્યો. તે અવકાશમાં હતો ત્યારે તેને પૂછવામાં આવ્યું હતું કે ઉપરથી બધું કેવું લાગે છે ? - જેના જવાબમાં તેણે માહિતી આપી હતી કે ઉપરથી ભારત વધારે સારું લાગે છે. બસ, આટલું જ જાણવા તે ઉપર ગયેલો ? - અમને તો ઉપર ગયા વગર પણ આ વાતની ખબર છે. 'ડુંગરા દૂરથી વધુ રળિયામણા' એ કહેવતની અમને ડુંગરો ખૂંદ્યા વગર પણ જાણ છે. ખરેખર તો 'ઉપરથી ભારત વધુ સારું લાગે છે' આ વાક્ય એ વખતે મને વ્યંગબાણ જેવું લાગ્યું હતું, સ્વભાવ જરા વાંકદેખો ખરોને એટલે.

ગીનેઝ બુકમાં પોતાનું નામ છપાય એ વાસ્તે એક વીરબંકાએ નાયગરા ધોધના બન્ને છેડે દોરડું બાંધી નાયગરા ધોધ પરથી પસાર થવાનું પાગલ સાહસ કરેલું. આ વાંચીને મને એમ થયું હતું, અને આ ક્ષણે પણ એવું લાગે છે, કે જે માણસ પોતાના જીવનને ચાહતો ના હોય એ જ આવાં ઘેલાં કાઢે. કહેવાય છે કે કેટલાય લાખ અવતાર પસાર કર્યા પછી માનવયોનિમાં જન્મ મળે છે. તેનો આવો દુરુપયોગ કરવાનો ? કોઈપણ અક્કલવાળો માણસ આવું અવિચારી પગલું ભરવા તૈયાર થાય નહીં.

નાઓમી યુમુરા નામનો એક જાપાની યુવક કેટલાય કૂતરાઓને લઈને ઠંડીથી થીજી ગએલા આર્કટિક સમુદ્ર પર એક હજાર કિલોમીટર ચાલીને પૃથ્વીનો જ્યાં અંત આવે છે એ જગ્યાએ પહોંચ્યો હતો. પૃથ્વીના-અંત કરતાંય હું મારા અંતની વધારે ચિંતા કરતો હોઉં છું, કાયમ. એટલે ગીનેઝ બુકમાં પ્રકટ થએલ આ વાત વાંચીને પેલા યુમુરાને બદલે તેના કૂતરાઓની મને દયા આવી ગએલી. નાઓમી યુમુરાનું નામ તો જાણે ગીનેઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં લખાઈને કાગળ પર અમર થયું, પણ તેની સાથે દોડનાર નિર્દોષ કૂતરાઓને શું મળ્યું ? - યુધિષ્ઠિરની સાથે જનાર શ્વાનને તો સ્વર્ગ પણ મળ્યું હતું, જ્યારે આ કૂતરાઓને ?

કોઈ સાહસવીર ઈંગ્લિશ ચેનલ તરી જાય ત્યારે આશ્ચર્ય થવાને બદલે મને પહેલો વિચાર એ આવે છે કે આ કામ તો માછલીઓનું છે, એને જ એ કરવા દેવું જોઈએ, ઈશ્વરે પાણીમાં તરવા માટે તો એનું સર્જન કર્યું છે. એની મૉનોપોલી તોડવા આપણે શા માટે મથવું જોઈએ ? બહુ બહુ તો નાવ યા જહાજને તરવા દેવાં જોઈએ - આપણે તરીને શું કામ છે ? જહોન શેડનું આ એક પ્રચલિત વિધાન છે : 'બંદરમાં ઊભેલું જહાજ સલામત હોય છે; પરંતુ જહાજો કંઈ બંદરમાં ઊભાં રાખવાં માટે બનાવવામાં નથી આવતાં...' ખરી વાત છે. જહાજની તો નિયતિ જ તરવા ને ડૂબવામાં છે, જહાજની જેમ તરવામાં કદાચ થોડો આનંદ મળે, પણ વધુ તો શરદી જ મળવાનીને ? અને બે હજાર માઈલનું સળગતું રણ કોઈ સાહસઘેલો આત્મા દોડીને કે હાંફીને પાર કરે ત્યારે હું તો એમ જ માનીશ કે આમાં તો ઊંટની સાથે સ્પર્ધા થઈ કે બીજું કંઈ?

ચિચેસ્ટર નામના લગભગ ૬૦ વર્ષના એક બુઝર્ગે બોટ દ્વારા આખી દુનિયાનું પરિભ્રમણ કર્યું. આ જાણીને મારા જેવાના મોંમાંથી ડચકારો નીકળી જવાનો કે ભલા માણસ, જે ઉંમરે પોતાનાં પૌત્ર-પૌત્રીઓને ખોળામાં બેસાડીને પરીકથાઓ કહેવાની હોય એ ઉંમરે દરિયો ડહોળવા જવું તમને શોભે છે ? કુટુંબ પ્રત્યે આપણી કોઈ જવાબદારી જેવું હોય કે નહીં ?... કોઈકે એવું નોંધ્યું છે કે સિધ્ધાર્થે સમષ્ટિના કલ્યાણ માટે સંસાર ત્યાગીને ભારે સાહસ કર્યું ગણાય. આ વાત મારા ગળે કેમેય કરી ઊતરતી નથી. મને તો સિધ્ધાર્થની આ ભાગેડુવૃત્તિ જ લાગે છે, આમાં સાહસ જેવું કશું નથી. પોતાની સાંસારિક જવાબદારીઓમાંથી પલાયન થઈ જવાને બદલે અમારી જેમ સિધ્ધાર્થે પોતાની જવાબદારીઓ નિભાવી હોત તો અમે તેને સાચો સાહસવીર માનત. બાકી આ તો કાયરનું કામ થયું.

મારા મતે તો સાગરખેડુ કોલમ્બસ પણ પલાયનવાદી હતો. મેં તેનું જીવનચરિત્ર ધ્યાનથી વાંચ્યું છે. નાનપણમાં તે એક નંબરનો કામચોર હતો. તેના બાપના કામમાં તે કોઈપણ જાતની મદદ કરતો નહીં. બાપની આંખ સામે આંટાફેરા ને આશીર્વાદ કર્યા કરીશ તો બાપ ખાલીપીલી ખીટપીટ કરશે એમ માની, બાપની આંખથી દૂર રહેવા જ તેણે દરિયાઈ સફર કરી હોવી જોઈએ, બાકી સાહસ-બાહસ તો ઠીક છે, મારા ભાઈ.... કદાચ આ જ કારણે તેની દરિયાઈ સફરથી હું ખાસ પ્રભાવિત નથી થયો. ઈન્ડિયા આવવા તેણે ત્રણત્રણ વાર સાગર ખેડ્યો, ચોથી સફરમાં છેક ગુજરી ગયો ત્યાં સુધી તે એવા ભ્રમમાં રહેલો કે પોતે ઈન્ડિયા શોધ્યું છે. તેણે કેટલી બધી યાતનાઓ વેઠી, જેના પરિણામે આપણને તો જાણે 'કોલમ્બસ ડિસ્કવર્ડ અમેરિકા' જેવી એક ઉક્તિ મળી, પણ એને શું મળ્યું ?

સાહસની વાત થાય ત્યારે મને સિકંદર અચૂક યાદ આવી જાય છે. પિતા ફિલિપનો તે એકનો એક પુત્ર હતો. આઠઆઠ પત્નીઓ વચ્ચે ફિલિપને સમ ખાવા પૂરતું આ એક માત્ર સંતાન હતું. સ્વભાવ નાનપણથી જ લડવાડિયો એટલે સાહસના નામે સિકંદરે બધા દેશો સાથે લડ્યા કર્યું. વિશ્વ જીતવાના અભરખામાં ને અભરખામાં માત્ર ૩૩ વર્ષની કાચી ઉંમરે તે બેબીલોનમાં મૃત્યુ પામ્યો. એ કરતાં ઘરઆંગણે મર્યો હોત તો પરિવારનાં સભ્યોને થોડીઘણીય ચાકરી કર્યાનું આશ્વાસન તો રહેત !

અને નેપોલિયન. હા, તે પણ અદ્દલ સિકંદર જેવો જ નીકળ્યો. ઈન્ડિયા ને ઈજિપ્ત જીતવાનાં તે દિવાસ્વપ્ન જોતો. અંતે લડતાં લડતાં તે થાકી ગયો. જીવનથી હારીને સેન્ટ હેલીનામાં કાળાં પાણીની સજા દરમિયાન કેન્સરમાં ગુજરી ગયો. આ રીતે લડીલડીને શરીર અને મનથી ખુવાર થઈ જવાને બદલે પોતાના કુટુંબ સાથે ખાઈ-પીને જલસા કર્યા હોત તો ? કહેવાય છે કે તેની અન્ય દેશો સાથે લડવાની કુટેવથી કંટાળીને તેની પત્ની જોસેફાઈને જ સામેથી તેને ડાયવોર્સ આપી દીધેલા, 'લડ્યા કર તું તારે જિંદગીભર' એમ કહીને...

મારા નિખાલસ મત પ્રમાણે તો માણસનો સાહસિક સ્વભાવ જ તેને દુઃખી કરે છે, સાથે બીજાઓને પણ દુઃખી કરે છે - કદાચ વધારે દુઃખી કરે છે. આપણે કોલમ્બસનો જ દાખલો લઈએ. તેણે દરિયામાં રસ્તો શોધી અન્ય દેશો વચ્ચેનું અંતર ઘટાડ્યું અને પેલા આર્મસ્ટ્રોંગે ચન્દ્રનો રસ્તો ચીંધ્યો. હવે ત્યાં થાણાં ને વસાહતો સ્થાપવાની સ્પર્ધામાં દેશો એકબીજા સામે બાંયો ચડાવશે. વિજ્ઞાનવીરોએ બૉમ્બ બનાવ્યા ને હિરોશિમા-નાગાસાકી સાફ થઈ ગયાં. એક બટન દબાવતાં આખા વિશ્વનો નાશ થઈ જાય એટલો વૈજ્ઞાનિક વિકાસ અમેરિકાએ સાધ્યો છે. આપણે એકબીજાને શસ્ત્રોનો ભય બતાવીને વિશ્વશાંતિ સ્થાપવા મથી રહ્યા છીએ. અવાજ, પાણી ને હવામાં ભારોભાર પ્રદૂષણો કેટલાં બધાં વધી પડ્યાં છે ? આ બધું શોધાયું નહોતું ત્યારે આપણે કેવા સુખી હતા - એ...યને ખેતરમાં કામ કરવાનું, રાસાયણિક ખાતર વગરનાં મીઠાં ધાન્યના ઢગલા વચ્ચે આળોટવાનું, ગાડામાં ફરવાનું ને ઘરના આંગણામાં ઢોલિયો ઢાળીને સૂતા સૂતા આકાશને તાક્યા કરવાનું. હવે તો રાક્ષસકાય સ્કાઈ-સ્કેપર્સ આકાશને ગળી રહ્યાં છે, માણસ માણસને બૉમ્બની બીકથી બ્લેકમેઈલ કરી રહ્યો છે. લાગે છે કે જંગલી માણસ પણ આટલો જંગલી તો નહોતો જ, એટલે-

એટલે આપણા આઈન્સ્ટાઈને કહેલી વાત મને બહુ ગમે છે. તેણે કહ્યું છે કે ત્રીજા વિશ્વયુદ્ધની તો ખબર નથી, પણ ચોથું વિશ્વયુધ્ધ તો પથ્થરોથી જ લડાશે.

હું એ જ દિવસની રાહ જોઈ રહ્યો છું. મોંમાં ડબલ સોપારીવાળું પાન ચાવતાં હીંચકા ખાતાં, અત્યારે પણ હું હીંચકે બેસી પગની ઠેસથી હીંચકાને ગતિ આપી રહ્યો છું. ત્યાં જ નીચેથી કોઈ મારા નામની બૂમ પાડીને મને બારીએ બોલાવી રહ્યું છે.. હા, એ મનહર છે. મને તે કહી રહ્યો છે : 'આ શુક્રવારે અમે સાઈકલ પર આબુ જઈએ છીએ. આવવું છે ? ગમ્મત પડશે...' બોલો, શું કહેવું આ બેવકૂફને ! □

મૂળ લેખક • શરદિન્દુ વંદ્યોપાધ્યાય
અનુવાદક • રમણીક મેઘાણી

૭૫૦૦ વર્ષ પહેલાંની વાત

'કાલે રાતે ઈતિહાસની એક જૂની પોથી વાંચતાં વાંચતાં ઊંઘી ગયો હતો...' પ્રાધ્યાપક શાસ્ત્રી કહેતા હતા.

'ઈતિહાસ વાંચતાં ઊંઘ આવી જાય એ સ્વાભાવિક છે, મેં એવી કોઈ વ્યક્તિ જોઈ નથી જેને ઈતિહાસ વાંચતા ઊંઘ આવતી ન હોય.'

'ઊંઘમાં એક સ્વપ્ન જોયું. હું ત્રિકાળજ્ઞાની બની અવકાશમાં વિહરતો હતો. એક પછી એક યુગ મારી આંખ સામેથી પસાર થતો હતો, અને એમ છેલ્લાં આઠ હજાર વર્ષોનો ઈતિહાસ મારી નજર સામે તરવરી રહ્યો.'. પ્રાધ્યાપક શાસ્ત્રી કહે જતા હતા.'

'કાલે રાત્રે વાળુમાં શું જમ્યા હતા ?' મેં પૂછ્યું.

'યાદ નથી. તમારાં ભાભીને પૂછજો.'

ભાભીને પૂછ્યું તો જાણવા મળ્યું કે કાલે રાત્રે વાલ-વટાણાનું રસાદાર શાક અને ભાત જ બનાવ્યાં હતાં.

'સમજાઈ ગયું. અંગ્રેજીમાં જેને નાઈટ મેર 'દુસ્વપ્ન' કહે છે તેવું જ કંઈક તમે જોયું હશે. ઠીક ત્યારે, હવે હું જઈશ' કહેતાં ઊભો થયો.

'બેસો, બેસો, જવાય છે. ચા-પાણી લઈને જજો. ભલા, તમને ભૂગોળ તો યાદ છે ને ?' શાસ્ત્રીજીએ વાત આગળ ચલાવતા પૂછ્યું.

'ભૂગોળ ? ઈતિહાસ વાંચતાં સ્વપ્ન જોયું; હવે વળી એમાં ભૂગોળ આવી ? ભણ્યો તો હતો.' મેં કહ્યું.

'તો કલ્પના કરો. મનોમન એવા દેશની કલ્પના કરો કે બલુચિસ્તાનથી ઈરાનની દક્ષિણ સીમા સુધી પથરાયો છે એટલો વિસ્તાર કલ્પનામાં આવે છે ?'

'હું આંખો મીંચી મનમાં ને મનમાં એટલા વિસ્તારનો નકશો દોરવા મથ્યો. પૂર્વમાં સિન્ધુ નદી, પશ્ચિમમાં અરબી ઉપસાગરની શરૂઆત, દક્ષિણમાં ઘૂઘવતો મહાસાગર અને વચ્ચે નાનીમોટી ગિરિમાળાઓ અને રેતાળ રણભૂમિમાં પથરાયેલો અફાટ વિસ્તાર એવો પ્રદેશ.

'આઠ હજાર વર્ષ પૂર્વે સિન્ધુ નદી અસ્તિત્વમાં નહોતી. આજે જે પ્રદેશ પંજાબ તરીકે ઓળખાય છે ત્યાં ત્યારે હૂ ... હૂ ... કરતી રેતાળ રણભૂમિ હતી અને આજે કાશ્મીર તરીકે ઓળખાતો વિસ્તાર ત્યારે મીઠાં પાણીનું એક વિશાળ સરોવર હતું. હવે કલ્પના કરો. પૂર્વમાં મહામુશ્કેલીથી ઓળંગી શકાય તેવો રણપ્રદેશ, ઉત્તરમાં દુર્ભેદ્ય પહાડો, દક્ષિણમાં ઘૂઘવતો સમુદ્ર, એની વચ્ચે પાતળી પટ્ટી જેવો એક દેશ. એકેય તરફ બહાર જવાનો માર્ગ નહિ. આઠ હજાર વર્ષ પૂર્વે ત્યાં એક વસાહત હતી. ત્યાં એક જાતિ રહેતી હતી.

'બર્બર જાતિ. વાને પીંગળી, કદે ઠીંગણી. એની આંખની કીકી આસમાની હતી અને એના વાળ સોનેરી હતા. ભવિષ્યમાં એ જાતિ આર્ય તરીકે ઓળખાઈ. આ દેશ જ એમના પૂર્વજોની ભૂમિ. પહાડો અને મરુભોમની આસપાસ શ્યામ, ભૂખરા અને વિધવિધ વર્ણનાં લોકો વસતાં ખરાં, પરંતુ તેમની સાથે હળવા-ભળવાનો માર્ગ આ આર્ય પ્રજા માટે મોકળો ન હતો. એકદમ એકાકીપણે આ જાતિ લાંબા સમયથી ત્યાં વસતી હતી. એ નિરાધાર પરિસ્થિતિમાં જ એમની ભાષા અને સંસ્કૃતિ વિકસ્યાં હતાં.

'સુક્કો ભઠ્ઠ દેશ. ખેતી તેઓ જાણતા નહિ. ગાય-બળદ, બકરી-બકરાં પોષે, પણ ઘોડો કોને કહેવાય તેની એમને ખબર નહોતી. દેશની ઉગમણી સીમમાં બલુચિસ્તાનના પહાડોમાં એક જાતનું ઘાસ થતું, તેના બીનો ભૂકો કરીને તેઓ ખાતા. એ પહાડી ઘાસનાં બી, એ જ અત્યારના આપણા ઘઉંના વડવા. પણ તેથી એમનું પેટ ભરાતું નહિ. એ જાતિનો મુખ્ય ખોરાક હતો સમુદ્રમાંથી પકડેલાં માછલાં.

'નાનીનાની હોડીઓમાં સમુદ્રને કિનારે કિનારે ફરતા તેઓ માછલાં પકડતાં. એમના જીવનનો આધાર જ માછલાં હતાં. તેથી જ તેઓ એને દેવતા માનતા, એ જ એમનો અવતાર હતો.

'એમને એક રાજા હતો. મનુ એનું નામ. એ આદિકાળમાં દરેક જાતિને પોતાના કુળદેવતા રહેતા. એ જાતિના કુળદેવતા હતા સૂર્ય. મનુ અધિકારપૂર્વક કહેતો હતો કે સાક્ષાત બિમ્બવાન જ એમનો આદિ પુરુષ હતો.

'પેઢીઓથી સમુદ્રમાંથી માછલાં પકડવાની ટેવને કારણે એ જાતિ નૌ-વિદ્યામાં પારંગત બની હતી. મનુ પાસે કેટલીક મોટીમોટી નૌકાઓ હતી. તે એ નૌકાઓમાં ફરતો અને માછલાં પકડતો. એ ભારે બુદ્ધિશાળી હતો. સમુદ્રનાં પાણી અને પવનને જોઈ એ આવતી આફતનાં એંધાણ પારખી શકતો.

'એક દિવસ એ માછલાં પકડવા ગયો હતો ત્યાં એની જાળમાં એક અદ્દભુત માછલું સપડાયું. એને નાક પાસે એક શીંગડું હતું. વરસોથી એ માછલાં પકડતો હતો પણ આવું અદ્દભુત માછલું એણે ક્યારેય જોયું નહોતું. મનુને થયું કે એ માછલું નક્કી કોઈ અજાણ્યા સમુદ્રમાંથી આવ્યું લાગે છે. આમ વિચારતાં એણે ઉપર આકાશ તરફ જોયું. ત્યાં તો એણે આકાશ અને પવનમાં નજીક આવતી કોઈ મહાઆફતના ઓળા જોયા.

'તડામાર કરતોક એ કિનારે આવ્યો અને એણે સૌને ભેગા કરીને કહ્યું- એક પ્રચંડ પ્રલયપૂર ધસમસતું આ બાજુ આવી રહ્યું છે. પૃથ્વી તેમાં ડૂબી જશે. જો એમાંથી ઊગરવું હોય તો સૌ પોતપોતાની નૌકાઓમાં પહોંચી જાવ.

'એના આ સૂચનથી ઘણા પોતપોતાની નૌકામાં ચડી ગયાં. મનુએ પોતાનાં સ્ત્રી-બાળકો-સગાંવહાલાંઓ તેમજ ગાય-બકરાં વગેરેને પોતાની મોટીમોટી નૌકાઓ પર ચડાવ્યાં. જેમણે મનુનું કહેવું ન માન્યું તેઓ ધરતી ઉપર જ રહ્યાં.

'સંધ્યા સમયે સૂર્ય આથમતો હતો ત્યારે સમુદ્રમાં હૂ... હૂ... હૂ... કરતો એક પ્રચંડ નાદ સંભળાયો. દક્ષિણ-પશ્ચિમ તરફથી પહાડો જેવાં ઊંચાં ઊંચાં

મોજાં આવતાં હતાં, અને એને વા-વંટોળ અને વાવાઝોડું તથા તોફાને પણ સાથ દીધો. જોતજોતામાં બધું જ હતું નહતું થઈ ગયું.

'વળતી સવારે ચારેબાજુએ જળબંબાકારનું દૃશ્ય હતું. ધરતી ક્યાંય દેખાતી જ નહોતી. બધી નાની નૌકાઓ મોજાંઓના ઝપાટામાં આવી ડૂબી ગઈ હતી. માત્ર મનુની કેટલીક મોટી નૌકાઓ પ્રલય-પયોધિજળમાં વડનાં પાંદડાંની જેમ તણાતી હતી.'

'આવો રસાતાળ કેમ સર્જાયો ? આનું કારણ તમે જાણી શક્યા છો, શાસ્ત્રીજી ?' મેં પૂછ્યું.

'- હા. હું એ જાણી શક્યો છું, પણ તમે એ માની શકશો ?' શાસ્ત્રીજીએ મને સામું પૂછ્યું.

'- કહો તો ખરા. હું એ સમજવા-માનવા દિલથી પ્રયત્ન કરીશ.' મેં ઉત્તર આપ્યો.

'અરબી ઉપસાગર ત્યારે એક સરોવર જ હતો. ત્યારે એને સમુદ્ર સાથે કંઈ જ સંબંધ નહોતો. નકશો જોશો તો આ વિષે થોડુંક સમજી શકશો. એની ઉત્તરે બે મોટીમોટી નદીઓ છે, ટાઈગ્રીસ અને યુફ્રેટિસ. એ બન્ને ત્યારે આ સરોવરમાં સમાતી. પરિણામે સરોવરનાં પાણી છલકાઈને કાંઠો મૂકી આગળ વધવાં લાગ્યાં. અને પછી એક દિવસ પાણીના પૂરને કારણે સમુદ્ર બાજુનો બંધ તૂટી ગયો. સરોવર સમુદ્રમાં ભળી ગયું. ધુઘવાટા કરતું પાણી આગળ વધ્યું. કાંઠાનો પ્રદેશ ડૂબી ગયો. આ જ હતું પ્રચંડપૂરનું કારણ. પ્રલયપૂરની જે જૂની વાતો પુરાણોમાંથી સાંપડે છે તે બધાનું કેન્દ્ર અરબી ઉપસાગર છે. કારણ એ ઘટના મૂળ ત્યાંજ બની હતી !'

હું દિંગ થઈ ગયો. તર્ક કરવો નક્કામો હતો. સ્વપ્ન સામે તર્ક નિરર્થક હતો. મેં કહ્યું, 'સમજ્યો. તમારી વાત આગળ ચલાવો. હું ધ્યાનથી સાંભળું છું.'

'સાત દિવસ અને સાત રાત મનુની નૌકાઓ તણાતી રહી. એના રાજ્યને ઉત્તર સીમાડે જે પહાડ હતો તેનું નામ સુમેરુ. મનુની નૌકાઓ મોજાંઓની થપાટે એ તરફ તણાવા લાગી.

'સાત દિવસ પછી પાણી ઊતરવાં લાગ્યાં. પૂરનાં પાણી જેટલા વેગે આવે છે એટલા જ વેગે ઊતરી જાય છે. મનુ ત્યારે સુમેરુ પર્વત પાસે પહોંચી ગયો હતો. એના જ એક શિખર પર એમની નૌકાઓએ લંગર નાખ્યાં હતાં.

'ધીરેધીરે સમુદ્રનાં પાણી પાછાં સમુદ્રમાં સમાઈ ગયાં. ધરતી ફરી જાગી. દેશ હતો તેવો જ થઈ ગયો. પરંતુ માનવી બધા જ નાશ પામ્યા હતા. બચ્યાં હતાં માત્ર મનુ અને એમની મંડળીના થોડાંક સભ્યો અને થોડાંક ગાય-બકરાં. એમને લઈને મનુએ નવેસરથી જીવન શરૂ કર્યું.'

વાત આટલે પહોંચી ત્યાં અંદરથી ચા આવી. શાસ્ત્રીજીએ કપ મોંએ માંડતા મને પણ ઈશારાથી ચા પીવા સૂચવ્યું.

'તમારું સ્વપ્ન અહીં જ પૂરું થઈ ગયું, શાસ્ત્રીજી ?' મેં એમને પૂછ્યું.

'અરે રામ. હજુ તો ઘણું બાકી છે. પણ તમે ઉતાવળા થયા છો તો હવે ટૂંકે પતાવીશ. મનુ પછી લગભગ બીજાં પાંચસો વર્ષ વીતી ગયાં. મનુ અવસાન પામ્યો પણ એનાં વંશજો ઘણાં ઘણાં વધી ગયાં હતાં.'

'તમે પાંચસો વર્ષ વીતી ગયાં તેમ કહો છો તો તો આ વાત સાત હજાર વર્ષ પહેલાંની થઈને ?' મેં પૂછ્યું.

'- હા. લગભગ એટલાં જ. ત્યારે આકાશમાં ધ્રુવનો તારો નહોતો. ધ્રુવનો તારો તો એ પછી બે હજાર વર્ષે દેખાયો. પણ એ જુદો ધ્રુવતારો. જ્યોતિષમાં એનું નામ 'આલ્ફા ડ્રેકોન્સ' (alpha dracons) છે. વેદમાં એનો ઉલ્લેખ છે. આજે આપણે જેને ધ્રુવતારો કહીએ છીએ તે તારો બીજો જ છે.'

'ભોગ લાગ્યા ! ધ્રુવતારા વળી કેટલા છે ?' મારાથી પુછાઈ ગયું.

'અનેક, પણ જ્યોતિષના ગૂંચવાડામાં તમે નહિ સમજો. પેલા પ્રલયપૂર પછી દેશની હવા થોડો વખત બદલાઈ હતી. ધરતી ઉપર કાંપ પડ્યો હતો. બહાર સાથેના સંપર્કે બેએક નવા માર્ગો પણ મોકળા થયા હતા.

'એ પ્રલય પછી આર્યોના દેવતા થયા વરુણ-એ જળદેવતા હતા. એનામાં મારવા-ઉગારવાની બન્ને શક્તિ હતી. એટલે એને સંતોષવાની જરૂર સૌપહેલી હતી. આ વરુણદેવને કેન્દ્રમાં રાખીને આર્યોના આદિ દેવોનું મંડળ રચાયું છે. આર્યોની ભાષા ત્યારે આકાર લેતી હતી, ત્યારે તેઓ લખતા નહોતા શીખ્યા. બધું જ કર્ણોપકર્ણ સાંભળેલું - શ્રુતિ ઉપર જ આધારિત હતું.

'આર્યો સંખ્યાબળમાં ઠીક ઠીક આગળ વધી ગયા હતા. તેઓમાં તંત્ર-મંત્ર, મારણ-વશીકરણ વગેરે દૈવી ક્રિયા-કર્મનો ત્યારે ઉદ્‌ભવ થયો. તેઓ ભૂવા થઈને ભૂતને ભગાડતા, ગારુડી બની સાપનું ઝેર ઉતારતા. એ હતો અથર્વ વેદનો પ્રથમ યુગ. અથર્વવેદ એના નામની જેમ કામમાં પણ અથર્વ-સહુથી પ્રાચીન યુગ હતો. આર્યોની પ્રાચીનમાં પ્રાચીન શ્રુતિઓ અથર્વવેદમાં સંગ્રહાયેલી છે.

'બહાર જવાનો માર્ગ મોકળો થતાં થોડા ઉત્સાહી માણસોએ બહાર નીકળવાની શરૂઆત કરી. મોટા ભાગનાં લોકો ઉત્તર તરફ જતાં, કારણ ઉગમણી બાજુ પંજાબનો રણપ્રદેશ ત્યારે પણ સો જોજન વિસ્તારમાં પથરાયેલો હતો જેને ઓળંગવો એ દુસાધ્ય કામ હતું. આખરે માંડમાંડ બહારની દુનિયા સાથેનો થોડોક સંપર્ક શરૂ થયો. સુમેરુ ગિરિમાળાની પેલે પાર વસતી કાળી આંખો અને કાળા વાળવાળી માનવજાતિ સાથે એમનો પરિચય થયો. એ રીતે કેટલીક શતાબ્દીઓ વીતી. દરમિયાન આર્યો ખેતીવાડીમાં નિપુણ બની ગયા. જંગલી ઘઉંનાં બીનું વાવેતર કરી એનો પાક લેવાની એમણે શરૂઆત કરી હતી. છતાં ત્યારે એમની વસ્તી પ્રમાણમાં ઘણી વધી ગઈ હોઈને એમને ખોરાકની અછત વરતાતી હતી. માછલી અને ઘઉં પૂરતા પ્રમાણમાં મળતાં નહોતાં.

'પરંતુ વંશ-પરંપરાના મત્સ્યાહારને પરિણામે આર્યોની બુદ્ધિ બહુ જ તીવ્ર બનતી હતી. ખોરાકની શોધમાં એમનાં ટોળેટોળાં પરદેશને પંથે પળવાં લાગ્યાં. પરદેશ જવા માટે ત્યારે બે જ માર્ગ હતા. એક, દરિયાવાટ અને બીજો ઓતરાદી દુનિયામાં જવાનો પગપાળો રસ્તો. એમનામાંના મત્સ્યજીવીઓ

નાનીમોટી નૌકાઓ લઈ દરિયામાર્ગે નીકળી પડ્યા. તેઓ જ પછી 'પાણી' અથવા ફિનિશિયન તરીકે ઓળખાવા લાગ્યા. તેમણે દક્ષિણમાં લંકા અને ઉત્તરમાં ઈંગ્લન્ડ સુધી પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.

'બીજાઓ સુમેરુની ગિરિમાળાઓ ઓળંગી પગપાળા તેની પેલી પાર ચાલ્યા. ત્યારે આર્યોનો ઓતરાદો પ્રવાસ શરૂ થયો. આગળ વધતાં વધતાં તેઓ પ્રશિયા, ગ્રીસ, રશિયા પાર કરી છેક સ્કેન્ડીનેવિઆ સુધી પહોંચી ગયા હતાં.'

'આ તમારા સ્વપ્નની વાત છે કે ઈતિહાસની ?' હું શાસ્ત્રીજીને પૂછી બેઠો. મારાથી ન રહેવાયું.

'ઈતિહાસમાં આ વાતની નોંધ નથી. મેં સ્વપ્નમાં જોયું છે એની જ વાત કરું છું. પરંતુ સાહેબોએ લખેલો ઈતિહાસ જ સાચો અને મેં સ્વપ્નમાં જોયું એ ખોટું જ એની કોઈ સાબિતી છે ? તમે ખરી માનો છો એવી ઘણી વાતો ઈતિહાસને ચોપડે ચડાવાઈ નથી એ પણ એક હકીકત છે ને ?' શાસ્ત્રીજીએ મને પૂછ્યું.

એમને છેડવામાં લાભ નથી એમ લાગતા મેં કહ્યું, 'પછી શું થયું એ કહો.'

'હવે આવે છે મારા એ સ્વપ્નની ક્લાઈમેક્સ અર્થાત પરાકાષ્ટા.' શાસ્ત્રીજી બોલ્યા.

'ખેર, હવે તમારા સ્વપ્નનો અંત નજીક આવે છે એમને ? પરંતુ એ આર્યો અહીં ભારતવર્ષમાં તો ન આવ્યા ?' મેં કહ્યું.

'આવે છે, હવે આવે છે એ જ વાત. અને ત્યાં જ ક્લાઈમેક્સ છે.' આટલું બોલી શાસ્ત્રીજીએ વાત આગળ વધારી. 'ઉત્તર બાજુ ગયેલાંઓમાંથી મોટા ભાગનાં લોકો પાછાં ન ફર્યાં. થોડાંક ગણ્યાંગાંઠ્યાં લોકો આ બાજુ પાછા ફર્યાં. એમાનો એક ઈન્દ્ર હતો.

'ઈન્દ્ર પ્રારંભમાં માનવી જ હતો. સાધારણ માનવી. એક યોદ્ધો માત્ર. પરંતુ એની બુદ્ધિ અસાધારણ હતી. એનું સાહસ દુર્દમ્ય હતું. યુગે યુગે જેઓ માનવજાતિને પ્રગતિને પંથે આગળ દોરી ગયા છે તેવા મહાન માનવીઓમાંનો એ એક હતો. એને યુગાવતાર કે યુગપુરુષ કહી શકાય. એ પોતાનું જૂથ લઈ ઓતરાદી દિશા બાજુ ગયો હતો. ઘણાં ઘણાં વર્ષો પછી જ્યારે એ પાછો ફર્યો ત્યારે તેની સાથે થોડા ઘોડાઓ પણ હતા. દેશવાસીઓએ એ પહેલાં ક્યારેય ઘોડા જેવું પ્રાણી જોયું નહોતું. ઘોડાઓ જોઈ તેઓ દિંગ થઈ ગયા. ઉચ્ચૈશ્રવાનું નામ કદાચ એમણે સાંભળ્યું હતું. દેવતાઓમાં માત્ર એક ઈન્દ્ર પાસે જ અશ્વ હતો. બીજા કોઈની પાસે અશ્વ અર્થાત્ ઘોડો ન હતો.

'અશ્વો સાથે ઈન્દ્ર આ દેશમાં પાછો ફર્યો. પરંતુ વધુ સમય એ નિરાંતે બેસી રહી ન શક્યો. નિરાંતે જંપીને બેસે તેવો એનો જીવ જ નહોતો. એ વળી પાછો પોતાનું જૂથ લઈને નીકળી પડ્યો. આ વખતે એ ઉગમણી બાજુ જતો હતો. ઉગમણી દિશામાં કેટલે દૂર સુધી જઈ શકાય છે એ એણે જાણવું જોઈએ તેમ એ માનતો હતો. એણે મનોમન વિચાર્યું હતું : અફાટ રણભૂમિને પેલે પાર શું છે ? ત્યાં ન જઈ શકાય ? એને પ્રશ્ન થતા હતા.

'અને એનું ઘોડેસ્વાર દળ પૂર્વ બાજુ ચાલ્યું. બલુચિસ્તાનના પૂર્વ સીમાડેથી રણભૂમિ શરૂ થતી હતી. ઈન્દ્ર વારંવાર એને ઓળંગવા મથ્યો, પરંતુ એમાં ફાવ્યો નહિ. એ જાણે રણ નહોતું, ભડભડતો દાવાનળ હતો. નિષ્ફળ થઈને ઈન્દ્ર એને કિનારે કિનારે થતો ઉત્તર તરફ ચાલ્યો. કદાચ એ તરફથી પેલી પાર જવાનો માર્ગ મળી આવે.

'અતિશય ભયંકર અને વિકટ હતો એ માર્ગ. એ પંથે પાણીનો અત્યંત ત્રાસ હતો છતાં ઈન્દ્ર હિંમત ન હાર્યો. મહિનાઓ પછી મહિનાઓ વીતી ગયા. વર્ષ વીતી ગયું. ઈન્દ્ર પહાડો અને રણભૂમિની સીમારેખા જોતો જોતો આગળ વધતો હતો. એની પાસે અશ્વો હતા તેથી જ તે આગળ વધી શક્યો હતો. ત્યાં પગપાળા આગળ વધવાનું સંભવિત જ નહોતું.

'માર્ગ ભલેને ગમે તેવો દુર્ગમ હોય. ક્યાંક તો એનો છેડો હશે જ, એમ વિચારતો વિચારતો આગળ વધતો ઈન્દ્ર એક દિવસ કાશ્મીર બાજુ જઈ પહોંચ્યો. કાશ્મીર ત્યારે ધરતી પરનું સ્વર્ગ નહોતું. એક વિશાળ સરોવર જ હતું. એને સર્પાકારે કૂંડાળું લઈને-ઘેરીને ઊભી હતી શ્યામ પહાડોની પરંપરા. ઈન્દ્રે ખોબો ભરીને એ સરોવરનું પાણી પીધું. એને એ બહુ મીઠું લાગ્યું. એ સરોવર તરફ જોતાં જોતાં એનાં મગજમાં એક જબ્બર વિચાર આવ્યો. આજે અત્યારના આ આધુનિક યુગમાં પણ કોઈ અમેરિકા કે રશિયન ઈજનેરના ભેજામાં એવો દુ:સાહસિક વિચાર નથી સ્ફુર્યો. ઈન્દ્રે વિચાર્યું : આ સિન્ધુને, આ સાગરને જો કોઈ પણ રીતે પર્વતરૂપી આ વૃત્રાસૂરના નાગપાશમાંથી છોડાવી શકું તો એનાં પાણી નીચાણમાં જઈ મરુભૂમિને પલાળશે અને અત્યારે જે વાંઝણી રણભૂમિ જ છે તે જલસિંચન થતાં હરિયાળી ધરતીનું નવું સ્વરૂપ પામશે. રણમાં માર્ગ થશે.

'ઈન્દ્ર માત્ર કલ્પનાશીલ જ નહોતો. એ કર્મવીર હતો. પોતાની કલ્પનાને આકાર આપવા એ દિલથી કામે લાગી ગયો. બેશક એ કામ સહેલું નહોતું. ઘણો સમય લાગ્યો. સરોવરને કિનારે કિનારે શોધખોળ કરતાં એ એવાં સ્થળની ભાળ મેળવી શક્યો જ્યાં પહાડોનું બંધન બહુ આકરું નહોતું. થોડી મોટીમોટી શિલાઓ ખસેડતાં જ પાણીને જવાનો માર્ગ મોકળો થતો હતો, અને એક વાર માર્ગ મળ્યા પછી તો પાણી આપમેળે જ પોતાના માર્ગને વધુ મોકળો કરી લે છે. પછી એને કોણ રોકી શકે છે ?

'ઈન્દ્રે શિલાઓ ખસેડવાનો પ્રયત્ન કર્યો. માનવીના બાહુબળથી એ શિલાઓ ખસેડવાનું શક્ય નહોતું અને ત્યારે ઈન્દ્રે એ માટે ઘોડાઓનો ઉપયોગ કર્યો. ચામડાનાં દોરડાઓ વડે એ વિરાટ શિલાઓને બાંધી ઘોડાઓ દ્વારા એને ખસેડવાનો પ્રયોગ કર્યો. શરૂઆતમાં તો શિલાઓએ જરાય મચક ન આપી, પણ એકસામટા અનેક ઘોડાઓ એ દોરડાં ખેંચવા લાગ્યા અને ઘણી ખેંચાખેંચ પછી શિલાઓ ઊથલવા માંડી.

'અને એની સાથોસાથ પ્રચંડ વેગે ધસમસતું પાણી વહેવા લાગ્યું, જેટલો વેગ ઈન્દ્રની કલ્પનામાં પણ નહોતો. જરીક જેટલો માર્ગ મળતાં પાણી જાણે પાગલ થઈ ઘુઘવાટા કરતું છૂટ્યું. બીજા અશ્વો પોતાને એમાંથી ઉગારી શક્યા, પરંતુ ઈન્દ્રનો ખાસ અશ્વ આ દુર્વાર વહેણના આકરા આઘાતે ભાંગી પડ્યો - વહેણમાં તણાઈ ગયો. એ ઘોડાનું નામ હતું દધિચી.'

આટલું બોલી શાસ્ત્રીજી ચૂપ થઈ ગયા. થોડી વાર રાહ જોયા પછી મેં પૂછ્યું : 'અને પછી ?'

'બસ. ત્યાં જ મારું સ્વપ્ન પૂરું થાય છે. પરંતુ એમાં મારું પોતાનું થોડુંક ઉમેરી શકું. સિન્ધુને પ્રવાહિત કરવાને પરિણામે જેમ પંજાબથી સિંધ સુધીનો વિસ્તાર સજીવન થઈ ફળદ્રુપ થઈ ઊઠ્યો તો બીજી બાજુ કાશ્મીર સપાટી ઉપરથી ઊંચે ગયું. ભારતવર્ષની પશ્ચિમે જે ઓળંગી ન શકાય તેવો કુદરતી કોટ હતો તે ભાંગી પડ્યો. ભૂમાર્ગે બહારની દુનિયા સાથેનો સંબંધ સ્થપાયો. આ પરિસ્થિતિનો સર્જક ઇન્દ્ર જ હતો. એ કારણે જ ઇન્દ્ર દેવતાઓમાં સૌથી મહાન ગણાય છે.'

મેં કહ્યું : 'એક વાત. તમારે હિસાબે આ બધું આજથી સાત હજાર વર્ષો પૂર્વે બન્યું હતું, તો ઇન્દ્ર શું એટલો બધો પ્રાચીન દેવતા છે ?'

'માનવી ઇન્દ્ર સાત હજાર વર્ષ જૂનો છે એ ખરું, પરંતુ દેવત્વ પામતા એને બીજા બે હજાર વર્ષ લાગ્યાં હતાં. આજે માનવી માટે દેવત્વ મેળવવું જેટલું સહેલું છે તેટલું સહેલું ત્યારે નહોતું. સિન્ધુ નદી અને બીજી અનેક નદીઓએ પંજાબને લીલોછમ કર્યા પછી આર્યોમાંથી ઘણાંએ ત્યાં આવીને સપ્તસિન્ધુને તીરે પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં. નવા દેશની જાગ્રત આબોહવામાં આર્યોની એક નવી સંસ્કૃતિનું સર્જન થયું. પંજાબના એ નૂતન આર્યોએ જ વ્રુણને બદલે ઇન્દ્રને અગ્રસ્થાન આપ્યું. ત્યારથી ઇન્દ્રપૂજા શરૂ થઈ. જ્યાં મરુભૂમિને ઇન્દ્રે હરિયાળી વસુંધરામાં ફેરવી નાખી હતી.

'એ પ્રદેશ ઇન્દ્રના દેશ તરીકે ઓળખાયો. એ સિવાયનો બીજો પ્રદેશ વ્રુણને દેવ માનતો હતો. ઇન્દ્રના દેશમાં રહેનારા ઇન્દ્ર કહેવાયા. કાળક્રમે એનો અપભ્રંશ થયો હિન્દુ. હવે તેઓ હિન્દુ તરીકે ઓળખાય છે. આપણે હિન્દુ અર્થાત્ ઇન્દ્રપૂજક છીએ.'

'- પછી ?'

'પછી ઈતિહાસ વાંચો. સૂર્યવંશમાં સગર નામે એક રાજા થઈ ગયો. તે તમે ઈતિહાસમાં ભણ્યા જ હશો. એ ભારતવાસી નહોતો. સુમેરુ દેશનો રાજા પહેલો સારગણ. ઈશુ પહેલાનાં ત્રણ હજાર વર્ષ પૂર્વેની વાત છે. આર્યોએ ત્યારે સુમેરુ પર્વતની ઉત્તરે અનેક રાજ્યો સ્થાપ્યાં હતાં, ભારતમાં પણ ઉગમણી બાજુ દૂરસુદૂર એમના અનેક સંસ્થાનો પથરાયેલાં હતાં. એ સારગણ ઉર્ફે સગર-રાજાના એક કુમારે કોઈ કારણસર પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી સાઠ હજારની પ્રજા સાથે ભારત તરફ કૂચ કરી હતી અને આખરે અયોધ્યામાં એમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું.

'ત્યારથી સૂર્યવંશીઓની એક શાખા અહીં ભારતમાં છે. રામચંદ્ર સગરરાજાની નવમી પેઢીએ થયા. એમનો જન્મ ભારતમાં જ થયો હતો, એ તો હજુ હમણાંની જ વાત છે.'

શાસ્ત્રીજી કદાચ આ પછી પણ વાત થોડી આગળ વધારત, પણ એ જ વખતે એમનાં પત્નીએ આવીને કહ્યું, 'આજે રવિવાર છે એટલે નહાવા, ખાવા-પીવાની યે રજા પાળવી છે કે શું ? હવે પહેલાં નહાવાનું પતાવો !'

શાસ્ત્રીજી નહાવા માટે ઊભા થયા. મેં એમની પત્નીને કહ્યું - 'ભાભી, મારા ભાઈને હવેથી રાત્રે વાલ-વટાણાનું રસાદાર શાક ન આપશો. બની શકે તો રાત્રે સૂતી વેળા ત્રિફળા આપતાં રહેજો, જેથી એમનું પેટ ઠંડું રહે.' □

અનુસંધાન) માધુકરી (પૃ. ૨૭૧ પરથી

નોબોકોવની 'લોલિતા'ની પહેલી આવૃત્તિ પેરિસના ઓલેમ્પિયા પ્રેસે છાપી હતી. આજે 'લોલિતા'ની પહેલી આવૃત્તિની એક નકલની કિંમત રૂપિયા ૧૮૦૦ છે.

પ્રસિદ્ધ નાટ્યકાર સેમ્યુઅલ બેકેટ આજે એક મહાન સાહિત્યકાર તરીકે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. તેમને 'વેઈટિંગ ફૉર ગોદો' માટે 'નોબેલ પ્રાઈઝ' પણ મળ્યું છે. પણ તેમની નવલકથા 'મર્ફી' સન ૧૯૩૮માં પ્રકટ થઈ ત્યારે દસ રૂપિયામાંય તેની પહેલી નકલને હાથ લગાડવા કોઈ તૈયાર નહોતું. આજે 'મર્ફી'ની પહેલી આવૃત્તિની એક નકલની કિંમત બજારમાં એક હજાર રૂપિયા છે !

વિવિધ દેશોના ચલણ સામે રૂપિયાનું મૂલ્ય ૭-૪-'૯૨ પ્રમાણે

દેશ	ચલણ	એકમ	રૂપિયાનો વેચાણ ભાવ	રૂપિયાનો ખરીદ ભાવ
ઑસ્ટ્રેલિયા	ડૉલર	૧	૨૪.૦૩૧૫	૨૩.૪૮૦૦
ઑસ્ટ્રીઆ	શિલિંગ	૧૦૦	૨૭૫.૩૩૯૩	૨૬૮.૩૬૧૮
બેહરીન	દિનાર	૧	૮૩.૨૫૭૪	૮૦.૪૪૨૪
બાંગ્લાદેશ	ટાકા	૧૦૦	૮૩.૨૫૭૪	૮૧.૧૮૫૩
કેનેડા	ડૉલર	૧	૫.૨૧૩૦	૫.૦૯૪૨
ઈજિપ્ત	પાઉન્ડ	૧	૯.૮૦૪૧	૯.૨૪૦૦
ફ્રાંસ	ફ્રાંક	૧	૫.૭૧૪૩	૫.૫૮૬૬
જર્મની	ડ્યૂશમાર્ક	૧	૧૯.૩૭૯૮	૧૮.૯૩૯૪
હૉંગકૉંગ	ડૉલર	૧	૪.૦૬૭૫	૩.૯૭૬૩
ઇન્ડોનેશિયા	રૂપિયા	૧૦૦	૧.૫૬૨૬	૧.૫૨૬૩
ઇટાલી	લીરા	૧૦૦	૨.૫૬૪૯	૨.૫૦૫૬
જાપાન	યેન	૧૦૦	૨૩.૬૯૬૭	૨૩.૧૪૮૧
કિન્યા	શિલિંગ	૧	૧.૦૫૦૮	૧.૦૨૫૬
મલયેશિયા	ડૉલર	૧	૧૨.૨૫૨૮	૧૧.૯૭૦૧
મોરીશીઅસ	રૂપિયો	૧	૧.૯૯૬૯	૧.૯૪૦૧
નેપાલ	રૂપિયો	૧	૦.૬૦૭૦	૦.૫૦૫૯
નેધરલેન્ડ્સ	ગિલ્ડર	૧	૧૭.૧૯૭૪	૧૮.૮૦૪૬
પાકિસ્તાન	રૂપિયો	૧	૧.૨૬૬૪	૧.૨૩૩૨
સિંગાપોર	ડૉલર	૧	૧૯.૦૫૩૯	૧૮.૬૧૭૬
સ્પેઈન	પેસ્તા	૧	૦.૩૦૪૪	૦.૨૯૭૩
શ્રીલંકા	રૂપિયો	૧	૦.૭૩૪૮	૦.૭૧૬૭
સ્વીડન	ક્રોનર	૧	૫.૩૨૮૮	૫.૨૦૭૩
સ્વિટ્ઝર્લૅન્ડ	ફ્રાંક	૧	૨૧.૦૬૫૧	૨૦.૫૮૧૪
ટાન્ઝાનિયા	શિલિંગ	૧	૦.૧૦૯૩	૦.૧૦૩૩
થાઈલેન્ડ	બાહ્ટ	૧૦૦	૧૨૩.૨૨૩૬	૧૨૦.૦૦૪૮
યુ.કે.	પાઉન્ડ	૧	૫૪.૯૩૦૦	૫૩.૬૭૬૯
યુ.એસ.એ.	ડૉલર	૧	૩૧.૪૭૧૩	૩૦.૭૬૯૨
યુનાઈટેડ આરબ અમીરાત	દિરહમ	૧	૮.૫૭૧૮	૮.૩૭૬૦

ઊર્જા અને આપણે

પ્રહ્‌લાદ છ. પટેલ

જળ, જમીન અને જંગલો ઊર્જાનાં ઉદ્ભવસ્થાનો છે. સમગ્ર જીવસૃષ્ટિ તેમના ઉપર ટકેલી છે. ધરતી પાર્થિવ પ્રાણીઓ અને પૌધાઓનું નિવાસસ્થાન છે. માણસ અને પ્રાણીઓની પ્રવૃત્તિઓનો ભાર સહન કરવાની પૃથ્વીની તાકાત તેની જૈવિક ઉત્પાદકતા અને ખેતીલાયક પ્રદેશ ઉપર નિર્ભર છે. ઊર્જાનું ઉત્પાદન અને વપરાશ વસ્તીવધારા સાથે સીધેસીધી સંકળાયેલ ઘટના છે. આ ઘટના એકવીસમી સદીમાં પ્રલયકારી પરિણામો ભણી દોરી જશે. એક બાજુ ઊર્જા એ જીવન છે તો બીજી બાજુએ તેના ઉત્પાદન અને વપરાશની રીતિ આફતરૂપ છે. ઊર્જાપ્રાપ્તિ માટે આજે ભારતમાં દર પાંચ મિનિટે આશરે એક હેક્ટરે જંગલો કપાય છે. વિનાવિચાર્યે જંગલો આછાંપાતળાં થતાં જાય છે, જેને લીધે જમીનની ગુણવત્તા ઝડપથી ઘટતી જાય છે. આજે ભારતમાં માથાદીઠ ૦.૪ હેક્ટર જમીન મળે છે. જે રીતે વસ્તીવધારો થઈ રહ્યો છે તે રીતે આ સદીના અંતે માથાદીઠ મળતી જમીન આશરે ૦.૩ હેક્ટર થશે. આ હિસાબે ધરતી ઉપર વધતા જતા ભારણનો ખ્યાલ આવી શકશે.

ધરતીનું ઉપલું સ્તર જીવસૃષ્ટિ માટે અતિ મહત્ત્વનું છે. આ સ્તર ખેતી અને બાગાયતને લાયક છે. આ સ્તર અનાજ અને ઘાસ પકવે છે તથા પાણીનો સંગ્રહ કરે છે. આ સ્તર રેતી, માટી, કાંપ, હવા અને ભેજથી મિશ્રિત છે. તેમાં સેન્દ્રિય અને ખનિજ પોષક પદાર્થો પુષ્કળ પ્રમાણમાં પડેલા છે. આવી જમીન વિશેષ ફળદ્રુપ હોય છે, જે પાણી અને ઑક્સિજનનો સારા એવા પ્રમાણમાં સંઘરો કરે છે.

ખનિજો ઊર્જાનો મહત્ત્વનો સ્રોત છે, કારણ કે તે આપણા ઉદ્યોગોની કરોડરજ્જૂ છે. ઊર્જા માટે કોલસો અને ખનિજતેલ અનિવાર્ય છે. હવે તો યુરેનિયમ પણ ઊર્જાનો મહત્ત્વનો સ્રોત બનતો જાય છે. ઊર્જાની માગને પહોંચી વળવા પેટ્રોલ અને કોલસાનો પુરવઠો ઝડપથી ખલાસ થતો જાય છે. અન્ય ખનિજોની બાબતે પણ એવું છે. લોખંડ, એલ્યુમિનિયમ અને કોલસાની બાબતે ભારત સ્વનિર્ભર છે, પણ ખાતરો માટે જરૂરી ફૉસ્ફેટ્સ, ક્રૂડ, તાંબુ, જસત, અને સીસા જેવી ધાતુઓ સારુ ભારતે પરદેશો ઉપર આધાર રાખવો પડે તેમ છે. બિહાર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, બંગાળ, રાજસ્થાન અને ગુજરાત સારા એવા પ્રમાણમાં ખનિજો ધરાવે છે. ભારતમાં પેટ્રોલનાં નવાં નવાં ક્ષેત્રો મળી આવ્યાં છે. કૃત્રિમ ગ્રહોની મદદથી પેટ્રોલના ભૂતળ પ્રવાહોને જોઈ શકતો આ ઊર્જાસ્રોત આજે વધુ પ્રમાણમાં સુલભ થયો છે.

ઊર્જાના કેટલાક સ્રોતની પ્રાકૃતિક ગુણાંકમાં સમય સાથે પુનઃ રચના થતી રહે છે. આવી ઊર્જાને પુનઃપ્રાપ્ય (renewable) ઊર્જા કહે છે. આ પ્રકારની ઊર્જાનો સ્રોત અખૂટ હોય છે. જેમકે જંગલો, ઘાસનાં બીડ, વન્ય જીવન, જળજીવન વગેરે ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોત છે. પાણી પણ તેવો જ સ્રોત છે. ઊર્જાના બીજા કેટલાક સ્રોત એવા છે જેમના એક વખત વપરાઈ ગયા બાદ, પુનઃ ઉત્પાદન શક્ય નથી અને થાય તો લાખો-કરોડો વર્ષો પછી. આવી ઊર્જાને બિનપુનઃપ્રાપ્ય ઊર્જા કહે છે, જેમ કે જે ખનિજોનો આપણે આજે ઉપયોગ કરીએ છીએ તેમને તેમના વર્તમાન સ્વરૂપે તૈયાર થતાં કરોડો વર્ષ વીત્યાં છે. પેટ્રોલ બાળી નાખ્યા પછી તેને પાછું મેળવી શકાતું નથી. તેથી ઊલટું એક વૃક્ષ કાપી નાખ્યા પછી તે જગાએ થોડાક સમયમાં બીજું વૃક્ષ તૈયાર કરી શકાય છે.

પાણી એ ઊર્જાનો વ્યાપક રીતે પુનઃપ્રાપ્ય સ્રોત છે. પાણીને જીવનનો પર્યાય ગણી શકાય. પાણીનો જથ્થો વિપુલ છે પણ ઉપયોગી પાણીનો જથ્થો અત્યંત મર્યાદિત છે. પૃથ્વીની આશરે ૬૬ ટકા સપાટી પાણીથી છવાયેલી છે. પણ માત્ર ૨.૭ ટકા પાણી તાજું અને શુધ્ધ છે. ઝરણાં, નદીઓ, તળાવો ને બંધોનું પાણી ઘણું ઓછું છે. પૃથ્વીના પોટાળમાં ૪૨.૩ $\times$ ૧૦^{૧૦} ઘનમીટર પાણી ધરબાયેલું છે. આ પાણીનો જથ્થો બધે એકસરખી રીતે પથરાયેલો નથી. જેમકે તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ભૂતળ પાણીનો પુરવઠો ઓછો છે.

જંગલો પુનઃપ્રાપ્ય ઊર્જાનો બીજો સ્રોત છે. જંગલોનો ઉપયોગ જલાઉ લાકડાં, ઘાસ, રેષાઓ, ઈમારતી લાકડાં, ફળો, ઔષધો, શૃંગાર અને અન્ય બાબતે થાય છે. જંગલી પ્રાણીઓ અને પંખીઓનું તે નિવાસસ્થાન છે. જંગલો એટલે કે વ્યાપક રીતે વનસ્પતિનો મહત્ત્વનો ઉપયોગ કાર્બન ડાયોકસાઈડ શોષી લેવાનો અને ઑક્સિજન પૂરો પાડવાનો છે. જંગલો હવામાનની જાળવણી પણ કરે છે. ૧૯૮૨માં ભારતની ૧૪ ટકા ભૌગોલિક સપાટી જંગલોથી છવાયેલી હતી. તેમાં ૧૧ ટકા સપાટી ગીચ જંગલોથી અને ૩ ટકા સપાટી ઓછા ગીચ જંગલોથી ઘેરાયેલી હતી. જંગલોની અક્ષમ્ય કટાઈ અને નવાં વૃક્ષો વાવવાની શિથિલતાને કારણે આજે પર્યાવરણની સમતુલા જોખમાતી જાય છે. પર્વતીય વિસ્તારનાં જંગલો ઓછાં થતાં વરસાદનું પાણી ધમાકાબંધ ધસી આવે છે અને પૂરની સ્થિતિનું નિર્માણ કરે છે તથા જમીનનું ધોવાણ કરે છે. આથી પાકનું ઉત્પાદન ઘટે છે.

દરિયામાં ૪ થી ૫ હજાર મીટરની ઊંડાઈએ મૅંગેનીઝ ઑકસાઈડના ગાંગડાઓનો પત્તો લાગ્યો છે; તથા કોબાલ્ટ, તાંબુ, લોખંડ અને નિકલના સલ્ફાઈડ્સ પણ હાથ લાગ્યા છે. કાવેરી, ગોદાવરી અને મહાનદીના ડેલ્ટાપ્રદેશોમાં કુદરતી વાયુ અને તેલનો સારો એવો જથ્થો છે. કેરાલાની દરિયાકિનારાની રેતી અને ઓરિસ્સામાંથી ઝિર્કોન અને મોનોઝાઈટ જેવાં કીમતી ખનિજો મળી આવ્યાં છે. પરમાણુ-ઊર્જાના ઉત્પાદનમાં મોનોઝાઈટ કાચામાલ તરીકે વપરાય છે. કલાઈ, સોનું, પ્લેટિનમ જેવાં ખનિજો પણ દરિયાકિનારેથી મળી આવ્યાં છે.

કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે ઊર્જા ચાવીરૂપ છે. આજે વિકસિત અને વિકસતા દેશોમાં ઊર્જાના વપરાશની બાબતે ભારે વિષમતા પ્રવર્તે છે. ત્રીજી દુનિયાના વસ્તીવધારાએ ઊર્જા-ઉત્પાદનના પ્રશ્નને ભારે વિકટ બનાવ્યો છે. ઉદ્યોગપ્રધાન રાષ્ટ્રોએ ઊર્જાના ઉત્પાદન ને વપરાશની બાબતે પર્યાવરણનો ભંગ કરીને પ્રદૂષણના ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ઊર્જા પેદા કરવા માટે ભૂતકાળમાં જે કાંઈ જે રીતે કર્યું તે હવે ભવિષ્યમાં કરવાથી માનવજાતને ભારે પડશે.

જળવિદ્યુત ઊર્જા પોતે શુદ્ધ છે. પણ આ ઊર્જા જગતના અમુક જ ભાગોમાં મર્યાદિત રીતે પેદા કરી શકાય છે. આ સાથેસાથે કોલસા અને પેટ્રોલનો પુરવઠો મર્યાદિત છે. તેના વડે ઊર્જા પેદા કરવા જતાં પ્રદૂષણ વધે છે. અસ્મીય બળતણો (fossil fuels)થી ભયંકર આડપેદાશો મળે છે. પરિણામે એસિડનો વરસાદ થાય છે. સલ્ફરયુક્ત એસિડના વરસાદથી જંગલો ને વનસ્પતિ સાફ થતાં જાય છે. સ્વીડનમાં એસિડના વરસાદને કારણે કેટલાંક તળાવોમાં જીવસૃષ્ટિ નામશેષ થઈ ગઈ છે. આજની ઔદ્યોગિક સંસ્કૃતિના સમયમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વાતાવરણમાં બેહદ વધતું જાય છે. તેનાથી ભૂમંડળનું તાપમાન વધે છે અને પારિતંત્ર ઉપર વિપરીત અસર થાય છે. અત્યારે તો તેનો વિકલ્પ ન્યૂક્લિઅર ઊર્જા છે. ફ્રાંસમાં અર્ધોઅર્ધ વિદ્યુત ઊર્જા ન્યૂક્લિઅર સંશોધનો વડે પેદા કરવામાં આવે છે. ન્યૂક્લિઅર વિકિરણનાં જોખમો પણ ભારે છે. તેનાથી માણસના જિન-લક્ષણોમાં વિકૃતિ આવે છે. ન્યૂક્લિઅર, ઔદ્યોગિક, રાસાયણિક અને ઝેરી કૂડા-કચરાના નિકાલનો પ્રશ્ન બધાં રાષ્ટ્રોને મૂંઝવે છે. ન્યૂક્લિઅર કચરામાં રહેલા રેડિયો-એક્ટિવ પ્લૂટોનિયમ-૨૩૯ જીવધર (વાતાવરણ)માં બે લાખ વર્ષ સુધી રહે છે. વિકસિત દેશો આવો ન્યૂક્લિઅર કચરો અવિકસિત દેશોમાં ઠાલવે છે. અણુશસ્ત્રોના ઉપયોગથી જીવસૃષ્ટિએ અકલ્પ્ય પરિણામોનો સામનો કરવાનો રહેશે. આથી પરંપરાગત ઊર્જાની ઉત્પત્તિ સાથે સંકળાયેલાં દુષ્પરિણામો અને તેમના મર્યાદિત જથ્થાને કારણે ઊર્જાના અન્ય વિકલ્પોનો વિચાર કરવો અત્યંત અનિવાર્ય બને છે.

પવન, પાણી અને સૂર્યપ્રકાશ નિર્દોષ ઊર્જાના અવિરત અને અખૂટ સ્રોત છે. સૂર્યપ્રકાશથી મળતી ઊર્જાને સૌર ઊર્જા કહે છે. સૌર ઊર્જાનો વ્યાપ મર્યાદિત હોવાનાં કેટલાંક કારણો છે. બીજા વિશ્વયુદ્ધ પછી પેટ્રોલ સસ્તું મળતું થયું છે. અમેરિકા અને યુરોપના કેટલાક દેશોએ ન્યૂક્લિઅર ઊર્જાને વધુ મહત્ત્વ આપ્યું છે. સૌર ઊર્જા નિર્દોષ છે અને અશાંતિ ઊભી કરવાની ક્ષમતા ધરાવતી નથી. આથી સ્પર્ધાત્મક વિશ્વના નક્શા ઉપર તેનું મૂલ્ય સ્થાપિત થતું નથી. સૌર ઊર્જાનું જરૂરી ઊર્જામાં રૂપાંતર કરવા માટેનું કૌશલ્ય અને સાધનો પર્યાપ્ત નથી તથા સૌર ઊર્જા યુદ્ધક્ષેત્રે ઉપયોગી નથી, માટે તેની સતત અવગણના થતી આવી છે. ન્યૂક્લિઅર ઊર્જા રચનાત્મક તેમજ યુદ્ધાત્મક લક્ષણોને કારણે વધુ ઉપયોગી પુરવાર થઈ છે. સૌર ઊર્જામાં રહેલી સંહારશક્તિના અભાવને કારણે તેની અવહેલના થઈ છે.

સૌર ઊર્જા વિષેનું સંશોધન પ્રમાણમાં ઓછું ખર્ચાળ છે. નીચા તાપમાન માટે સૌર ઉષ્મા, સૌર-વિદ્યુત અને સૌર-રાસાયણિક વિકલ્પ વિકસાવવાનું પ્રમાણમાં સસ્તું છે.અવકાશ સંશોધન ન્યૂક્લિઅર સંલયન (fusion) તથા

લઘુકથા

મા

દુર્ગેશ ઓઝા

મોટા ભાઈને પોતાના ઘરમાં પ્રવેશતા જોઈને નાનો ભાઈ તરત જ બોલી ઊઠ્યો, 'કેમ આ વખતે મોડું કર્યું ? સમય મુજબ આવી જવું જોઈએ ને ? છ માસ તમારે ત્યાં અને છ માસ મારે ત્યાં આ માતુશ્રીને રાખવાનું નક્કી થયું છે. આ પંદર દિવસ તો માને મેં વધારે રાખ્યાં... મારી ફરજ પૂરી થઈ. તમારી ભાભી રોજ કકળાટ કરે છે.'

ને આ સાંભળતાં જ મોટા ભાઈએ કહ્યું,'આ માજીએ તો મને મુસીબતમાં મૂકી દીધો. મોડા આવવાનું બીજું કશું જ કારણ નહોતું. પરદેશથી મારા મિત્રો આવવાના છે ને આ માજી મારે ત્યાં હોય તો મારા સ્ટેટસનું શું ? જો ભાઈ, હમણાં તું જ માજીને રાખ. હું ખર્ચના વધારાના પૈસા તને આપી દઈશ.'

નાના ભાઈએ સાફ ના સુણાવી દીધી. બન્ને ભાઈઓ વચ્ચે દલીલબાજી ચાલુ થઈ અને માની વિરુદ્ધ ઘણું કહેવાયું. મોટા ભાઈ કહે, 'તો માજીને કંઈ કાઢી થોડા મુકાય ? લોકો શું કહે ?'

નાનો ભાઈ કહે,'મોટાભાઈ, આઈડિઆ ! આપણે માજીને ત્રણચાર માસની યાત્રાએ મોકલી દઈએ. એમને ય થાય કે જાત્રા કરાવી અને આપણે ય ... બરાબર ને ?'

નિર્ણય લેવાઈ ગયો. બારણાની આડશે બેઠેલી માએ બધું સાંભળ્યું. પુત્રો પ્રત્યેનો તેનો પ્રેમ હજુ ઘટ્યો હોય એમ લાગ્યું નહિ. બન્ને ભાઈઓ 'યાત્રા'નો પ્રસ્તાવ લઈ મા પાસે ગયા. પણ જોયું તો મા તો અનંતયાત્રાએ ચાલી નીકળી હતી ! □

પ્રબળ-ઊર્જાયુક્ત કણોના સંશોધનની જેમ સૌર ઊર્જા માટે ગંજાવર સંશોધન કેન્દ્રો ઊભાં કરવાની જરૂર નથી. સૌર ઊર્જાના અભ્યાસ માટે મધ્યમ કક્ષાની પ્રયોગશાળાઓ બસ છે. પણ અહીં ભેજાબાજ સંશોધકો અનિવાર્ય છે. આવા સંશોધકો માટે સાનુકૂળ માહોલ જરૂરી છે.

દર ચૌદ-પંદર વર્ષે ઊર્જાની માગ બમણી થાય છે. જે રાષ્ટ્ર વધુ ઊર્જા વાપરે છે તેનો ઔદ્યોગિક અને અન્ય વિકાસ વધુ થાય છે. જ્યારે પરંપરાગત ઊર્જાઓ મર્યાદિત અને દોષિત હોય ત્યારે સૌર ઊર્જા અનિવાર્યપણે આશાનું કિરણ બની રહે છે. અસ્મીય ઊર્જા દરઅસલ તો કરોડો વર્ષોથી કેદ પકડાયેલી સૌર ઊર્જા જ છે. વનસ્પતિ સૌર પ્રકાશ વડે પ્રકાશસંશ્લેષણ દ્વારા પોતાનો આહાર તૈયાર કરે છે. કરોડ વર્ષો પહેલાં દટાયેલાં જંગલોનું ભારે દબાણ અને તાપમાનને કારણે તેલ અને કોલસામાં રૂપાંતર થયું છે. તેથી તેલ અને કોલસો અસ્મીય ઈંધણ છે. વનસ્પતિ માટે સૌર ઊર્જા એક જ અને અનન્ય ઊર્જાનો સ્રોત છે.

આજે તો સૌર ઊર્જાથી ખોરાક રાંધી શકાય છે, પાણી ગરમ કરી શકાય છે, રેફ્રિજરેટર ચલાવી શકાય છે, મકાનોને ગરમ રાખી શકાય છે. ફોટોસેલની મદદથી વિદ્યુત પેદા કરી શકાય છે. સૌર વિદ્યુતથી વાહનો દોડવી શકાય છે. ઉપગ્રહની સૌર પેનલો વડે વિદ્યુત પેદા કરી ઉપગ્રહને જરૂરી વિદ્યુત પૂરી પાડવામાં આવે છે. રાજસ્થાન તથા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પ્રતિ ચોરસ મીટરે પ્રતિ કલાકે ૨૦૦ વોટ સૌર ઊર્જા આયાત થાય છે. સવાલ માત્ર સૌર ઊર્જાનો ઉપયોગી (જરૂરી) ઊર્જામાં યોગ્ય રૂપાંતર કરવાનો જ છે. □

તમે 'અમેરિકન' જાણો છો ? - ૩

પ્ર. કે. ઠાકર

પ્રકૃતિગત પરિવર્તનશીલતાને લીધે જીવંત ભાષાઓ સહજ રીતે બદલાતી રહેવાની. એ સંયોગોમાં, કોઈ ભાષાનું આગવું હીર કે કૌવત કસવું હોય તો એમ પૂછી શકાય કે સમયના વહેવા સાથે ઉદ્‌ભવતા આદર્શો, વિચારો, કલ્પનો, સંબંધો, અનુભૂતિઓ, ઈત્યાદિનાં નવનવાં સ્વરૂપો કે પાસાંઓને સાકાર કરવા માટે એ ભાષાની અંદર કેટલી સજજતા, સર્જનશીલતા કે તત્પરતા છે. આ દષ્ટિકોણથી અમેરિકાના અંગ્રેજીને તપાસીએ તો એ જાણે અભિવ્યક્તિની કોઈ અદ્‌ભુત પ્રયોગશાળા હોય તેવું લાગે છે. વપરાશના અનેકવિધ ક્ષેત્રોમાં એને જોતરનારા અમેરિકન લોકો સ્વભાવથી અથવા પ્રણાલિને લીધે પણ પ્રમાણમાં ખાસ્સાં સાહસી, ઉત્સાહી પ્રયોગશીલ અને ઉદ્યમી રહ્યાં છે. એમની આ પ્રકૃતિનું પ્રતિબિંબ એમની ભાષામાં ખાસ કરીને લોકબોલીના સ્તરે, નજરે ચડતા નવતર પ્રયોગોના પ્રાચુર્યમાં પડતું જણાય છે. એથી જ તો મેંકને એના મહાગ્રન્થમાં વર્તમાન સમયની અમેરિકન ભાષાનાં લક્ષણો નોંધવા માટે છ પ્રકરણો અને લગભગ ૫૦૦ પાનાં ફાળવ્યાં છે.

પ્રયોગશીલતાનો પ્રથમ પુરાવો અમેરિકનોની શબ્દો ટૂંકાવીને બોલવા-લખવાની ટેવમાં જોવા મળે. જૂજ ઉદાહરણો નોંધીએ તો, advertisementનું ad, automobileનું auto, co-educationalનું co-ed, confabulationનું confab, customerનું cuss, doctorનું doc, gasolineનું gas, gymnasiumનું gym, influenzaનું flu, medical-studentનું medic, pepperનું pep, photographનું photo, professorનું prof અને stenographerનું steno કરી નાખતાં અમેરિકનો અચકાયાં નથી. આ સંદર્ભમાં, આપણા કોલેજિયનો, ગુજરાતીમાં વાતચીત કરતાં કરતાં ય, 'સર્ટી' કે 'ઈન્ટ્રો'નો અથવા 'પૉપ' અને 'મોડ' સ્ટાઈલનો ઉલ્લેખ કરતાં હોય છે ત્યારે જાણ્યે-અજાણ્યે પણ તેઓ આ અમેરિકન રીતનું જ અનુસરણ કરતાં રહે છે. વળી, આપણે રેલયાત્રા માટે 'sleeper'નું 'reservation' કરાવવા જઈએ, ત્યારે આપણામાંના કેટલાંને ખબર હશે કે આપણે અંગ્રેજી નહિ પણ અમેરિકન ભાષા વાપરી રહ્યાં છીએ ? Sleeper એ પણ અમેરિકનોએ આપેલું sleeping carનું ટૂંકું રૂપ છે, અને reservation એ ઈંગ્લન્ડમાં વપરાતાં booking શબ્દનો અમેરિકન પર્યાય છે.

અમેરિકનોના ભાષાવ્યવહારમાં જોવા મળતી ઉપર્યુક્ત પ્રકારની નિર્બંધ અને બિન્ધાસ્ત પ્રયોગશીલતા ટ્રેન્ચ જેવા રૂઢિચુસ્ત અંગ્રેજને અકળાવે પણ ખરી. પોતાની ભાષા પોતાની રીતે જ વિકસાવવાના પોતાના હકના અમેરિકનોના દાવા વિશેના એના વિચારો આપણે અગાઉ જોઈ ગયા. એથી આગળ ટ્રેન્ચ જે વક્તવ્ય આપે છે તેમાં એનાં રોષ અને નારાજગી અછતાં નથી રહેતાં : 'તેને (એટલે કે, અમેરિકાને) એ પ્રમાણે (ભાષામાં મનગમતા ફેરફારો) કરવાનો પૂરો અધિકાર છે, પછી ભલે પરિણામે સુધારો થાય કે બગાડ. (અંગ્રેજી) ભાષા જેટલી આપણી તેટલી એ (અમેરિકા)ની પણ છે– તેમ છતાં આપણે હવે અમેરિકાથી આવતાં ઘણાં પુસ્તકો વાંચીને આનંદ તેમજ લાભ લઈએ છીએ તેથી, અને ત્યાં (એટલે, અમેરિકામાં) હજુ પણ વધારે ભવ્ય અને મૌલિક સાહિત્ય ખીલે તેની આતુરતાપૂર્વક રાહ જોઈએ છીએ ત્યારે, એ (અમેરિકનો)ના વિશે ન વિચારીએ તો પણ, આપણા પોતાના હિત ખાતર આપણે આશા રાખવી પડે કે અમેરિકા અને ઈંગ્લન્ડની ભાષાઓના શબ્દભંડોળો વચ્ચે જે તફાવત ભવિષ્યમાં ઊભો થવાનો છે એના કોઈ સારા નમૂના to donate, to placate,... (વગેરે) જેવા શબ્દો પૂરા પાડતા નથી.' (ટ્રેન્ચ. ૧૮૫૫ : ૬૫)

ટ્રેન્ચના હૈયા-ઉકળાટ છતાં એ નોંધવું ઘટે કે એણે અમેરિકનની પ્રયોગશીલતાના 'ખરાબ' નમૂના તરીકે જે ૨૦ શબ્દોની યાદી એ વખતે આપી છે તેમાંથી આ ૬ શબ્દો તો ઘણા સમયથી ખુદ ઈંગ્લન્ડના જ પ્રમાણિત અંગ્રેજીમાં સ્વીકૃત થઈ ગયા છે: to donate, to placate, to berate, to belittle, resurrected અને shortage. ટ્રેન્ચની યાદીમાં આપણને 'ગુજુભાઈ'ઓને ખાસ રસ પડે તેવો એક શબ્દ છે happify. અંગ્રેજીની વાત જવા દઈએ, પરંતુ પ્રમાણિત અમેરિકનમાં પણ આ પ્રાયોગિક શબ્દ સ્વીકારાયેલો નથી. તેમ છતાં, કોઈ સાધારણ નામને -fy પ્રત્યય લગાડીને એનું 'ખગીફાઈ' ને 'પીટીફાઈ' જેવું ક્રિયાપદ કરી નાખતાં આપણા જુવાનિયાઓને નથી સાંભળ્યા ? કમનસીબે એમની આ 'પરદેશી' ભાષા વિશેની સર્જનશીલતાને પોષે કે ટેકો આપે એવા વાતાવરણનો અહીં ગુજરાતમાં તદ્દન અભાવ છે. નહિતર કદાચ આજ સુધીમાં આપણે પણ આપણું પોતાનું અંગ્રેજી વિકસાવ્યું હોત ! ગુજરાતીઓ ક્યારેક ભૂલભૂલમાં બોલી જાય છે એવા અન્ય બે અપ્રમાણિત અમેરિકન ભાષાપ્રયોગો પણ મેંકને નોંધ્યા છે, તે આ રહ્યા : attacted અને drownded

મેંકને એનાં પુસ્તકોમાં આપણી સમક્ષ પાથરી આપેલા અમેરિકન નવતર ભાષાપ્રયોગોના વિસ્તૃત ખજાના પર એક ત્વરિત દષ્ટિ પસારીએ તો પણ એમાંથી નીચેના નમૂનાઓ નજરમાં આવી જાય છે :

(૧) મેંકન જેને 'ચિત્રાત્મક સમાસો' કહે છે તેવા શબ્દો :

bed-rock, canned-music, comeback, foot-wear, high-brow, hold-up, horse-sense, joy-ride, rabble-rouser, round-up અને sky-scraper.

(૨) નામો : boom, bunk, crook, cut, kick, publicity, stunt.

(૩) ક્રિયાપદો : to bunk, to ditch, to feature, to fire, to hussle, to sidetrack.

(૪) ક્રિયા વિશેષણ સહિતનાં ક્રિયાપદો : to bank on, to cough up, to get away with, to put across, to turn down.

(૫) વિશેષણો : foolproof, nearby, noncommittal, slick, worthwhile.

(૬) ક્રિયાવિશેષણો : up against, up to, right away.

(૭) રૂઢિપ્રયોગો : cold feet, to cut no ice, for keeps, to monkey with, not my funeral.

(૮) ખાવાની ચીજો : pop-corn, chewing-gum, ice-cream-soda.

(૯) વાક્યો : nothing doing. /No two ways about it./Are you through ? She acted mean./It sells quick. It leaks bad./I like it fine./It turned out just-like I told you.

અંગ્રેજીનો થોડોઘણો ઉપયોગ કરનારાં વાચકોને પણ લાગશે કે ઉપર આપેલા લગભગ બધા પ્રયોગોથી તેઓ પરિચિત છે. એ બતાવે છે કે વર્ષો પૂર્વે અમેરિકન લોકબોલીઓમાં જન્મેલા આ પ્રકારના અસંખ્ય શબ્દો અને રૂઢિપ્રયોગો કાલાનુક્રમે પ્રમાણિત અમેરિકનમાં પ્રવેશ્યા, તેની સાથોસાથ, અથવા કંઈક વધારે સમય જતાં, ઈંગ્લન્ડના રૂઢિચુસ્ત વિદ્વાનોનાં વિરોધ કે સૂગ છતાં, ત્યાંના જુવાનિયાઓની બોલીમાં, મજદૂરોની ભાષામાં, છાપાંઓમાં વારંવાર પ્રયોજાયા, અને અંતે, ત્યાંની પ્રમાણિત અંગ્રજીનાં ભાગ બનીને, અથવા સીધા અમેરિકાથી જ, ભારત સહિત દુનિયામાં અંગ્રેજીનો ઉપયોગ કરતા વિવિધ પ્રદેશો સુધી પણ પહોંચી ગયા.

આંતર-ખંડીય ભાષાકીય અસર અને સંમિશ્રણની આ ઘટના ઘણી આશ્ચર્યજનક ગણાય. એ હજુ આજે પણ ઘટી રહી છે. વીસમી સદી દરમિયાન, લગભગ ઓગણીસમીના અંત ભાગથી જ, ભાષાકીય પ્રભાવનો પ્રવાહ પશ્ચિમમાંથી પૂર્વ ભણી, અમેરિકાથી ઈંગ્લન્ડ તરફ, યુરોપ, એશિયા અને આફ્રિકા તરફ પ્રબળતાથી વહેતો દેખાય છે. આ પ્રક્રિયા માટેનાં અનેક કારણો બતાવવામાં આવે છે. કોઈના મતાનુસાર અમેરિકામાં છેલ્લી સદી દરમિયાન તેજ ગતિથી થઈ રહેલાં સંશોધન, ઔદ્યોગિક વિકાસ અને તકનિકી સિદ્ધિઓ આખરે એની ભાષાના પ્રભાવ માટે કારણભૂત છે. તો કોઈ વળી એમ માને છે કે અમેરિકાની આર્થિક સમૃદ્ધિ અને એના હસ્તકનાં પ્રચાર-માધ્યમોને લીધે એમ બન્યું છે. વિશ્વયુદ્ધો દરમિયાન દુનિયાના જુદા જુદા પ્રદેશોમાં અમેરિકન સૈનિકો તથા બીજાઓની હાજરી તેમજ લોકભોગ્ય મનોરંજન પૂરું પાડતી અમેરિકન 'ટૉકિઝ' અને 'મુવીઝ'નો ફાળો પણ અમેરિકન ભાષાના પ્રચારમાં નિર્વિવાદપણે રહેલો જણાય છે.

એમ લાગે છે કે ઉચ્ચ પ્રકારની સાહિત્યકૃતિઓના વાચનથી નહિ' એટલા પ્રમાણમાં પ્રમોદકારી, હળવું સાહિત્ય, પૂરું પાડતાં પુસ્તકોના ઉપયોગથી તેમજ સિનેમા, રેડિયો, ટી.વી. અને વીડિયો જેવાં પ્રચાર-માધ્યમો દ્વારા અમેરિકન બોલીના અનેક અવનવા, જોશીલા પ્રયોગો ઈંગ્લન્ડ તેમજ દુનિયાના ઘણાબધા દેશોમાં ખૂબ ઝડપથી પહોંચતા, પ્રયોજાતા અને સ્વીકારાતા રહ્યા છે. અમેરિકાથી હજારો કિલોમીટર દૂર અહીં આપણા ગુજરાતમાં પ્રમાણમાં પાંખું અંગ્રેજી જાણનારા લોકોને મોઢેથી પણ 'હોટલ', 'સિગારેટ' (આ બન્ને શબ્દોનું તો પૂર્ણ ગુજરાતીકરણ થઈ ગયું છે એટલે અહીં ગુજરાતી ઉચ્ચારણ પ્રમાણે જ જોડણી આપી છે.), 'સ્પોર્ટ','જીન્ઝ','બૉસ', 'નો પ્રોબ્લેમ', અને છેલ્લે મૅંગ્કન (૧૯૪૮ : ૨૬૯) ના મતાનુસાર જે શબ્દ 'without question, the most successful of all Americanisms, old or new'(અનુ: "જૂના કે નવા, બધા જ અમેરિકન પ્રયોગોમાં નિર્વિવાદપણે સહુથી સફળ પ્રયોગ ") છે તે 'ઓ.કે.' - આ બધા શબ્દપ્રયોગો આપણે સાંભળીએ છીએ ત્યારે આપણને ખબર પડે છે કે અમેરિકન ભાષાની ઉપર વર્ણવેલી અસર કેવી, કેટલી વ્યાપક અને દૂરગામી બની રહી છે.

ઈંગ્લન્ડ અને અમેરિકામાં વપરાશમાં રહેલી અંગ્રેજી ભાષાનાં અમુક ઉદાહરણોની મદદથી આ બન્ને ભાષા-સ્વરૂપો વિશે, અને ખાસ કરીને એમના વચ્ચેના નોંધપાત્ર તફાવત પર વિચારો રજૂ કરવાનો પ્રયાસ આ લેખમાં કર્યો છે એ ઉપરથી આ બન્ને દેશોમાં અંગ્રેજી ભાષાઓ વચ્ચે કોઈ ઊભી તિરાડ પડી જશે, અને બન્ને તદ્દન અલગ ભાષાઓ બનશે તેમ માનવાને કારણ મળતું નથી. આ પ્રકારનાં ભય કે અભિલાષા અગાઉ ભલે વ્યક્ત થયાં હોય, પરંતુ આ જમાનનામાં, જ્યારે વ્યક્તિ-વ્યક્તિ તથા સમૂહ-સમૂહ વચ્ચેના સંક્રમણના પ્રવાહો અસ્ખલિત રીતે વહી રહ્યા છે ત્યારે, અને વિવિધ વૈજ્ઞાનિક સાધનોની સહાયથી મુસાફરીઓ તથા સંદેશાઓની આપલે સુખદ રીતે સરળતાપૂર્વક અવિરત ચાલુ છે ત્યારે, સમાન સ્રોતની કોઈપણ ભાષાઓના અન્યોન્યથી અલગ પડવાની વાત સહેજે કલ્પી શકાય તેવી નથી. ઊલટાનું, એક ભાષાનો અન્ય ભાષાઓ પર પ્રભાવ સ્થાપિત કરવાની અનેક તકો આજે ઉપલબ્ધ થઈ રહી છે. આનો ભરપૂર ઉપયોગ વિશ્વના આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક દષ્ટિથી સમૃદ્ધ અને શક્તિશાળી દેશો નિર્વિવાદ કરી શકવાના અને કરવાના.

ઉપર્યુક્ત સંભાવનાઓના સંદર્ભમાં સ્વતંત્ર અમેરિકાના બીજા પ્રમુખ જહોન એડમ્ઝે (૧૭૩૫-૧૮૨૬) ૧૭૮૦ના સપ્ટેમ્બરમાં યુરોપમાંથી અમેરિકન કૉંગ્રેસને સંબોધીને લખેલા પત્રમાંનો નીચેનો પાઠ મહત્ત્વ પ્રાપ્ત કરે છે :

'અગાઉના જમાનામાં લેટિન ભાષા જેટલા પ્રમાણમાં હતી, અને આજના જમાનામાં ફ્રેન્ચ જેટલી છે, એથી વધારે વ્યાપક પ્રમાણમાં વિશ્વભાષા બનવા માટે અંગ્રેજી નિરમાયેલી છે. આ માટેનું કારણ સ્પષ્ટ છે, કેમકે અમેરિકાની વધતી વસતી,અને ઈંગ્લન્ડના દુનિયાભરમાં સ્થાપિત ઓછા કે વધારે પ્રભાવની સહાય સાથે, બધાં રાષ્ટ્રો સાથેના અમેરિકનોના પોતાના સર્વવ્યાપી સંપર્કો અને આદાનપ્રદાન એમની ભાષાને એમના માર્ગમાં નખાતા બધા જ અવરોધોની ઉપરવટ જઈને પણ, વિશ્વભરમાં સામાન્ય ઉપયોગમાં અનિવાર્યપણે સ્વીકૃતિ અપાવશે.' (બૉ. ૧૯૫૧ : ૪૩૪).

ગત બે વિશ્વયુદ્ધો પછીના સમયમાં, અને તેમાં યે છેલ્લાં ૩-૪ વર્ષ દરમિયાન, લગભગ 'એકચક્રી' કહી શકાય તે પ્રકારની વિશ્વસત્તા તરીકે અમેરિકાનાં વગ અને અસર ઊભરી અને પ્રસરી રહ્યાં છે. આ સંદર્ભમાં આર્થિક-સામાજિક-રાજકીય-સાંસ્કૃતિક ક્ષેત્રોમાં હજુ પગભર થવા મથતા ભારત જેવા વિશાળ જનસંખ્યા ધરાવતાં લોકશાહી રાષ્ટ્ર માટે અને એ રાષ્ટ્રના જ એક પ્રમાણમાં સમૃદ્ધ, સબળ અને ચેતનવંત ભાગ એવા ગુજરાત માટે એટલે કે, આપણા, ગુજરાતીઓ માટે ઈંગ્લન્ડ અને અમેરિકા જેવા દેશોમાં વપરાતી ભાષા ક્યારે, ક્યાં કેટલી અલગ પડશે, અથવા એવું થશે કે નહિ એ પ્રશ્નો ખરેખર બહુ મહત્ત્વના નથી લાગતા. આપણા સહુ માટે વધારે વિચારણાયોગ્ય વાત તો એ છે કે ઝડપથી પલટાઈ રહેલા આંતરરાષ્ટ્રિય સંબંધોના પરિવેશમાં 'અમેરિકન' ભાષાની આપણી ભાષા ઉપર કેટલી અને કેવી અસર પડશે અથવા આપણે પડવા દઈ શકીએ.

પરભાષાના પ્રભાવની સાથોસાથ પરદેશની સામાજિક, વ્યાવહારિક, વૈચારિક, અને બૃહદ અર્થમાં, સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ પણ આપણા જીવનમાં પગપેસારો કરવાની જ. આપણો પોતાનો જ નહિ, જગત સમસ્તનો ઈતિહાસ આ હકીકતની સાક્ષી પૂરે છે. એથી જ, અંતમાં આટલી વાતની નોંધ લઈએ કે ભાષાકીય બાબતો પરત્વેના આપણા વિચારો અને નિર્ણયો આપણે પૂરેપૂરી તકેદારીપૂર્વક લેવા ઘટે છે, કારણ કે આપણી પોતાની ભાષા ગુજરાતી વિશે, તેમજ તેના અન્ય, ખાસ કરીને 'અમેરિકન' અંગ્રેજીભાષા જેવાં આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં ખૂબ પ્રભાવશાળી પુરવાર થઈ રહેલાં માધ્યમો સાથેના સંબંધો બાબત આપણે જે દિશા આજે પસંદ કરીશું કે જે પગલાં આજે લઈશું એ આપણી પ્રજાના તેમજ સંસ્કૃતિના ભવિષ્ય માટે નિર્ણાયક પુરવાર થશે. (સંપૂર્ણ)

સંદર્ભગ્રન્થસૂચિ

૧. બાર્નેટ, લિંકન. ૧૯૭૦. History of the English Language. લંડન : સ્ફિઅર બુક્સ. પ્રથમ પ્રકાશન. ૧૯૬૬ The Treasure of Our Tongue. લંડન : સેકર એન્ડ વોર્બગ.

૨. બો, એ.સી. ૧૯૫૧. A History of the English Language. લંડન : રાઉટલેજ એન્ડ કિગન પોલ લિ. તૃતીય મુદ્રણ. ૧૯૫૪.

૩. હોર્ન્બી, એ.એસ. ૧૯૪૮. Oxford Advanced Learner's Dictionary of Current English. ઓક્સ્ફર્ડ : ઓક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ. ચતુર્થ સંસ્કરણ. ૧૯૮૯. સં : કોવિ, એ.પી. પંચમ મુદ્રણ. ૧૯૯૧

૪. ફાઉલર, એચ. ડબ્લ્યૂ. ૧૯૨૬. A Dictionary of Modern English Usage. લંડન : ઓક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ. દ્વિતીય સંસ્કરણ. ૧૯૬૫. અર્નેસ્ટ ગાઉઅર દ્વારા સુધારા સાથે. ઈ.એલ.બી.એસ. પ્રકાશન. ૧૯૬૮.

૫. મેંગ્કન, એચ.એલ. ૧૯૧૯. The American Language. ન્યૂ યૉર્ક ; એલ્ફ્રિડ એ. ક્નોફ. ચતુર્થ સંસ્કરણ. ૧૯૩૬. બારમું પુનર્મુદ્રણ. ૧૯૪૯.

૬. મેંગ્કન, એચ.એલ. ૧૯૪૫. Supplement One to The American Language. ન્યૂ યૉર્ક : એલ્ફ્રિડ એ. ક્નોફ. પંચમ પુનર્મુદ્રણ. ૧૯૫૨.

૭. મેંગ્કન, એચ.એલ. ૧૯૪૮. Supplement Two to The American Language. ન્યૂ યૉર્ક : એલ્ફ્રિડ એ. ક્નોફ. દ્વિતીય પુનર્મુદ્રણ. ૧૯૫૨.

૮. The Random House Dictionary of the English Language. ૧૯૬૭. ન્યૂ યૉર્ક. રેન્ડમ હાઉસ.

૯. રેન, સી એલ. ૧૯૪૯. The English Language. લંડન : મેથ્યૂઅન એન્ડ કું. લિ. ઈ.એલ.બી.એસ. પ્રકાશન. ૧૯૬૪.

૧૦. સ્મિથ, એલ.પી. ૧૯૧૨. The English Language. લંડન : ઑક્સ્ર્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ. દ્વિતીય સંસ્કરણ. ૧૯૫૨.

૧૧. સ્વોન, માઇકલ. ૧૯૮૦. Practical English Usage. ઑક્સ્ફર્ડ : ઓક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ. તૃતીય મુદ્રણ. ૧૯૮૧.

૧૨. ટ્રેન્ચ, આર.સી. ૧૮૫૫ English : Past and Present. લંડન : મેક્મિલન એન્ડ કું. દશમ સંસ્કરણ. ૧૮૭૭.

અનુસંધાન) કલાવાર્તા (પૃ. ૨૪૯ પરથી

જોવા મળે છે. ગયા વર્ષમાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં, ધોળકાની ફાઈન આર્ટ્સ કોલેજમાં અને ગુજરાત રાજ્ય લલિતકળા અકાદમીમાં એમનાં ફોટોચિત્રોનાં પ્રદર્શનો પણ યોજાયાં છે. વડોદરામાં ફાઈન આર્ટ્સ કોલેજ પાસે એમની ૭૦ જેટલી ટ્રાન્સપરન્સીઝ છે કે જેમાં એમણે ઝડપેલાં કેટલાંક પક્ષી આજે તો જોવા મળવાં પણ મુશ્કેલ છે. બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીના પણ તેઓ આજીવન સભ્ય છે.

જમણા પગે આર્થ્રારાઈટિસની તકલીફ હોવા છતાં પક્ષીઓ માટે ઘૂમવાનું હોય તો તુરત પોતાની તકલીફ વિસારી દઈ એ તૈયાર થઈ જાય. એમના સહૃદયી મિત્રો પ્રો. વનરાજસિંહ ઝાલા, ચદુંભાઈ પ્રજાપતિ પણ એમને એવા જ હોંશથી સાથ આપે છે. પ્રદર્શનની તૈયારી કરવાની હોય તો ફોટાનું માઉન્ટિંગ-ફ્રેમિંગ વગેરેમાં એ તુરત કામે લાગી જાય. આ જ રીતે કોમર્સમાં ગ્રેજ્યુએટ થયેલાં એમનાં મોટાં પુત્રી તથા વિજ્ઞાનના બીજા વર્ષમાં ભણતા પુત્ર પિતાના આ શોખને ચર્ચાવિચારણા દ્વારા પોષે છે, અને દિલહાસભાઈ આથી સદા ખુશ મિજાજમાં જ જોવા મળે છે. દિલહાસભાઈને મન વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કેવળ શોખનો જ વિષય છે, પરન્તુ તેમાં વધુ કલાદષ્ટિ ઉમેરાય તેમ ઇચ્છીએ.

\- યોસેફ મેકવાન

સોળમી સદીના આરંભમાં ઈરાનમાં ઈ. ૧૫૦૨માં શાહ ઈસ્માઈલે સ્થાપેલા સફાવિદ રાજવંશના કાળમાં ત્યાંની ચિત્રકળાનો એક તેજસ્વી યુગ આરંભાયો હતો. ઉત્તર-પૂર્વ ઈરાનમાં તબરીઝને શાહ ઈસ્માઈલે પોતાની રાજધાની બનાવી હતી. એના વંશજ શાહ તહમસ્પ (૧૫૨૪-૧૫૭૫)ના સમયમાં ઈરાની ચિત્રકળા તેની ટોચે પહોંચી હતી. આગા મિરક અને સુલતાન મુહમ્મદ જેવા ત્યારના વિખ્યાત ચિત્રકારો તેના દરબારમાં આવ્યા હતા અને સુલતાન મુહમ્મદ પાસેથી તો ખુદ શાહે ચિત્રકામ શીખવા માંડેલું. આ શાહ તહમસ્પ માટે લખાયેલાં પુસ્તકો તથા તેનાં ચિત્રોનું સર્જન અત્યંત વિપુલ અને ભભકાદાર રહ્યું છે. કલામય ગ્રંથનિર્માણ માટે શાહે એક ખાસ વિભાગ રચ્યો હતો, જ્યાં સુલેખનકારો, ચિત્રકારો અને ગ્રંથ બાંધનારાઓ એકબીજાના સાથસહકારમાં કામ કરી ઉત્તમ ગ્રંથોનું નિર્માણ કરતા હતા.

કલાવૃત્ત


ખમ્સા

સુપ્રસિદ્ધ ઇરાની કવિ નિઝામીના પાંચ કાવ્યોનો સુંદર સચિત્ર સંગ્રહ

સોળમી સદીના આ દરબારી ચિત્રકારોએ ઊંચી ગુણવત્તા સાથે ઉચ્ચ પ્રકારનું સુઘડ સુંદર કામ કર્યાના અનેક પુરાવાઓ મળે છે. સફાવિદ લઘુચિત્રોની અલંકારપ્રચુર અને તેજસ્વી રંગોભરી ચિત્રશૈલીમાં આવાસની અંદરનાં દૃશ્યોમાં રેશમી પર્દા અને ભાતીગળ ગાલીચા સહિત અનેક ઝીણીઝીણી વિગતોનું ચીવટભર્યું આલેખન જોવા મળે છે. એ કાળની લાક્ષણિક શોભનરચના સાથે આ હસ્તલિખિત ગ્રંથોની બાંધણી પણ એવી જ સુંદર થતી. શાહ તહમસ્પ માટે આ કલાકારોએ જાણીતી ઈરાની કાવ્યકૃતિઓને સચિત્ર ગ્રંથસ્થ કરી છે, જેમાં ફિરદોસીના મહાકાવ્ય 'શાહનામા' અને નિઝામી, જામી, સાદી અને હાફિઝ જેવા પ્રખ્યાત કવિઓની રચનાઓનો સમાવેશ થાય છે. આ ગ્રંથોનાં ચિત્રાલેખનમાં બહુધા ત્યારના ચિત્રકારો તિમુરિદ સમયની પરંપરાને અનુસર્યા છે. આ કાળનાં કાવ્યોમાં ઉદ્દીપ્ત ભાવો અને રોમૅન્ટિક વિષયવસ્તુ જોવા મળે છે.

આ ઈરાની ચિત્રશૈલીના સિદ્ધાંતો પણ આગવા અને લાક્ષણિક છે. કાવ્યોના પ્રસંગોને ચિત્રિત કરવા ઉપરાંત, ચિત્રકારો તેમાં વિગતભરી સુંદર શોભનભાતો પણ આલેખતા. એમનું ચિત્રકામ બે પરિમાણમાં જ થયું છે. ત્રીજા પરિમાણને રેખાબદ્ધ કરવા તેમણે પ્રયાસો કર્યા છે, પણ તેમાં બહુ સફળતા મળી નથી, એમનું પાત્રાલેખન અને રંગવિધાન સ્પષ્ટ છે. ચિત્રાવકાશમાં તેમનાં પાત્રો સ્થાનનું ઊંડાણ દર્શાવ્યા વિના એક જ કદમાં ચીતરાયેલાં છે, પણ હાર





કે પંક્તિને કારણે ત્રીજા પરિમાણનો થોડોશો ખ્યાલ આપી શકે છે. પાત્રોમાં સ્ત્રી-પુરુષના ચહેરા પણ લગભગ એક પારંપરિક ઢબના અને એમને ત્યાંના સૌંદર્યના આદર્શ પ્રમાણેના જોવા મળે છે. વય અને જાતિના તફાવત સિવાય એમનું આલેખન પણ એક જ પરંપરાનું હોય છે.

આ સફાવિદ ચિત્રમાં બિહઝદ અને એના કાસીમઅલી, શૈખઝાદા, આગામલિક જેવા ગુરુઓની પરંપરામાં કામ કરતા કલાકારોની શૈલીનું અનુસરણ જોવા મળે છે. હીજરી સન ૯૩૧ (ઈ. ૧૫૨૪ - '૨૫)માં આ સફાવિદ શૈલીનું એક સુંદર પુસ્તક, નિઝામીનું 'ખમ્સા' અમેરિકામાં મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઓફ આર્ટ્સમાં સંગૃહીત છે. આ પહેલાં ઈ. ૧૯૦૮ સુધી આ પુસ્તક ઈરાનના શાહો પાસે હતું. તેમાં પંદર અતિ સુંદર લઘુચિત્રો છે, જેમાંનું એક આ અંકના મુખચિત્ર તરીકે આપ્યું છે.

નિઝામી એ ઈરાનનો એક વિખ્યાત કવિ હતો. ઈ. ૧૧૪૦માં એનો જન્મ થયેલો. 'ખમ્સા' એટલે પાંચ કાવ્યોનું ગીતપંચક. એમાં નિઝામીની પાંચ કાવ્યરચનાઓ છે : (૧) મખ્ઝાન અલ્ અસરાર (રહસ્યોનો ખજાનો), જેમાં કેટલાક પ્રસંગો સાથેની ગૂઢ કાવ્યરચનાઓ છે. (૨) ખુશરૂ અને શીરીંનું કાવ્ય. સાસાનિયન શાહ બીજો (ઈ.૫૯૦-૬૨૮) અને આર્મેનિયાની સુંદર રાજકુમારી શીરીંની પ્રેમકથાનું કાવ્ય. (૩) બદુઈન કુંવરી 'લયલા અને મજનુ'ની પ્રેમકથાનું કાવ્ય. (૪) હફ્ત પેઈકાર એટલે કે સાત વ્યક્તિચિત્રો. તેમાં સાસાનિયન શાહ બેહરામ ગુરૂ (ઈ.૪૨૦-૪૩૮) અને એની જુદાજુદા દેશની સાત બેગમોની કથા છે. બેહરામ હફતાના સાત દિવસોમાં વારાફરતી રોજ એક બેગમને મળતો હતો. છેલ્લી પાંચમી કાવ્યકૃતિ 'ઈસ્કંદરનામા' સિકંદર-

'ખમ્સા'નાં સુંદર કથાચિત્રોમાંનાં કેટલાંકના ચાર અંશભાગ. સામેના પૃષ્ઠ પરથી અનુક્રમે : (૧) 'હફ્ત પૈકાર' કાવ્યમાંની બેહરામ ગુરની સ્લાવ જાતિની બેગમ, (૨) બેહરામ ગુર, (૩) 'ઇસ્કંદર નામા' કાવ્યમાં યુદ્ધભૂમિ ઉપર ઘોડેસ્વાર શાહ દરાયસ બીજો અને (૪) 'હફ્ત પૈકાર'ના એક ચિત્રમાં ગુલાબજળનું પાત્ર લઈ ઊભેલી દાસી તથા સુરાપાત્ર લઈ ઊભેલો દાસ. ગાદીગાલીચા, પાત્રના પોષાક, અશ્વનો શણગાર વગેરે પરનું અરબી તથા થોડીશી ચીની અસરવાળું બારીકીભર્યું શોભન, લગભગ એકસરખા ચહેરાવાળાં અને એક જ કદનાં પાત્રો, ત્રીજા પરિમાણના ઊંડાણ વગરનું લગભગ સપાટ સંયોજન તથા તેજછાયાના પલટા કે પડછાયાની ગેરહાજરી તથા અપારદર્શક તેજસ્વી રંગો એ ઇરાની ચિત્રસર્જનોની લાક્ષણિકતા રહી છે.





એલેક્ઝાન્ડર વિષેની છે. આ રચના બે ભાગમાં છે. એક ભાગમાં એશિયા પરના સિકંદરના વિજયની અને બીજામાં એક જ્ઞાની માણસ તથા પયગંબર તરીકેની કથા છે.

'ખમ્સા'ની આ હસ્તલિખિત-ચિત્રિત પ્રત ઈ. ૧૫૨૪-'૨૫ માં તૈયાર થઈ હતી. એ સમયના સુખ્યાત લહિયા સુલતાન મુહમ્મદ નૂરે અરબી-ફારસી લિપિની નસ્તાલિક શૈલીમાં તેનું લેખન કર્યું છે. ઈરાનમાં તો સુલેખનકળાને ચિત્રકાર્ય કરતાં પણ ઊંચો દરજ્જો અપાયો છે. ખમ્સાની આ પ્રતમાં કાગળ પણ ઉચ્ચ પ્રકારના અને ખૂબ ઘૂંટેલા વપરાયા છે. આમાં પ્રથમ લહિયાએ લખ્યું છે અને પછી એણે રાખેલી ખાસ ખાલી જગ્યામાં ચિત્રકારોએ ચિત્રો કર્યાં છે. સચિત્ર ગ્રંથરચનામાં સામાન્યતઃ આ જ શિરરસ્તો અપનાવાયો છે. લખ્યા પછી આ ખાલી કે કોરી જગ્યા કે પાનામાં ચિત્રકારો પ્રથમ લાલ કે કાળા રંગે રેખાંકન કરતા અને પછી તેમાં અપારદર્શક સુંદર રંગો ભરાતા. મોટા ભાગે આ રંગો ખનિજ પ્રકારના રહેતા. ઘેરા ભૂરા રંગ માટે ક્યારેક તો નીલમ જેવા કિંમતી પદાર્થને અત્યંત બારીક પીસીને રંગ બનાવાતો. સોનેરી રંગ માટે સોનું ઘસીઘસીને પ્રવાહી બનાવીને વપરાતું. ચિત્રકામ થઈ ગયા પછી તેને ઘૂંટીઘૂંટીને ચળક અપાતી.

'ખમ્સા'નાં આ પંદર ચિત્રો સફાવિદ શૈલીની શરૂઆતનાં છે. આમાંનાં ચૌદ ચિત્રો બિહઝદની પરંપરાનાં અને મોટા ભાગે શેખઝાદાએ કરેલાં હોવાનું મનાય છે. જ્યારે છેલ્લું ચિત્ર સુલતાન મુહમ્મદે કરેલું મનાય છે. આમ, ખમ્સા એક અતિ સુંદર ચિત્રશૈલીનો આહ્લાદક નમૂનો છે. - બિ. ટાંક

આ અંકનું રંગીન મુખચિત્ર

કવિ નિઝામીના 'ખમ્સા'માં બીજું કાવ્ય (કથાકાવ્ય) છે સાસાનિયન ખુશરૂ બીજા (ઈ. ૫૯૦ થી ૬૨૮) તથા આર્મેનિયાની શાહજાદી શીરીંની પ્રેમકથાનું. ખુશરૂ અને શીરીંની પ્રેમકથા ફારસી સાહિત્યની એક વિખ્યાત કથા છે. ખુશરૂને એક વાર સ્વપ્ન આવે છે કે એને એક અતિસુંદર શાહજાદી મળશે. અનેક સ્થળે ભમેલા પોતાના ચિત્રકાર મિત્ર શાપુરને ખુશરૂ સ્વપ્નની વાત કરે છે ત્યારે શાપુર ખુશરૂને કહે છે કે આર્મેનિયાની રાણી પાસે એની એક સંબંધી શીરીં એ સ્વપ્નસુંદરી જેવી અતિસુંદર શાહજાદી છે. ખુશરૂ શાપુરને શીરીં પાસે મોકલે છે અને સાથે પોતાની એક છબી અને વીંટી પણ મોકલે છે. પછી તો ખુશરૂને જોવા-મળવા ઉત્સુક શીરીં આર્મેનિયમાં સૌથી વધુ ઝડપી ગણાતો કાળો ઘોડો શબદીઝ લઈને ઊપડે છે. સતત સાત દિવસની લાંબી સફર પછી થાકેલી શીરીં માર્ગમાં ટેકરીઓ વચ્ચે એક જળાશય જોઈ તેમાં નાહવા ઊતરે છે. અકસ્માત ખુશરૂ એ તરફ આવી ચડે છે અને ટેકરીની આડશમાંખી નાહી રહેલી શીરીંને જોઈ જાય છે અને તેના સૌંદર્યથી દિગ્મૂઢ બની જાય છે. આ અંકના રંગીન મુખચિત્ર તરીકે 'ખમ્સા'માંનું આ ઘટનાનું ચિત્ર આપ્યું છે. ચિત્રમાં શીરીંનો કિંમતી પોષાક અને રત્નજડિત મુકુટ તળાવને કાંઠે પડ્યા છે. કાંઠા પરના વૃક્ષની ડાળે એનાં તીરકમાન અને રત્નજડિત તલવાર લટકે છે. કિનારા પર વનફૂલના છોડ અને પાણીમાં તરતાં બતકો બતાવ્યાં છે. વૃક્ષનાં પાનનો રંગ પાનખર આવ્યાનું સૂચન કરે છે.

ઈરાની ચિત્રો મુખ્યત્વે ગ્રંથચિત્રો કે કથાચિત્રો તરીકે જ ચિતરાયેલાં જોવા મળે છે. તેમાં ખુલ્લો પ્રદેશ, બગીચા, ખીલેલાં ફુલછોડ અને વૃક્ષો, શિકાર, ઉજાણી, યુદ્ધ, રાજદરબાર અને રોજિંદા જીવનની વિધવિધ ઘટનાઓનું આલેખન સવિશેષ થયું છે. ઝીણવટભરી શોભનઆકૃતિઓ, તેજસ્વી રંગો અને નાનું કદ એ પણ ઈરાની ચિત્રોની લાક્ષણિકતા રહી છે. ચિત્રમાં ત્રીજા પરિમાણનું ઊંડાણ દર્શાવવામાં એના ચિત્રકારો પાછા પડે છે. વળી, એમનાં ચિત્રોમાં ક્યાંય પડછાયા જોવા મળતા નથી. સૂર્યથી ઝળહળતું આકાશ તથા વિધવિધ આકારનાં કિંમતી પાત્રો તથા શોભનમાં તેઓએ સોનેરી રંગનો પણ ઠીક ઠીક ઉપયોગ કર્યો છે. એમનાં પહાડ-ખડકનાં આલેખનોમાં ઘણીવાર પ્રાણી કે માનવીની દેહાકૃતિનો ભાસ પણ ક્યારેક જોવા મળે છે. હેરાતમાં તૈમુરિદ દરબારના ખ્યાતનામ ચિત્રકાર બિહઝદે 'ખમ્સા'નાં પંદરમાંથી ચૌદ ચિત્રો કર્યાં હોવાનું મનાય છે.


શિયાપંથીઓમાં હજરત ઇમામ અલીથી આરંભી વંશાનુગત બાર ઇમામોનું માહાત્મ્ય છે. એ બાર ઇમામો : ૧. ઇમામ હજરત અલી (અલય હિસ્સલામ), ૨. ઇમામ હજરત હસન (અ.), ૩. ઇમામ હજરત હુસૈન (અ.). ૪. ઇમામ હજરત ઝયનુલ આબેદીન (અ.). ૫. ઇ. હ. મોહમ્મદ બાકિર (અ.), ૬. ઇ. હ. જાફરે સાદિક (અ.), ૭. ઇ. હ. મુસે કાઝિમ (અ.), ૮. ઇ. હ. અલી કઝ્ર (અ.), ૯. ઇ. હ. મોહમ્મદ તકી (અ.), ૧૦. ઇ. હ. અલી નકી (અ.), ૧૧. ઇ. હ. હસન અસ્કરી (અ.) અને૧૨. ઇમામ હજરત મહેદી સાહેબુઝ્ઝમાન (અ.)

અહીં ઇમામસાહેબના નામ પછી અલય હિસ્સલામ એવા શબ્દો મૂક્યા છે. ઇસ્લામમાં આદરણીય વ્યક્તિના નામ પાછળ આવા શુભેચ્છાવાચક શબ્દો મૂકવાનો રિવાજ છે. એને 'દરૂદ' કહે છે - વ્યક્તિના નામની આગળ આપણે પણ આમ માનવાચક શબ્દપ્રયોગ કરીએ છીએ તેમ. આ જ રીતે હજરત મહમદ પયંગબરસાહેબના નામ પછી ટૂંકમાં સ. અ. વ. લખાય છે. 'સલ્લલ્લાહો અલયહે વસલ્લમ'નું એ ટૂંકું રૂપ છે. એનો અર્થ 'અલ્લાહની એમના ઉપર કૃપા-આશિષ હજો' જેવો છે. આ દરૂદ માત્ર પયંગબર સાહેબ માટે જ વપરાય છે. જો કે એમને માટે ઉપર ઇમામ હજરતોના નામ સાથે જ વપરાતી દરૂદ છે. 'અલય હિસ્સલામ' (ટૂંકું અ. અથવા અ. સ.) એનો અર્થ પણ 'અલ્લાહની એમના ઉપર કૃપા હજો' જેવો છે. આ જ રીતે પયંગબરસાહેબના સાથીઓ માટે 'રહિયલલ્લાહો તઆલા અનહુ' (ટૂંકમાં ર.ત.અ.) વપરાય છે. જો સ્ત્રીનામ હોય તો 'અનહુ'ના બદલે 'અનહા' લખાય છે. આનો અર્થ 'અલ્લાહ એમનાથી પ્રસન્ન હજો.' આવો બીજો એક દરૂદ છે ર. અ. એટલે 'રહેમ હુલ્લાહો'. 'અલ્લાહની એમની ઉપર કૃપા હજો.' 'રીદવાનુલ્લાહે અલરહીમ અજમઈન' એ પણ એક દરૂદ છે, જે ટૂંકમાં 'રી. અ. અ.' લખાય છે. અર્થ છે 'ખુદા એમનાથી રાજી હજો.'



કૂફી તુગરાનું ચાતુરીયુક્ત અક્ષરાલેખન

'હે ખુદા તારા સિવાય બીજી કોઈ પરમ શક્તિ નથી. તું મહાનમાં મહાન છે.' કંઈક આવા અર્થના અરબી લખાણને ઉપર મસ્જિદના આકારમાં ચાતુરીથી લખ્યું છે. અરબીના પ્રારંભિક સ્વરૂપની 'કૂફી' લિપિમાં લખાએલો આ એક સુંદર 'તુગરા' છે. તુગરા એ ઇસ્લામી સુલેખનકળામાં વિકસેલો એક આગવો આલંકારિક પ્રકાર છે. મુખ્યત્વે ઊભી, આડી ને તીરછી રેખાઓવાળી કૂફી લિપિના અક્ષરોને પક્ષી, પ્રાણી, પરી કે પછી વિધવિધ ભાત ઉપસાવતી ભૌમિતિક આકાર-આકૃતિઓમાં ધર્મસૂત્રો, ઇમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું મનોરમ ચાતુરીભર્યું લેખન એ તુગાર કહેવાય છે. અસલમાં તો રાજકીય આદેશ કે ફરમાનો વગેરેને પ્રમાણિત કરવા રાજાના નામ વગેરેની મુદ્રામાં સ્પષ્ટ છૂટા અક્ષરોના બદલે એકબીજા ઉપર લખેલા





યા એકબીજામાં ગૂંથાતા અક્ષરોના રૂપમાં તેનો ઉપયોગ થતો. અરબીભાષામાં આવા પ્રમાણિત આદેશોને તુગરા કહે છે. કાળાનુક્રમે આવાં આદેશ-ફરમાનો ઉપર લગાડાતી મુદ્રા માટે અને પછી આ પ્રકારની બધી રચના માટે તુગરા શબ્દ પ્રચલિત બન્યો. ઇસ્લામી ગૃહશોભનમાં શોભનયુક્ત તુગરાનું મોટું માહાત્મ્ય હોઈ એ શુકનવંતો ગણાય છે અને હજી આજે યે તે ઘણાં ઘરોમાં જોવા મળે છે.

ઇરાકમાં આજના બગદાદથી લગભગ નેવુ માઈલ દક્ષિણે ઇ. ૬૩૬માં કૂફા નામનું એક નાનું નગર સ્થપાએલું. આરંભના એ કાળમાં એક લશ્કરી થાણા તરીકે તેનું મહત્ત્વ હતું. પણ પછી બગદાદના ખલીફે ત્યાં વસવાટ કર્યો અને સમય જતાં આ નગર એક વિદ્યાધામ બની ગયું, અને બગદાદનું મહત્ત્વ વધવા સાથે એ ભાંગી પણ પડ્યું. પણ અરબી લિપિનો પ્રારંભિક વિકાસ અહીંથી થએલો અને એ પરથી એ લિપિ 'કૂફી' નામે ઓળખાઈ. બહુધા ઊભી, આડી ને તીરછી રેખાઓવાળા મૂળાક્ષરો ધરાવતી કૂફીલિપિનો રોજિંદા લેખનવ્યવહારમાં ઉપયોગ કરવો સુગમ ન હોઈ મોટે ભાગે આલંકારિક લખાણોવાળા ક્ષેત્રમાં જ એનો ઉપયોગ પ્રસરિત થયો. અનેક નાનીમોટી શોભનયુક્ત ચીજવસ્તુઓ, રોજા-દરગાહો, વાવકૂવા, મસ્જિદ-મિનારા, ઘુમ્મટ, મહાલો, કોટ-કિલ્લા વગેરે જેવી ઇમારતો, આલંકારિક ગ્રંથ-પોથીઓ, સિક્કા-મુદ્રા વગેરે તથા કુર્આન શરીફની સુશોભિત હસ્તપ્રતો વગેરેમાં જ મર્યાદિત છતાં તેનો મબલખ ઉપયોગ થએલો જોવા મળે છે. ઇસ્લામના અંગિકાર પછી એ સમયના ખત્તાતોએ- લહિયાઓએ તેને અત્યંત સુંદર સ્વરૂપ આપ્યું. તેની સીધી અને કોણીય લખાવટમાં તરાહતરાહની ભૌમિતિક આકૃતિઓ અને વિવિધ ભાતોની રચનામાં તે સુગમ થતી અને આથી એ વિશેષત: આલંકારિક શૈલી અને વિશિષ્ટ લેખન પૂરતી જ સીમિત બની રહી. એની આ સીમા-બદ્ધતાનું બીજું પણ એક કારણ છે. કૂફીમાં એનામાંથી જ વિકસેલી અરબી અને ફારસી લિપિમાં છે તેમ નુક્તા-બિંદી જેવી સંજ્ઞાઓ નથી. આથી અરબી-ફારસીની જેમ સમાન આકારવાળા, પણ આ સંજ્ઞાઓના આધારે એકબીજાથી અલગ ઓળખાતા અક્ષરોને કૂફીમાં ઉકેલવા બહુ જ મુશ્કેલ પડે છે. આથી સામાન્ય માણસ તો કૂફી વાંચી પણ ન શકે. પણ દેખાવમાં આ લિપિની આગવી પ્રતિભાને એ કાળના લહિયાઓએ અજબ ઉપસાવી છે.

આગળ જતાં ૧૧-૧૨માં સૈકામાં કૂફીની અલંકાર-બદ્ધતાએ ભૌમિતિક તેમજ ફૂલપત્તીની અવનવી ગૂંથણીના જે અનેકવિધ અદ્દ્ભુત આકારો ધારણ કર્યા તે તેની શોભન-પરાકાષ્ઠાનો પરિચય આપવા સાથે ઇસ્લામી સુલેખનકળામાં તેને વિશિષ્ટ સ્થાનની હકદાર બનાવે છે. એકબીજીમાં ગૂંથાઈ-વીંટાઈને બનેલી વિવિધ તેમજ વિલક્ષણ અક્ષરાલેખનની અસંખ્ય કલાત્મક આકૃતિઓ તેમાં જોવા મળે છે. આ સાથે આગળના પૃષ્ઠ ઉપર નીચે આપેલા મસ્જિદ આકારના બીજા તુગરામાં 'લાઈલાહ ઇલ્લલ્લાહ મુહમદર્રસૂલુલ્લાહ' એટલે કે અલ્લાહ સિવાય કોઈ અલ્લા નથી (ને) મહમદ તેના રસૂલ (પયગંબર) છે, એવું લખાણ છે. પણ આ તુગરાની વિશિષ્ટતા તો એ છે કે તેમાં જમણી બાજુથી શરૂ થઈ બરાબર અર્ધ સુધીમાં મૂળ લખાણ છે, જ્યારે ડાબી બાજુથી આરંભાઈને અર્ધ સુધીમાં આ જ મૂળ લખાણની પ્રતિછાયાની જેમ અવળું લખાણ છે. વળી, લખનારે કેટલાક અક્ષરોને લંબાવીને મક્કાની સાત મિનારતો અને ત્યાંના દસ ઘુમ્મટોને પણ તેમાં સમાવ્યા છે. આવા ઊલટ-સૂલટ લખાણવાળા વિવિધ આકારઆકૃતિના તુગરાને 'તુગરાએ મઅકૂસ' કહે છે. આ સાથેનો ત્રીજો અષ્ટકોણ તુગરો તેમાંની ભૌમિતિક ચાતુરીનો નમૂનો હોવા સાથે કૂફીની લાક્ષણિક દુર્બોધિતાના નમૂના રૂપ છે. એની ભૌમિતિક ભાતમાં લખાણ ક્યાંથી શરુ થાય છે અને તેમાં શું લખ્યું છે તે કળવું મુશ્કેલ છે. છતાં દેખાવમાં આ લિપિની અનોખી પ્રતિભા ગૌરવવંતી છે.

કૂફી પછી વિકસેલી અરબી લિપિમાં તો તેના એકબીજા સાથે જોડાઈને જતા અક્ષરોની લખવાટમાં તો એક પ્રકારનું મધુરું સાતત્ય અને પ્રવાહિતા ઉમેરાઈ અને તેથી અક્ષરાલેખનમાં અનેક નવી શૈલીઓ વિકાસ પામી, અને એનો જે પ્રસાર થયો તેનાં સુંદર છટાંતો ઇસ્લામી અસર તળે આવેલાં અનેક સ્થળોમાં જોવા મળે છે. ઇસ્લામી જગતના કલાક્ષેત્રમાં સુલેખનકળને સર્વોચ્ચ સ્થાન મળેલું અને એથી એમાં તે અદ્દ્ભુત સુંદર સર્જનો થયાં છે તે દુનિયાભરમાં અદ્વિતીય છે.

બિ.

અનુસંધાન) શહાદતે શહીદે આઝમ (પૃ. ૨૫૨ પરથી

પણ યઝદીના માણસો પર એની કોઈ અસર થઈ નહિ. એમણે પોતાનો ઘેરો ચાલુ જ રાખ્યો અને પાણી પીવા જવા પણ દીધા નહીં. છેલ્લે સૈનાન બિન અન્સે હજરત પર વાર કરી તેમનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું, એટલું જ નહિ, મસ્તક એ ભાલાની અણી ઉપર ચઢાવીને યઝદી પાસે લઈ ગયો હતો. મોત વખતે હજરતના શરીર ઉપર નેજાના ૩૩ અને તલવારના ૩૪ ઘા હતા. હિજરી સન ૬૧ ના મોહરમની એ ૧૦મી તારીખે, એટલે કે ઈ. સ. ૬૮૦ની ૧૩ મી ઑક્ટોબરનો એ દિવસ હતો. હજરત ઈમામ હુસૈનની આ શહીદી ઈસ્લામના ઈતિહાસનું એક ગોઝારું પ્રકરણ છે. આજેય એમના અનુયાયીઓ દર મોહરમમાં એમને યાદ કરીને માતમ મનાવે છે, તથા પર્વની ગંભીરતા જાળવે છે.

-મોહમ્મદ યાસીન શેખ



દિલહાસ જાફરી

વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર



દિલહાસ એહમદ વસીમ એહમદ જાફરી ઉર્ફે દિલહાસ જાફરી એ વન્ય પક્ષીપ્રાણીની ફોટોગ્રાફીના ક્ષેત્રમાં જાણીની આદરણીય વ્યક્તિ છે. એમનું મૂળ વતન અમદાવાદ જિલ્લાનું ધોળકા, પણ એમનો જન્મ ઈસવી સન ૧૯૪૪માં ૮ ઑક્ટોબરે વડોદરામાં તેમના મોસાળમાં થયેલો. મીરસાહેબ તરીકે જાણીતા એમના નાના વડોદરાના મહારાજના અંગત મિત્ર હતા. મોમીન જ્ઞાતિના ધર્મગુરુ પીર સૈયદ મોહમ્મદ મુશાહીર હુસેન એ એમના વડીલ ભાઈ, એમના ગુરુ અને એમના રાહબર. 'બાબાસાહેબ' તરીકે એ સુખ્યાત. ધોળકા ઉપરાંત સિધ્ધપુર પાલનપુર ને હિમ્મતનગરમાં પણ એમની આનશાન પ્રસરેલી. આ પ્રદેશમાં બાબાસાહેબની દિલેરી, નિખાલસતા ને મુહબ્બત સુવિદિત છે. આવા કુટુંબમાંથી આવ્યા છે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં ખ્યાત દિલહાસ જાફરી.

ધોળકામાં શિક્ષણ લીધા પછી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ૧૯૬૭માં અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા. તે દરમિયાન ફાધર હેરેદરો જેવા પરમ મિત્રના સાન્નિધ્યે જીવનમાં કંઈક કરવાની તમન્ના જાગી. ૧૯૭૭ થી '૮૬ સુધી ધોળકામાં ઈંગ્લિશ મિડિયમની સ્કૂલ ચલાવી અને એની સાથેસાથે 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં ફોટોફીચર્સ પણ ચલાવ્યાં.

એક વાર વાતવાતમાં મેં પૂછ્યું, 'જાફરીસાબ, આ ફોટોગ્રાફીનો શોખ ક્યારથી...?' વચ્ચે જ મુસ્કાન સાથે એમણે કહ્યું, 'સર, એ દિવસો ખૂબ મજાના હતા. ધોળકામાં અમારી હવેલી છે. ત્યાંથી વડીલો સાથે શિકારે જતો. તેમાંથી કુદરતનું ઘેલું લાગ્યું. પછી શિકાર તો છૂટી ગયાં અને વન-વગડા ને કોતરો સાથે દોસ્તી થઈ ગઈ. જાતજાતનાં પક્ષીઓની હિલચાલ-ખાસિયતો વગેરે નીરખવામાં રસ પડ્યો. આ બર્ડ-વોચિંગમાંથી ૧૯૮૪થી ફોટોગ્રાફી તરફ વળી ગયો.'

દિલહાસભાઈ સ્વભાવે અહમરહિત, સાલસ અને શરમાળ, એટલે એમનો ચાહકવર્ગ પણ બહોળો છે. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીની પ્રેરણા સુખ્યાત ફોટોગ્રાફર શ્રી સુલેમાન પટેલ દ્વારા મળી અને એમાં પોતાની મૌલિકતા ઉમેરાતાં એમની આગવી રીત ઊપસી આવી. નેહરુ ફાઉન્ડેશનના પ્રખ્યાત પક્ષીવિદ શ્રી લાલસિંહ માનસિંહ રાઓલ પાસેથી યે ઘણું માર્ગદર્શન મેળવ્યું છે. આ રાઓલસાહેબે પક્ષીઓ વિષે લખેલાં પાંચ પુસ્તકોનો પણ એમને અભ્યાસ છે. ઈનામ કે એવોર્ડ માટે નહિ પણ કેવળ નિજાનંદ માટે તેઓ ફોટોગ્રાફી કરે છે. આજે વિલાઈ રહેલાં પક્ષીઓને ભાવિ પેઢી માટે તેઓ ફોટોગ્રાફી નોંધી-સંઘરી રાખે છે.




સાપુતારા, વડોદરા, ભાવનગર, ધરમપુરના મ્યૂઝીઅમોમાં એમણે લીધેલા પક્ષીપ્રાણીઓના ફોટોગ્રાફ

(અનુસંધાન પાન ૨૪૩ ઉપર)



એક અરબી શબ્દ છે હરમ. તેનો મૂળ અર્થ છે : તેણે મનાઇ કરી, નિષેધ કર્યો. આપણે જે હરામ શબ્દ વાપરીએ છીએ તે કદાચ આના પરથી આવ્યો છે. આ હરમ પરથી 'મુહર્રમ' એવું માસનામ બન્યું અને તે અરબોની વર્ષગણનામાં વર્ષના પહેલા માસને અપાયું. મોહરમ એ એનું સરલતા પામેલું નામસ્વરૂપ છે. ઇસ્લામના ઉદ્ભવ પૂર્વે અરબોમાં આ માસ બહુ પવિત્ર ગણાતો અને એથી આ માસ દરમિયાન યુદ્ધ કે રકતપાત તથા ધર્મ, નીતિ કે વ્યવહારથી વિરુદ્ધ એવું અપવિત્ર, અધાર્મિક યા અઘટિત કોઇપણ કામ કરવાનું નિષિદ્ધ ગણાતું. પરંતુ ઇસ્લામના આગમન પછી આ જ માસમાં હજરત ઇમામની હત્યા થવાથી તેને અશુભત્વ મળ્યું અને પછી તો આ માસમાં વિવાહાદિ શુભ કાર્યો કરવાં કે આ માસમાં જન્મ થવો એ પણ અશુભ ગણાવા લાગ્યું.





મોહરમ

શહીદે આઝમ હજરત ઇમામ હુસેનની બેજોડ ને પવિત્ર કુરબાનીનું સ્મૃતિપર્વ

હજરત ઇમામ હુસેનની શહાદતની યાદરૂપે કરબલામાં આવેલા એમના રોજાની નકલ જેવા તાજિયા બનાવી એમને અંજલિ અપાય છે. આ તાજિયા બનાવવાનો પણ એક આગવો કસબ છે. અહીં મથાળે ડાબી બાજુ અમદાવાદની છીપા જમાતનો (ઇ. ૧૯૮૭નો) સુંદર તાજિયો દર્શાવ્યો છે. જમણી બાજુનો તાજિયો (ફોટો : ઝવેરીલાલ મહેતા) અમદાવાદની દાઉદી વહોરા કોમના કસબી જનાબ અબ્દુલ હુસેને રાજાજીએ એકલા હાથે બનાવેલો છે. આ તાજિયો સોનાચાંદીનો છે, જેમાં કુરાનની પવિત્ર આયાતો પણ કંડારેલી છે. ચિત્રમાં નીચે ખૂણામાં તેના સર્જક દેખાય છે.

ઇસ્લામના સ્થાપક હજરત મહમદ પયગમ્બરના ઇ.૬૩૨ના જૂન માસની ૮મી તારીખે મૃત્યુ પામ્યા પછી તેમના સ્થાને કોણ ખલીફ એટલે કે પ્રતિનિધિ બને તે અંગે વિવાદ જાગ્યો. હજરત મહમદ સંબંધી સચવાએલી કથાઓ, સ્મૃતિઓ,એમના ઘડેલા ધારા-નિયમો વગેરેને સુન્ના કહે છે. અને તેમાં ચુસ્ત શ્રદ્ધા ધરાવનારાઓ સુન્ની કહેવાય છે. ખલીફનું પદ રાજકીય તેમજ ધાર્મિક નેતૃત્વનું પદ છે. વંશપરંપરામાં આ પદ ચાલી ન શકે. વયસ્ક, ડાહ્યો સ્વતંત્ર બુદ્ધિનો, વિદ્વાન, ધર્મજ્ઞ, ન્યાયી અને પ્રબળ શાસક એવા, હજરત મહમદની કુરેશ જમાતના ને કુરાનના સર્વ ધર્મનિયમનું પાલન કરનારા પુરુષને ખલીફ તરીકે ચૂંટવાની તરફેણ આ સુન્નીઓ કરતા હતા અને તે મુજબ તેઓએ ક્રમશઃ અબુ બક્ર, ઉમર અને ઉસ્માનને પોતાના નેતા-ખલીફા ચૂંટ્યા હતા. જ્યારે બીજો પક્ષ હજરત મહમદના સંબંધી-કુટુંબીઓમાંથી જ પોતાના નેતા નીમવામાં માનતો હતો, અને એ રીતે હજરત મહમદના પ્રથમ બીબી ખદીજાની પુત્રી ફાતીમાના પતિ, હજરત મહમદના ભત્રીજા અને એમના આદ્ય શિષ્ય અલીને હજરત મહમદની ગાદીના ખરા વારસ ગણી ઉપર કહ્યા તે ત્રણ ખલીફાને ગાદીનો અધિકાર નહોતો તેમ માનતા હતા, એટલે એ ત્રણના નેતૃત્વનો અસ્વીકાર કરી તેમણે હજરત અલીને નેતા ગણ્યા જેને તેઓ ઇમામ - ધર્મગુરુ ગણે છે. હજરત અલી, અને એમના વંશજો મળી કુલ બાર ઇમામો ગણાય છે, જેમાં હજરત અલીને તો લગભગ હજરત મહમદ જેટલું જ માન આપવામાં આવે છે. આ બીજો પક્ષ શિયા તરીકે જાણીતો છે, જે તેમના ધર્મનેતાને ઇમામ કહે છે અને એ પરથી તેઓ ઇમામી તરીકે ઓળખાય છે. ઇમામ હજરત અલી પછી ઇમામ હસન, હુસેન, ઝયનુલ આબેદીન, ઇમામ હસન, મોહમદ બાકિર, જાફરે સાદિક, મુસે કાઝિમ, અલી રઝા, મોહમદ તકી, અલી નકી, હસન અસ્કરી અને મેહદી સાહેબુઝ્ઝમાન એમ કુલ બાર ઇમામો છે. શિયાપંથીઓ માને છે કે કુરાનમાં કેટલોક ભાગ ખલીફ ઉસ્માને ઉમેરેલો છે, આથી તેટલો ભાગ કાઢી નાખી બાકીના કુરાનને તેઓ માને છે. વળી, તેઓ કુરાનમાં હજરત અલીની સવિશેષ પ્રશંસા ઉમેરે છે. અને કુરાનના કેટલાક ભાગનું અર્થઘટન પણ સુન્નીઓ કરતાં જુદું કરે છે. શિયાપંથીઓ પીરને માનતા નથી. કેટલાક શિયાઓ માસનો આરંભ વદ પ્રતિપદાથી કરે છે. સુન્નીઓ દિવસમાં પાંચ વાર અને શિયાઓ ત્રણ વાર નમાઝ પઢે છે.

હજરત મહમદે ભાખ્યા પ્રમાણે આગળ જતાં ઇસ્લામ ધર્મમાં બીજા પંથો પણ પ્રકટ્યા, પરંતુ એ બધામાં ધાર્મિક મતભેદો બહુ થોડા છે. છતાં શિયાઓમાંથી પ્રકટેલો એક પેટા પંથ નોંધનીય છે. સૂફી નામથી ઓળખાતા એ પંથમાં વૈરાગ્યની ભાવનાનું આચરણ છે. તેના પ્રતીક રૂપે સૂફનું એટલે કે બકરાંના ઊનનું એક વસ્ત્ર ધારણ કરતા હોઇ તેઓ સૂફી કહેવાય છે. હિન્દુ ધર્મના અદ્વૈતવાદને મળતા સિદ્ધાંતો સાથે પ્રેમલક્ષણા ભકિત જેવા ખ્યાલો પર તેમાં ભાર આપવામાં આવ્યો છે.

ઇસ્લામના ચલણવાળા દેશોમાં ઇરાન અને ભારતના કેટલાક ભાગ સિવાય સુન્નીઓનું જ ચલણ વિશેષ છે, અને દુનિયામાં અગ્રગણ્ય ગણાતા

ધર્મોમાં તેનું આગળ પડતું સ્થાન છે. શિયા અને સુન્નીના ઝઘડાથી ઇસ્લામની એકરૂપતા અને એકવાક્યતા સારી પેઠે જોખમાઇ છે. તેનું એક મોટું કારણ એ છે કે એ કાળે ઇસ્લામ ધર્મ અને મુસલમાન પ્રજા બંને ખલીફાના નિયંત્રણમાં હતાં. ખલીફાની મંજૂરી સિવાય ત્યારે ધાર્મિક રીતરસમોમાં કોઇથી કંઇ ફેરફાર થઇ શકતો નહિ. આ ઝઘડો લાંબા સમય સુધી ચાલતો જ રહ્યો ને કાળાંતરે ખલીફાના ધાર્મિક નિયંત્રણોમાં ઢીલાશ આવતી ગઇ. ૧૯૧૮માં તુર્કસ્તાનના અધિનાયક કમાલ પાશાએ તો એ ખલીફાત જ ઉડાવી દીધી, અને આજે યે મુસ્લિમ દેશોમાં અવારનવાર જોવા મળતા ટંટાફિસાદોમાં શિયાસુન્ની મતભેદો પણ સંકળાએલા જોવા મળે છે. ઇસ્વીસનના સાતમા સૈકામાં સુન્ની પંથના ખલીફાએ શિયાપંથના હજરત ઇમામ હસન અને હુસેનની અમાનુષીપણે કરબલામાં જે હત્યા કરેલી તે આ શિયાસુન્ની ઝઘડાની એક ગોઝારી ઘટના છે. હિજરી સન ૬૧ના મોહરમ માસની ૧૦મી તારીખે બનેલી આ ગોઝારી ઘટનાને આજ સદીઓ વીત્યા પછી યે દર વર્ષે મોહરમ માસના પ્રથમ દસ દિવસમાં યાદ કરીને શિયાપંથીઓ તેનું માતમ મનાવે છે. કરબલામાં જ્યાં હજરત ઇમામ હુસેનની હત્યા થએલી ત્યાં તેમનો એક મકબરો બનાવ્યો છે. ઇ.સ.ના ૧૪મા શતકમાં ભારતથી અમીર તૈમૂર ૯૨ વર્ષે કરબલાની યાત્રાએ જતો. એક વર્ષે કોઈ કારણસર તેનાથી કરબલા જઈ શકાયું નહિ, ત્યારે તેણે એ મકબરાની પ્રતિકૃતિ બનાવી અહીં જ એના દર્શનથી સંતોષ માનેલો. ત્યારથી ભારતમાં એ મકબરાની પ્રતિકૃતિ બનાવી તેની સમક્ષ પંથના અનુયાયીઓ પોતાનો શોક વ્યક્ત કરી એમના શહીદે આઝમને અંજલિ આપે છે. એવું પણ કહેવાય છે કે તૈમૂર કોઈ જાતિઓનો નાશ કરવા માટે કરબલા ગયેલો અને ત્યાંથી કોઈ સ્મૃતિચિહ્ન લાવેલો, જેને એ પોતાની સેનાની આગળ લઈને ચાલતો હતો. એમાંથી તાજિયાની પ્રથા ચાલુ થએલી છે.

તાજિયા શબ્દ એ મૂળ અરબી તઅઝિયા પરથી બન્યો છે. આપણે ત્યાં એ 'ડોલા' તેમજ 'તાબૂત' નામે પણ ઓળખાય છે. પોતાની સંપત પ્રમાણે ચાંદીથી માંડી વાંસ સુધીના પદાર્થો વાપરીને એ બનાવાય છે. સામાન્યતઃ વાંસની છોયો બાંધી તેની ઉપર રંગબેરંગી કાગળ, અબરખ, કાચ વગેરે ચોડીને હજરત ઇમામસાહેબના મકબરાને લક્ષમાં રાખીને તેના જે આકારો રચાય છે તેનાથી તો આપણે સૌ પરિચિત છીએ. મોહરમ માસના શોકાંજલિના દિવસો આજે તો પર્વ જેવા બની ગયા છે અને તે પણ 'મોહરમ' નામે ઓળખાય છે.

મોટા શહેરોમાં તો મહોલ્લાના તેમજ જુદાંજુદાં જૂથના પોતાના અલગ તાજિયા બને છે. આ જ રીતે શહેરોમાં 'ઇમામબારા' બંધાયા હોય છે ને તેને મોહરમના દિવસોમાં ધજાપતાકા, હાંડીઝુમ્મર, કિંમતી કાપડ ઇત્યાદિ વિધવિધ પદાર્થોથી શણગારે છે. અહીં મક્કા તરફ મોં રાખી તાજિયાની પ્રતિષ્ઠા કરાય છે. તેની પાસે ઇમામ હુસેનનાં આયુધો, વસ્ત્રો, ખાદ્યપદાર્થો વગેરે પણ મૂકવામાં આવે છે. મીણબત્તીઓ તેમજ રંગરંગીન દીવાઓ વગેરેથી બધું ઝાકઝમાળ લાગે છે.

તાજિયાની પાસે એક બેઠક હોય છે, જ્યાં બેસીને એક મૌલવી 'મજલિસ'માંથી રોજ થોડોથોડો ભાગ વાંચી સંભળાવે છે. આ પછી સવાર-સાંજ 'મરસિયા' ગવાય છે ને છેવટ કરબલાના શહીદોનાં નામનાં છાજિયાં લેવાય છે. સ્ત્રીઓ માટે આવો જ કાર્યક્રમ અલગ હોય છે.

મોહરમના દિવસોમાં સર્વ પ્રકારના સુખ-ઉપભોગનો ત્યાગ કરી ઘણાં લોકો વ્રત રાખે છે. કેટલાંક તો આ દિવસે પાણી પણ પીતાં નથી; કારણ શત્રુઓએ ઇમામ હુસેન અને તેમના કુટુંબનાં તથા સાથેનાં લોકોને ધગધગતા રણમાં ઘેરી લઈ પાણી સુધ્ધાં પીવા દીધું નહોતું. પાણી વિના આ સૌને જે વ્યાકુળતા સહેવી પડી હતી તેવી બીજા કોઈને વેઠવી ન પડે એવી ભાવનાથી આ દિવસો દરમિયાન લોકોની અવરજવરના માર્ગો પર સુવાસિત ઠંડા જળની પરબો પણ મંડાય છે, અને ક્યાંકક્યાંક તો પીણાના બદલે શરબત કે દૂધની પરબો પણ ચાલે છે.

છેલ્લા દિવસે ગામના બધા તાબૂતોનું સરઘસ નીકળે છે. તેમાં તાજિયા બનાવનારની હેસિયત પ્રમાણે દરેક તાજિયાની આગળ હાથી-ઘોડાપાલખી વાજિંત્રો વગેરેની ધામધૂમ હોય છે. તાબૂતની સાથેનાં લોકો ઉઘાડે પગે દેહકષ્ટના પ્રયોગો બતાવતા જાય છે. શહાદતની આ ઘટનાનું વર્ણન વંચાતું જાય છે. સ્થળભેદે આમાં ઓછેવધતો તફાવત રહેતો હશે. ઇરાન, ઇજિપ્ત ભારત વગેરે દેશોમાં તાબૂતનું સરઘસ નીકળે છે. પણ અરબસ્તાનમાં એને અધાર્મિક ગણવામાં આવે છે. તાબૂતને મૂર્તિપૂજાનો એક પ્રકાર માની કટ્ટર મુસલમાનો તેનો વિરોધ કરે છે. પણ ભારતમાં મોટે ભાગે બધા મુસલમાનો તેમાં ભાગ લે છે. કેટલાક હિંદુઓ પણ તાબૂતની પૂજા કરે છે, તેની બાધા રાખે છે, તેને પાણી ઢોળે છે ને ખારેક-રેવડી જેવી ચીજોની ઉછામણી કરે છે. કેટલાક વળી ઓથાર આવતાં 'દુલાદુલા' પોકારતા ધૂણે પણ છે. તાબૂતની સાથે સરઘસમાં એક દાંડી ઉપર શણગારેલા હાથના પંજા-આકારનો ચાંદીનો 'નાલ' હોય છે, જે 'નાલસાહેબ' કે 'પંજાસાહેબ' નામે ઓળખાય છે.

આ આખું સરઘસ ગામ બહાર કબ્રસ્તાનમાં કે પાણી કાંઠે પહોંચે છે ને ત્યાં મૃત માણસ માટે તેમનામાં જે વિધિ થાય તેવો વિધિ કરી તાબૂતને દફનાવે છે અથવા પાણીમાં પધરાવે છે. આ પછી ત્યાં અન્ન, પાણી, ફળ ઇત્યાદિ પદાર્થો મૂકી સૌ ઘેર પાછા ફરે છે. કિંમતી પદાર્થોમાંથી બનાવેલા તાજિયાને વિધિ કર્યા પછી સાચવીને મૂકી રાખવામાં આવે છે.

મૂળ માતમ મનાવવાના આ દિવસો તેને માટેની ધામધૂમથી તહેવાર જેવા લાગે છે. પણ તેમાં માનનારાઓ માટે તો એ માતમનો પ્રસંગ જ છે. હજરત ઇમામને ભોગવવા પડેલા કષ્ટની યાદમાં અને તેને માટેની હમદર્દી દાખવવાના ખ્યાલથી ઘણા લોકો શરીરમાં સોયા ઘોંચીને કે ફટકા ખાઈને દેહકષ્ટની અનુભૂતિ દર્શાવે છે.

આ તાબૂતની રચના એક આગવું કલાકૌશલ બની રહ્યું છે. અને એથી એમાં જુદાજુદા પદાર્થોનો ઉપયોગ, વિધવિધ આકાર - રચનાઓ સાથે ક્યારેક તો અવનવી યાંત્રિક ચાતુરી પણ જોવા મળે છે. શહેરમાં તો તેમાં સ્પર્ધા પણ યોજાય છે ને તેની શ્રેષ્ઠતા માટે ઇનામો પણ અપાય છે. આમ અનેક લોકો માટે એ આકર્ષણનું કેન્દ્ર બને છે. - બિ. ટાંક

શહાદતે શહીદે આઝમ

પયગમ્બરે ઇસ્લામ હજરત મહમદસાહેબનાં પુત્રી ફાતમાબીબીને ત્યાં મદીનામાં હિજરી સન ૪માં માહે શાબાનની ૩જી તારીખે પુત્રને જન્મ થયો. પયગમ્બરસાહેબે પોતાના આ નવાસાનું 'હુસૈન' નામ રાખ્યું. ઇસ્લામીઓમાં આ નામ આ પછી જ પ્રચલિત બન્યું એમ મનાય છે. હજરત મહમદ-સાહેબના અવસાન પછી પચ્ચીસ વર્ષે એમના જમાઈ હજરત અલી ઇસ્લામના ચોથા ખલીફ બનેલા અને એમના પછી એ પદ એમના પુત્ર હજરત ઇમામ હુસૈનને મળતું હતું, પરંતુ એમ થયું નહિ, અને સિરિયાના અમીર મઆવિયાએ એ પદ હાથ કર્યું, મૂળ શરત એ હતી કે ખલીફાનું પદ વંશાનુગત નહિ પણ ચૂંટણી દ્વારા આપવું કે જેથી એ પદ કોઈ પારિવારિક ઇજારો બની ન રહે. ખલીફાને ધાર્મિક તેમજ શાસકીય બાબતો પર વર્ચસના અધિકાર હતા. આ શરતોનો ભંગ કરી અમીર મઆવિયાના અવસાન પછી તેની ગાદી યઝીદ બિન અમીર મઆવિયાને મળે એ માટે એને 'વીલ અહદ' પાટવી કુંવર જાહેર કરી દેવાયા હતા. ખલીફના પદને પોતાનો હક જાહેર કરી તેણે હજરત હુસૈન પાસેથી 'બૈત'ની માગણી કરી હતી.

હજરત અલીએ કૂફાને પોતાનું પાટનગર બનાવેલું એથી ત્યાં અહલે બૈતના તરફદારો પણ મોટી સંખ્યામાં હતા. તેઓએ પત્ર લખીને હજરત હુસૈનને તેમને ત્યાં તશરીફ લઈ જવા આમંત્રણ આપી તેઓ સૌ એમના જ પક્ષમાં હોવાની ખાતરી આપી હતી. હજરત ઇમામ હુસૈને પોતાના કાકાના પુત્ર મુસલિમ બિન અકીલને કૂફામાં બૈત કરવા મોકલ્યો અને પોતે પણ ત્યાં જવાની તૈયારી કરવા લાગ્યા. લોકલાગણી અને પસંદગીની દૃષ્ટિએ એમનું પલ્લું ભારે હતું જ. પણ ખલીફ બનવાને બદલે પોતાની જિંદગી ખુદાની ઇબાદતમાં જ પૂરી કરવા ઇચ્છતા હોઈ એ મદીનામાં જ રહેવા માગતા હતા, જ્યારે લોકમતને ઠોકર મારી યઝીદ ખલીફ બની બેઠો હતો. આ યઝીદમાં ખલીફને યોગ્ય એવી કોઈ લાયકાત હતી નહિ. એના જોહુકમી ભરેલા અત્યાચારી શાસનથી લોકો પણ ત્રાસી ગયાં હતાં.

લોકલાગણીથી પ્રેરાઈને અંતે જ્યારે હજરત હુસૈન સંબંધીઓને લઈને કૂફા જવા તૈયાર થયા ત્યારે એક સંબંધી ઇબ્ન અબ્બાસે તેમને વાર્યા પણ ખરા. કારણ કૂફાના શાસકો માટે વિશ્વાસભંગ તો સ્વાભાવિક હતો. અગાઉ પણ આ કૂફીઓએ આ પરિવાર સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આથી આ કૂફીઓ સામે અહિંસક જંગ માંડવા પોતાના ૭૨ ચુનંદા સાથીઓને લઈને એ કૂફા જવા નીકળ્યા. માર્ગમાં જહદ નામના એક સ્થળે ખબર મળી કે કૂફામાં યઝીદના સૂબા અબ્દુલ બિન ઝીયાદે બૈત માટે મોકલેલા મુસલિમ બિન અકીલની કતલ કરાવી નાખી હતી. આ જાણી હજરતના કેટલાક સાથીદારોએ કૂફામાં હવે એમનો કોઈ મદદગાર નથી અને યઝીદના માણસોનો કોઈ વિશ્વાસ કરાય તેમ ન હોઈ ત્યાં ન જવા માટે સમજાવ્યા. પરંતુ બીજા કેટલાકે મુસલિમ બિન અકીલની હત્યાનું વેર લેવાનો નિર્ધાર કર્યો. જોકે હજરતને હવે જીવનમાં કોઈ રસ રહ્યો નહોતો.

હિ. સ. ૬૧ની ૨ જી મોહરમે તેઓ સૌ કરબાલા પહોંચ્યા. અહીં પાણીની બહુ ખેંચ હતી. તેઓનો જ્યાં પડાવ હતો ત્યાંથી પાસેની એક પહાડીમાં ફરાત નામની નાનકડી નદી વહેતી હતી એ જ. પણ બીજા જ દિવસે યઝીદના સૈનિકોએ એમને ઘેરી લીધા, એટલું જ નહિ પાણી માટે પણ તેમને આઘાપાછા થવા જેવી સ્થિતિ રહેવા દીધી નહીં. તાપ, ભૂખ અને તરસથી આ સૌ તરફડવા લાગ્યા પણ દુશ્મનોએ સહેજ પણ રહેમ બતાવી નહીં અને તાબે થઈ જવા ફરમાવ્યું. પરંતુ હજરત હુસેને આ અધર્મી અત્યાચારીઓ સામે ઝૂકવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. પણ આ રણનો તાપ અને ભૂખતરસથી પરેશાન તેઓ શત્રુઓ સામે ક્યાં સુધી ટકી શકે ? અને લડીને લોહી વહેવડાવા પણ તેઓ ઇચ્છતા નહોતા.

અંતે હરજરત ઇમામે શત્રુઓને સમજાવવા કોશિશ કરી. પયગમ્બર-સાહેબ સાથેના પોતાના નાતાની યાદ આપી, તેમણે પોતે કે પોતાના અનુયાયીઓએ જે સત્ય સ્વીકાર્યું છે તેને વળગી રહીને પોતાના હક માટે પણ કોઈ જાતની હિંસા આદરી નથી તે કહ્યું. પોતે કદી કોઈ અસત્ય આચર્યું નથી કે કદી કોઈનું કંઈ છીનવી લીધું નથી. તો પછી શા કારણે એમની આમ હત્યા કરવા માટે યઝીદીઓ તૈયાર થયા ? અને એ કઈ રીતે ન્યાયી છે ? અને જો મારી જ નાખવા હોય તો આમ રિબાવવાને બદલે તુરત મારી નાખવા કહ્યું. (અનુસંધાન પાન ૨૪૮ ઉપર)

મજારે શરીફ

ઇસ્લામના ઇતિહાસમાં અગ્રગણ્ય વ્યક્તિઓમાં હજરત અલીનું નામ મહમદ પયગંબર પછી ઘણું મહત્ત્વ અને આદર ધરાવે છે. તેઓ પયગંબર સાહેબના જમાઈ હતા. પયગંબર સાહેબના અવસાન પછી આરંભથી જ એમના ઉત્તરાધિકારી માટે મતભેદ હતો. સુન્નીઓ કોમમાંથી ચૂંટાએલા ખલીફને અનુસરતા, જ્યારે તેમનાથી ભિન્ન મતના શિયાપંથીઓનું કહેવું હતું કે પયગંબર સાહેબ પોતે જ હજરત અલીને પોતાના ઉત્તરાધિકારી માનેલા. શિયાપંથીઓ એમને ઇમામ ગણતા.

આ હજરત ઇમામ અલીને ક્યાં દફનાવ્યા છે એ અંગે પણ મતભેદ છે. ઘણા મુસલમાનો માને છે કે ઇરાકમાં અલ કુફાલી પાસે એમની ખરી મજાર છે. પણ અફઘાનિસ્તાનમાં એમનો જે મકબરો - મજારે શરીફ છે (જુઓ પૂઠા પરનું ચિત્ર) એ જ એમની ખરી આરામગાહ હોવાના મતને પણ મોટો ટેકો છે. શિયાપંથના આશ્રયદાતા અનુયાયીઓએ આ ખયાલ પ્રસાર્યો હોય, પણ સુન્નીઓમાં પણ અલીસાહેબનો એટલો જ આદર થાય છે. આથી હજરત ઇમામ અલી જેવા પવિત્ર પુરુષની સ્મૃતિ જેની સાથે સંકળાયેલી છે એનું આ સમાધિસ્થાન બધા મુસલમાનો માટે આદરણીય છે.

તિમૂર પછીના અફઘાનિસ્તાનમાં સ્થાપત્યોમાં આ મકોબરો અને મસ્જિદ એ સમયની શોભનશૈલીમાં અત્યંત અલંકૃત અને નયનાકર્ષક છે. પહાડીઓવાળા આ વેરાન પ્રદેશમાં વસતા અફઘાનો માટે અહીં શોભનાર્થે વપરાએલી ચળકતી ભૂરી લાદીઓનો રંગ શાતા આપે છે. અફઘાનિસ્તાનમાં આવી ભૂરી લાદીઓ અહીં જેટલી અન્યત્ર ક્યાંય વપરાઈ નથી. ઇસ્ફહાનની મસ્જિદના વૈવિધ્યપૂર્ણ મોઝેઈ (કપચીકામ) અને લાદીઓના શોભનયુક્ત જડતર સાથે તે સામ્ય ધરાવે છે. શિયાપંથનું આ સ્મારકસ્થાન હોઈ કદાચ ઇરાનના શિયાઓથી કારીગરોને અહીં આ કામ માટે બોલાવ્યા હોય. આ મસ્જિદના મુખ્ય પ્રવેશદ્વારની બાજુના સ્તંભો પરની વળ ખાતી ભાત કદાચ બલ્ખ બાજુની કલ્પનાનું અનુસરણ હોય. કારણ બલ્ખમાં ખ્વાજા પર્સાના મકબરામાં આવી ભાત જોવા મળે છે. મજારે શરીફની વિશેષ ખ્યાતિ એ પણ છે કે સદીઓથી એનું માહાત્મ્ય સતત જળવાતું આવ્યું છે.

કાળકોટડીનું 'રાક્ષસી તૂત'

ભારતના વિદ્યાર્થીઓ તેમના ઈતિહાસના પાઠ્યપુસ્તકમાં આવતા કલકત્તાની કાળકોટડીના કિસ્સાથી પરિચિત હશે. પાઠ્યપુસ્તકો સિવાય પણ અંગ્રેજોએ આ દેશ પરના એમના શાસનકાળ દરમિયાન આ કિસ્સો વિશ્વભરમાં ભારતને બદનામ બનાવવા ચગાવેલો. પરંતુ વાસ્તવિકતા આ કાલ્પનિક કિસ્સા કરતાં જુદી જ હતી.

આ કિસ્સો ઉપજાવી કાઢવા બદલ કોઈ જવાબદાર હોય તો તે હોલવેલ નામનો અંગ્રેજ. મદ્રાસ અને કર્ણાટકની જેમ બંગાળને પણ અંગ્રેજો અને ફ્રેન્ચો એકબીજા સાથે યુદ્ધનું મેદાન બનાવી ન દે એટલા માટે બંગાળના નવાબ સિરાજુદ્દૌલાએ ઇ. ૧૭૫૬ના જૂનમાં કલકત્તા પર આક્રમણ કરી તેમની ફોર્ટ વિલિયમની કોઠી કબજે કરેલી એ વાત સાચી, તેમ એ કોઠીમાંના જ 'બ્લૅક હોલ' અથવા 'કાળકોટડી' તરીકે ઓળખાતા કેદખાનામાં કેટલાક અંગ્રેજોને પૂરેલા એ વાત પણ સાચી. આક્રમણ થતાં જ ફોર્ટ વિલિયમનો ગવર્નર ડ્રેક તો તેના સાથીઓ સાથે નાસી છૂટેલો. જે થોડોઘણો સામનો થયો તે થાળે પડતાં સિરાજુદ્દૌલાએ થોડાક જણને અંગ્રેજોએ જ ઊભી કરેલી એ કાળકોટડીમાં પૂરી દઈ વળતી સવારે છોડી મૂકવાનો હુકમ કરેલો.

હોલવેલે આ ઘટનાનો પોતાની પદોન્નતિ માટે પૂરેપૂરો લાભ ઉઠાવવાનું નક્કી કર્યું. એ સ્વભાવે જ નીચ હતો. ફોર્ટ વિલિયમના બચાવમાં પોતે મોખરે હોવાનો ભ્રમ ઊભો કરવા સાથે કાળકોટડીના બનાવનો પોતે સાક્ષી હોય તેમ લખ્યું કે ઇ. ૧૭૫૬ના જુલાઈની ૨૦મી ને રવિવારે ૧૪૬ અંગ્રેજોને બ્લૅકહોલમાં પૂરી દેવામાં આવ્યા, જેમાંથી માત્ર ૨૩ અધમૂઆ જેવા બીજા દિવસે બહાર આવ્યા. આ જૂઠાણા પર શગ ચડાવવાને એણે પોતાના ખર્ચે કાળકોટડીના એ કહેવાતા શહીદોનું એક સ્મારક પણ ઊભું કર્યું.

સિરાજની ઉદારતા એ હતી કે કંપનીનો ખજાનો છુપાવ્યો હોવાના શક પરથી તેના સૈનિકો હોલવેલને પકડીને તેની સમક્ષ લાવ્યા ત્યારે તેણે રહેમ લાવી કહી દીધું, 'એની પાસે જે હોય તે છો એની પાસે જ રહ્યું. એને છૂટો કરી દો.' આક્રમણ થાળે પડ્યા પછી એક પીધેલા અંગ્રેજે સિરાજના સૈનિકોને ઘાયલ કરતાં તેણે રહ્યાસહ્યા અંગ્રેજોને રાતભર અટકાયતમાં રાખવા કહી દીધું. તેને બ્લૅકહોલ અથવા કાળકોટડીની જેલ કેવી હતી તેનો ખ્યાલસરખો નહોતો. એ હતી માત્ર સળિયાની બે નાનીસરખી જાળી સાથેની ૧૮ ફુટ લાંબી અને ૧૪ ફુટ ૧૦ ઈંચ પહોળી કોટડી, જેનો દરવાજો અંદર ખૂલતો હતો, બહાર નહિ. ગણિતનું સામાન્ય જ્ઞાન પણ કહી આપે કે અંદરના ભાગે ખૂલતા દરવાજાવાળી આવી કોટડીમાં ૧૪૬ માનવીઓનો સમાવેશ પ્રથમ નજરે જ અશક્ય હતો.

પરંતુ આ શક્યતા હોલવેલને ક્યાં જોવાની હતી? એને તો નામના મેળવવી હતી, કેમ કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં એના સ્વભાવના કારણે કશો ભાવ પુછાતો નહોતો. ક્લાઈવ સુધ્ધાંએ એના માટે લખેલું કે એ એની શક્તિઓનો ઉપયોગ કંપનીના હિતમાં કરશે એવું માનવાને 'હું તૈયાર નથી.' ફોર્ટ વિલિયમના બચાવમાં પોતે મોખરે હોવાનો એણે ઊભો કરેલો ભ્રમ પણ માનવા કોઈ તૈયાર નહોતું અને બચાવમાં મોખરે રહેવા બદલ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટરોએ હોલવેલને નહિ પંરતુ પૉલ રિચાર્ડ પર્કીસને પ્રશંસા અને બક્ષિશથી નવાજેલો. અને તેમ છતાં તેણે કાળકોટડીના કહેવાતા શહીદોનું સ્મારક ઊભું કર્યું.

કાળકોટડીની ઘટના બનેલી ઇ. ૧૭૫૬ના જૂનની તા. ૬ ને રવિવારે, જ્યારે આ જૉન ઝેફાનિયા હોલવેલ સાહેબે તેમના 'ઇન્ડિયા ટ્રૅક્ટસ'માં એ તારીખ દર્શાવી છે ૨૦મી જૂન અને રવિવાર. એના આ જૂઠાણા સામે સૌ-પહેલી શંકા ઉઠાવેલી મુર્શીદાબાદના ખુદ અંગ્રેજ રેસિડન્ટ જે. એમ. લિટલટને, જેણે હોલવેલે આલેખેલા કિસ્સાને 'રાક્ષસી તૂત' ગણાવેલ છે. એ વખતની ગવર્નરની કાઉન્સિલના હોલવેલ સિવાયના કોઈ કાઉન્સિલરે પોતે આ કિસ્સાથી વાકેફ હોવાનો મૌખિક કે લેખિત એકરાર કરેલો.

હોલવેલે પોતાના ખર્ચે ઊભા કરેલા સ્મારક પ્રત્યે કોઈએ પૂરતું લક્ષ ન આપ્યું. એ ભાંગતુંતૂટતું રહેલું ત્યાં ઇ. ૧૮૨૧માં તેના પર વીજળી પડતાં તે તદ્દન ખંડેર બની ગયું એટલે તે વખતના ગવર્નર-જનરલ માર્કિવસ હેસ્ટિંગ્સે તે આખું તોડાવી પાડ્યું. જો હોલવેલના કિસ્સામાં તથ્યનો અંશ પણ હોત તો અંગ્રેજ સરકાર તેનો જીર્ણોદ્ધાર કરાવ્યા વિના રહેત? જે ૨૩ જણને એણે કાળકોટડીમાંથી જીવતા બહાર નીકળેલા જણાવ્યા છે તેમાંનો કોઈક તો તેના આ તૂતનું સમર્થન કરત ને?

હોલવેલે સ્મારક પર આંકેલા કહેવાતા શહીદોની નામાવલિમાંના કેટલાક તો ફોર્ટ વિલિયમ પરના આક્રમણ પહેલાં મરી પરવારેલા, જ્યારે કેટલાક ૨૦મી જૂન પછી પણ જીવતા હતા. કેટલાક સિરાજના સૈન્યની સામે લડતાંલડતાં માર્યા ગયેલા તેમનાં નામ પણ તેણે આ કહેવાતા શહીદોની નામાવલિમાં મૂકી દીધાં છે. ફોર્ટ વિલિયમમાંના કુલ ૫૧૫ જણમાંથી ૫૦ને તો નાસી છૂટેલો ગવર્નર ડ્રેક પોતાની સાથે લઈ ગયેલો, બાકીનાનો મોટો ભાગ લડતાંલડતાં માર્યો ગયેલો. યુદ્ધના અંતિમ દિવસના આગલા દિવસે સાર્જન્ટ હેડલબર્ગ પોતાના ૫૬ ડચ સૈનિકો સાથે નાસવા જતાં લેફ્ટનન્ટ બ્લાગ અને એનસાઈન પિકાર્ડે એમને અટકાવતાં એ બન્નેની હત્યા કરી ડચ સૈનિકો નાસી છૂટ્યા. નાસી છૂટેલાઓમાં જે આઠ અંગ્રેજોનાં નામ મળ્યાં છે એમાં એક નામ લેડી રસેલનું છે, જે ફોર્ટમાં હૉસ્પિટલ સંભાળતી હતી. બાકીનામાંના હિંદીઓ, આર્મીનિયનો અને પોર્ટુગીઝોને સિરાજે એમના એમ જવા દીધેલા. જી. એચ. લિટલે આંકડાબદ્ધ પુરાવાઓ સાથે સાબિત કર્યું છે કે સિરાજે રાતભર જેમને અટકમાં રાખવા ફરમાવેલું એ અંગ્રેજોની સંખ્યા માત્ર ૯ હતી જેમાંના ૩ મરણ પામેલા, અને એ મોત પણ તેઓ ખરાબ રીતે ઘવાયેલા હોવાના કારણે નીપજેલું. અને છતાં એક વ્યક્તિની નીચતાએ એક આખા રાષ્ટ્રને ઈતિહાસમાં બદનામ કરવામાં કંઈ બાકી નથી રાખ્યું! □

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં અંગ્રેજોએ વિજયી નીવડી દિલ્હીનો કબજો લીધો કે એક પછી એક મસ્જિદનો કબજો લેવા માંડ્યો, જેમાંની કેટલીકમાં પોતાની પલટનનો મુકામ રાખ્યો, કેટલીકનો રસોડા તરીકે તો કેટલીકનો તબેલા તરીકે ઉપયોગ કરવા માંડ્યો. મુસ્લિમો પ્રત્યેની વેરની આગમાં પાગલ બનેલા અંગ્રેજોએ મુસ્લિમોની એવી તો કત્લ ચલાવી કે પોતાની આલીશાન હવેલીઓ જ નહિ પરંતુ પોતાની પાસેનાં સોનાચાંદી પણ વેચીને તે ભાગી છૂટવા માંડ્યા - સોનું ચૌદ રૂપિયે તોલાના ભાવે અને ચાંદી બાર આને તોલાના ભાવે.

અંગ્રેજોની વેરપિપાસા તેમને મુગલાઈના તમામ શાનોશૌકતનો નાશ કરવા ભણી દોરી ગઈ. સર જોન લૉરેન્સને કેટલાક અંગ્રજોએ જામા મસ્જિદ તોડી પાડવાની તો કેટલાંક આગ્રાનો તાજમહેલ તોડી પાડવાની સલાહ આપી. ત્યારના ગર્વનર જનરલ કેનિંગની પત્નીએ તો ઈંગ્લન્ડમાંના એના એક સંબંધીના પત્રમાં લખી પણ નાખ્યું કે જે ઇમારતો તોડી પાડવામાં આવે તેના પહેલીથી ફોટોગ્રાફ લઈ લેવાનું સરકારી ફોટગ્રાફર મરેને સૂચવી દેવામાં આવ્યું છે.

આ ધ્વંસલીલાનો આરંભ ફતેહપુરી મસ્જિદથી કરવાનું નક્કી કરવામાં આવ્યું, જે શાહજહાંની માનીતી બેગમ ફતેહપુરીના નામે ખાસ લાલ રંગના પથ્થરથી બાંધવામાં આવેલી. પંરતુ સર જૉન લૉરેન્સને તે તોડી પાડવા કરતાં લીલામમાં વેચી દઈ તેનાં નાણાં ઉપજાવવામાં વધુ ડહાપણ લાગ્યું, અને લીલામનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

લીલામના દિવસે જામેલી જંગી મેદની વચ્ચે બોલી શરૂ થઈ, જેમાં સૌથી મોટી બોલી દિલ્હીના કટરાનીલમાં રહેતા લાલા છન્નામલની હોઈને ઓગણત્રીસ હજાર રૂપિયામાં બાજુની દુકાનો સહિત ફતેહપુરી મસ્જિદ તેમને વેચી દેવામાં આવી. લાલા છન્નામલ દિલ્હીના ત્યારના એક નામાંકિત વેપારી અને શરાફ હતા. ઇ. ૧૮૬૨માં દિલ્હીમાં સ્થપાએલી પહેલી મ્યુનિસિપાલિટીના એમને કમિશનર અને ૧૮૬૪માં ઑનરરી મેજિસ્ટ્રેટ બનાવી અંગ્રેજોએ તેમને 'રાય'નો ખિતાબ, કિંમતી પોશાક અને સોનાના ચાંદથી નવાજેલા.

લાલા છન્નામલે ફતેહપુરી મસ્જિદ ખરીદી લીધી હોવાની જાણ થતાં તેમના કેટલાક મુસ્લિમ મિત્રો અને અન્ય મુસ્લિમો સાથે મળ્યા. મસ્જિદની ખરીદીની વાત નીકળતાં તે બોલ્યા : 'તમે એમ માનો છો કે ઈશ્વરના એ ઘરને હું મારી ખાનગી મિલકત બનાવી દઈશ ? મસ્જિદ સાવ સૂની પડી રહે એ પણ અપશુકન ગણાય. દુકાનો ભલે મારે કબજે રહી, પણ મસ્જિદ તો તમારી ઇબાદત માટે જ છે.' સાંભળીને લાલાજીના મુસ્લિમ મિત્રો તેમને ભેટી પડ્યા; અન્ય ઉપસ્થિત મુસ્લિમોની આંખમાં પણ કૃતજ્ઞતાનાં ઝળઝળિયાં આવી ગયાં.

અંગ્રેજોએ જામા મસ્જિદનો પણ કબજો લઈ, મુસ્લિમોનો પ્રવેશ બંધ કરી દીધો હતો. આ મસ્જિદની ત્યારની હાલત પર કોઈકે રચી કાઢેલો શેર જાણીતો છે કે

દિલ ખુશ હુઆ હૈ મસ્જિદે વીરાન દેખ કર;
મેરી તરહ ખુદા કા ભી ખાના ખરાબ હૈ.

પાંચ વરસ સુધી સખ્ત પહેરા નીચે રહેતી આવેલી જામા મસ્જિદને મુક્ત કરવાનો કોઈ માર્ગ ન રહેતાં કેટલાક અગ્રગણ્ય મુસ્લિમો મેરઠના ખાનબહાદુર શેખ ઇલાહીબક્ષ સી. આઈ. ઈ. પાસે પહોંચ્યા, જે અંગ્રેજોના મિત્ર હતા. તેમણે અંગ્રેજોને બે લાખ રૂપિયા આપી મસ્જિદ તેમના કબજામાંથી છોડાવી, અને ઇ. ૧૮૬૨ના નવેમ્બરની એક સાંજે જામા મસ્જિદ ફરી અઝાનની બાંગથી ગુંજી ઊઠી.

દિલ્હીના અમીરોગરીબ મુસ્લિમોએ ભેગા મળી ઇ. ૧૮૯૫માં લાલા છન્નામલ પાસેથી ફતેહપુરી મસ્જિદ પાછી ખરીદી લઈ તેનું સમારકામ કરાવી એક સમિતિને તેનો વહીવટ સોંપ્યો. લીલામમાં ખરીદેલી એ મસ્જિદ પર લાલા છન્નામલનો પૂરેપૂરો કાયેદસરનો અધિકાર હોઈ તે પોતાની મરજી મુજબ તેનો ઉપયોગ કે ગેરઉપયોગ કરવાને સ્વતંત્ર હતા, પણ લાલાજી માત્ર દોલતની નજરે નહિ, દિલની નજરે પણ સાચા અમીર હતા. ખુદાના ઘર માટે એમના દિલમાં એ જ ઇજ્જત હતી જે કોઈ પણ પાક મુસ્લિમના દિલમાં સંભવે.

અશોક હર્ષ

कथासरित्सागर

કનુભાઈ જાની

મિલનોત્સુક શ્રીદત્તે રાતઆખીમાં તો ઠીકઠીક રસ્તો કાપી નાખ્યો, અને પ્રભાતનો પ્રથમ પ્રહર વીત્યે વિંધ્યાટવિમાં આવી ચડ્યો. ત્યાં પહેલાં એને અપશુકનો થયાં; પછી (આગળ જતાં) રસ્તે ભાવનિકાસહિત સૌ મિત્રોને ઘવાયેલી દશામાં પડેલાં જોયાં. એને ત્યાં આવી પહોંચેલો જોતાં જ ગભરાટ સાથે એ કહે : 'આજે અમે લૂંટાઈ ગયાં ! ઘણા અશ્વોવાળી એક સેના ત્રાટકી ! અમારી આવી (ઘાયલ) દશા જોતાં જ એ સમામાંનો એક સવાર, ભયવિહ્વળ રાજકુંવરીને પોતના ઘોડા પર ખેંચી લઈ, (હમણાં જ) ઉપાડી ગયો. એ બહુ દૂર નીકળી ન જાય, માટે તમે ઝટ એની પાછળ પડો. અહીં અમારી પાસે રહેવાની જરૂર નથી. અત્યારે તો (અમારા કરતાં) એ (કુંવરી) જ સર્વાધિક મહત્ત્વની છે.'

મિત્રોના આવા આગ્રહથી, વળીવળીને એમની તરફ પણ નજર નાખતો નાખતો શ્રીદત્ત, વેગપૂર્વક રાજકુંવરીની દિશાને અનુસર્યો. થોડે જતાં જ એ ઘોડેસવારોની સેનાનો ભેટો થઈ ગયો. એની મધ્યમાં એક યુવાન ક્ષત્રિય ઘોડેસવાર યોદ્ધાને એણે જોયો. એના ઘોડા ઉપર એણે પકડી રાખેલી રાજકુંવરીને પણ એણે જોઈ, ને એટલામાં તો તે એ બન્નેની લગોલગ પહોંચી ગયો. વિનંતીથી કાંઈ એ કુંવરીને છોડે એમ નહોતો એટલે એક પાટુથી એને ઘોડેથી નીચે પથ્થર પર પટકીને, શ્રીદત્તે એના ચૂરેચૂરા ઉડાડી દીધા. એને પૂરો કરીને, એને જ ઘોડે ચડીને, બહુ ક્રોધથી પોતાનો સામનો કરવા ધસી આવેલા અન્ય ઘોડેસવારોને પણ પૂરા કર્યા. જે બચ્યા તે, એને એવે (વિફરેલે) રૂપે, કાંઈક અમાનુષી પરાક્રમ કરતો જોઈને, ભયના માર્યા પોબારા ભણી ગયા. એ પણ પછી એ રાજકુંવરી મૃગાંકવતીની સાથે ઘોડેસવાર થઈ મિત્રો ભણી પાછો વળ્યો. થોડેક જ ગર્યો હશે ત્યાં સંગ્રામમાં ઘણા ઘાથી વેતરાયેલો એ ઘોડો પડ્યો. શ્રીદત્ત અને એની ભાર્યા નીચે ઊતર્યાં. અશ્વ તરત જ પંચત્વને પામ્યો.

એ જ વખતે વળી, ભય ને થાકથી ત્રસ્ત થયેલી એની પ્રિયા મૃગાંકવતીને સખત તરસ લાગી. એને ત્યાં જ રહેવા દઈ, શ્રીદત્ત પાણીની શોધ અહીં-તહીં કરતાં દૂરદૂર નીકળી ગયો, પાણી શોધતાંશોધતાંમાં તો સૂરજ ઢળી ગયો ! પાણી તો મળ્યું પણ રસ્તો ખોવાયો ! ચકવાની માફક પ્રિયાનું રટણ કરતાંકરતાં જ વનમાં એની આખી રાત વીતી. પ્રભાત થતાં જ એ પેલો અશ્વ જ્યાં પડ્યો હતો એ સ્થાને તો આવી પહોંચ્યો, પણ ત્યાં પોતાની પ્રિયતમાને ન જોઈ ! અહીં-તહીં (ચોપસ) જોવાના મોહમાં, પોતાના મૃગાંક નામે ખડ્ગને નીચે રહેવા દઈ,એ વૃક્ષની ટોચે ચડ્યો. એ જ વખતે એ માર્ગેથી ત્યાં આવી ચડેલા કોઈક'ભીલરાજે, વૃક્ષને મૂળે પડેલું પેલું મૃગાંક નામનું ખડ્ગ જોતાંજ, ઉઠાવી લીધું. એને જોતાં જ, વૃક્ષથી નીચે ઊતરીને, અતિ આર્જવભર્યે સ્વરે શ્રીદત્તે એ શબરાધિપને પોતાની પ્રિયા વિષેના ખબર પૂછ્યા. 'અહીંથી તમે મારે નેસડે જાવ. હું માનું છું કે એ પણ ત્યાં જ ગઈ હશે. હું પણ ત્યાં જ આવીશ, અને ત્યાં જ આ ખડ્ગ પણ તમને પાછું આપીશ.' એમ કહીને, શબરાધિપનો મોકલ્યો શ્રીદત્ત, શબરાધિપના માણસો સાથે, એને ગામડે પહોંચ્યો. 'તમે અહીં તમારો થાક ઉતારો' એમ એના માણસોએ કહેતાં, ત્યાં શબરને નેસડે પહોંચીને થાકેલો શ્રીદત્ત એક ક્ષણમાં ભર નિદ્રામાં પડ્યો. જાગ્યો ને જોયું તો બેય પગ બેડીઓથી બંધાએલા - જાણે પ્રિયાપ્રાપ્તિના બેય ઉપાયો નાકામિયાબ થતાં આ ગતિને પામ્યા' !

'ક્ષણે આનંદ, ને બીજી ક્ષણે જે દુઃખ નાખતી, / દૈવની ગતિના જેવી પ્રિયાનીયે થતી જ, હા !' એવા વિચારમાં એ પડ્યો હતો. ત્યાં એક વાર આવીને મોચનિકા નામની દાસી કહે, 'મહાભાગ ! અહીં ક્યાં આપ મૃત્યુ માટે આવી ચડ્યા ? (પેલા) ભીલરાજ (તો) પોતાની કાર્યસિદ્ધિની પેરવીમાં જ ક્યાંક ઉપડ્યા છે; આવીને ચંડિકા સમક્ષ આપનું બલિદાન ચડાવશે. એ ખાતર જ આપને છેક વિન્ધ્યાટવિને છેડેથી યુક્તિપૂર્વક ભોળવીને અહીં મોકલ્યા, ને પછી હાલ આમ બંધને જકડ્યા. આપ હવે દેવીના બલિ માટે જ કલ્પાયા છો; માટે જ સદા આમ ભોજનવસ્ત્રાદિથી આપની આગતાસ્વાગતા થાય છે. આમાંથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે - આપ જો માનો તો. આ ભીલરાજને એક પુત્રી છે નામે સુન્દરી. તમને જોયા ત્યારથી એ તમારા પ્રત્યે અત્યન્ત પ્રેમવિહ્વળ બની છે. એ મારી સખીને જો સ્વીકારો તો તમારું કલ્યાણ થાય.' એણે કહ્યું; શ્રીદત્તને છૂટવું તો હતું જ. એટલે સુન્દરીને એણે ગુપ્ત રીતે ગાંધર્વવિધિથી પોતાની પત્ની બનાવી. રોજ રાતેરાતે એ એનાં બંધનો છોડતી. એમ કરતાં થોડા જ સમયમાં એ તો સગર્ભા બની. સુન્દરીની માતાએ મોચનિકાને મુખેથી બધી વાત જાણી. જમાઈ પ્રત્યેના સ્નેહને કારણે પોતે શ્રીદત્ત પાસે ગઈ, ને કહ્યું, 'પુત્ર ! આ સુન્દરીના પિતા છે જ 'શ્રીચંડ' નામે, ભારે ક્રોધી. એ તને માફ નહિ કરે. એટલે તું અહીંથી છટકી જા ! પણ સુન્દરીને વિસરી મા જતો !' એમ કહીને સાસુએ જમાઈને મુક્ત કર્યો. પેલું શ્રીચંદ પાસે છે તે ખડ્ગ પોતાનું છે એ સુન્દરીને જણાવીને, શ્રીદત્તે ત્યાંથી ચલતી પકડી.

ફરીથી પાછી મૃગાંકવતીની ભાળ મેળવવાની અદમ્ય ઇચ્છાથી, ચિન્તાસભર ચિત્તે, પહેલા જ્યાં ભટક્યો હતો એ જ વિન્ધ્યાટવિમાં એણે ફરી પ્રવેશ કર્યો. શુકન સારાં થયાં. ફરી પાછો એ તે જ સ્થળે આવી ચડ્યો, જ્યાં એનો અશ્વ મર્યો હતો, અને જ્યાંથી એની વધૂ મૃગાંકવતીનું હરણ થયું હતું. ત્યાં એણે એક શિકારીને[1] પોતાની પાસે આવતો જોયો. જોતાં જ પેલી હરિણાક્ષી (મૃગાંકવતી)ના ખબર પૂછ્યા.

'(ત્યારે) તમે જ શ્રીદત્ત કે ?' એમ પેલા શિકારીએ પૂછ્યું. 'હા ભાઈ, એ જ અભાગી હું ' એણે નિઃશ્વાસ સાથે જવાબ આપ્યો. ત્યારે પેલો લુબ્ધક કહે. 'ત્યારે મિત્ર, સાંભળો. મેં એ અભાગી સ્ત્રીને, તમારું નામ લઈલઈ ક્રન્દન કરતી, અહીં-તહીં ભટકતી જોઈ; પૂછીને બધું જાણી, આશ્વાસન આપી, દયાભાવે આ અરણ્યની બહાર મારે નેસડે લઈ ગયો. ત્યાં વળી પુલિન્દ[2] જવાનિયાઓને જોઈને મને એમનો ડર લાગ્યો, તે એને હું વળી લઈ ગયો મથુરાની પાસેના એક નાગસ્થળ[3] નામે ગામે. ત્યાં મેં એને વિશ્વદત્ત નામે એક વૃદ્ધ બ્રાહ્મણને ઘેર ન્યાસ તરીકે માનભેર મૂકી છે. ત્યાં એને મુખે તમારું

નામ સાંભળીને હું અહીં આવ્યો છું. હવે એની ભાળ કાઢવા તમે શીઘ્ર પહોંચી જાવ નાગસ્થળે.

શિકારીએ આમ કહ્યું કે શ્રીદત્ત નીકળી પડ્યો. બીજે જ દિવસે સાયંકાળે તે પેલે નાગસ્થળે પહોંચી ગયો. ત્યાં વિશ્વદત્તના ઘરમાં પ્રવેશી, એને જોતાં જ યાચના કરી: 'મારી પત્નીને લુબ્ધકે અહીં સોંપી છે.' સાંભળતાં જ વિશ્વદત્ત કહે, 'મથુરામાં મારો એક મિત્ર છે, ગુણજ્ઞ બ્રાહ્મણ છે, ઉપાધ્યાય છે, રાજા શૂરસેનનો મન્ત્રી પણ છે. એના હાથમાં મેં તો તારી પત્નીને સોંપી છે. આ ગામ (અમારું) રહ્યું નિર્જન. અહીં એની રક્ષા થાય એમ ન લાગ્યું. એટલે કાલે પ્રાતઃકાળે તમે ત્યાં જજો. હવે આજે તો અહીં જ વિશ્રામ કરો.' વિશ્વદત્તે આમ કહેતાં એણે રાત ત્યાં જ વિતાવી. પ્રભાતે નીકળ્યો, અને બીજે દિવસે એ મથુરા પહોંચ્યો. લાંબા રસ્તાનો થાક અને રજોટી ઊડેલી, એટલે એ નગરબહાર જ એક દીર્ઘિકા(વાવ)[4]ના નિર્મળ જળમાં ન્હાયો. ત્યાં વાવના પાણીમાં કોઈ ચોરોએ સંતાડેલું વસ્ત્ર એને મળ્યું. એમાં એક છેડે એક ગાંઠમાં એક હાર છુપાવેલો એનો એને ખ્યાલ નહોતો. એ હાર એણે નહોતો જોયો, પણ પેલું વસ્ત્ર લઈને, પ્રિયાને મળવાની તત્પરતાથી શ્રીદત્ત તો મથુરાનગરીમાં પ્રવેશ્યો. કે ત્યાં જ, વસ્ત્ર ઓળખી જઈ, એમાં હાર પણ હતો એ મળતાં, નગરરક્ષકે એને ચોર તરીકે પકડ્યો અને વસ્ત્રસમેત નગરાધિપતિ સમક્ષ લઈ જઈને ખડો કર્યો. એણે વળી રાજાને જાણ કરી. રાજાએ એનો વધ કરવાનો આદેશ આપ્યો.

પાછળપાછળ ડુગડુગી[5] વાગે છે અને આગળ વધ માટે શ્રીદત્તને દોરી જવાય છે - તે દૂરથી મૃગાંકવતીએ જોયું. 'આ તો એ જ ! મારો પતિ ! વધ માટે એને દોરી જવાય છે' એણે વ્યાકુળી થઈને જેને ઘેર એ હતી તે મુખ્ય મન્ત્રી આગળ જઈને ધા નાંખી. એટલે મન્ત્રીએ જઈને મારાઓને રોક્યા અને રાજાને જઈને વિજ્ઞપ્તિ કરીને, શ્રીદત્તને છોડાવી લઈ, પોતાને ઘેર બોલાવી લીધો.

'અરે ! આ શું ?! આ તો મારા કાકા[6] વિગતભય ! ઘણા સમય પહેલાં દેશાન્તરે ગયેલા હતા; તે જ શું આજે આમ મને અહીં દૈવવશાત મન્ત્રીરૂપે મળ્યા પાછા !' એણે પૂછીને ખાતરી કરી લીધી. ઓળખ્યા. એમને ઘેર જ એ આવી ચડેલો ! એમને પગે પડ્યો. મન્ત્રીએ પણ એને ઓળખ્યો. પોતાના ભાઈનો પુત્ર ! પરમાશ્ચર્ય હતું ! એમણે એને કંઠે વળગાડ્યો. બધી જ વાત માંડીને પૂછી. ને શ્રીદત્તે પિતાના વધથી માંડીને બધો જ વૃત્તાન્ત પોતાના કાકાને કહ્યો. પોતાના ભાઈના મૃત્યુનું સાંભળીને એણે આંસુ સાર્યાં. ભત્રીજાને એકાન્તમાં શિખામણ દીધી : 'ઉતાવળો મા થજે, દીકરા ! મારે સિદ્ધ થઈ છે એક યક્ષિણી ! એણે મને પાંચ હજાર અશ્વો અને સાત કરોડ સોનામહોરો આપી છે. મારે પુત્ર તો છે નહિ.એટલે આ સઘળું ધન તારું જ છે.' એમ કહીને કાકાએ પછી એને એની પ્રિયા ભળાવી; વળી ધન પણ મળેલું; એણે ત્યાં જ એની સાથે લગ્ન કર્યાં. અને પોતાની પ્રિયા મૃગાંકવતીની સાથે રાત્રીઓ ત્યાં જ પસાર કરવા લાગ્યો - સરોવરે જાણે શ્વેત કુમુદ. સંપત્તિથી તો ભર્યોભર્યો હતો છતાં પૂર્ણચન્દ્રને જેમ કલંકરેખા હોય તેમ બાહુશાલી વગેરે મિત્રોની ચિન્તા હૃદયને મ્લાન રાખતી.

એક વાર એ કાકાએ શ્રીદત્તને એકાન્તમાં બોલાવીને કહ્યું, 'જો દીકરા! રાજા શૂરસેન છે, એની એક કન્યા છે. મારે રાજાજ્ઞાથી એને અવન્તિ (ઉજ્જયિની) દેશમાં જઈને આપી આવવાની છે. એટલે એ જ બહાને એનું હરણ કરીને હું એને તને આપી દઉં ! પછી તને જ્યારે એ કુંવરીની પાછળ (રક્ષણાર્થે) જતું સૈન્ય પ્રાપ્ત થઈ જાય, અને મારું પણ (મળી જાય), ત્યારે તને તરત જ લક્ષ્મીજીએ આપેલા વરદાનમુજબનું રાજ્ય પણ પ્રાપ્ત થઈ જશે.' આવો નિશ્ચય કરીને, કન્યાને મેળવ્યા પછી શ્રીદત્ત અને એના કાકા, સૈન્ય અને બીજી બધી જ સાધનસામગ્રી સાથે, પાછા ઉજ્જયિની જવા નીકળી પડ્યા. પણ જ્યાં એ બન્ને વિન્ધ્યાટવિમાં પહોંચ્યા કે ત્યાં, પોતાના ઉપર આવી પડેલ વિઘ્નનો પૂરો ખ્યાલ એમને આવે તે પહેલાં તો, એક મોટી ચોરસેનાએ બાણોનો વરસાદ વરસાવી, માર્ગ રૂંધ્યો. સૈન્ય ભાગી ગયું. પ્રહારોથી મૂર્છિત થઈ, (સૈન્યથી) વિખૂટા પડી ગયેલા શ્રીદત્તને, એના બધાજ ધન સાથે, ચોરો પોતાને ગામડે ઉપાડી લાવ્યા. અને એને બલિ ચડાવવાના હેતુથી, ચંડીના ભીષણ મંદિરે લઈ આવ્યા. અને જાણે મૃત્યુને જ નોંતરતા હોય એમ ઘંટનાદ કરવા લાગ્યા. ત્યાં પેલી ભીલરાજની કન્યા - આ (શ્રીદત્ત)ની પત્ની, સુન્દરી પણ એ માતાજીને દર્શને પોતાના પુત્ર સાથે આવેલી. એણે આને જોયો. આનંદભેર, વચમાં ઉભેલા કાડૂઓને બલિ કરતાં એણે રોક્યાં; અને પછી તો એ શ્રીદત્ત પણ એના આવાસમાં ગયો, અને એને એ પલ્લીરાજ્ય પણ મળ્યું - કારણ કે રાજા પોતે અપુત્ર હોવાથી મરતાં પહેલાં સુન્દરીને રાજ્ય સોંપતો ગયેલો. વળી, ચોરથી આક્રાન્ત કાકા અને અન્ય બધુંજ સાજનમાજન પાછું મળ્યું. પત્નીસમેત વળી એને પેલું મૃગાંક ખડ્ગ પણ મળ્યું. વળી ત્યાં જ શૂરસેનની કન્યા સાથે લગ્ન કરીને, શ્રીદત્ત એ નગરનો રાજાધિરાજ બની ગયો.

ત્યાંથી એણે પોતાના બન્ને શ્વશુરો - રાજા બિમ્બકી અને રાજા શૂરસેનની પાસે દૂતો મોકલ્યા અને દુહિતાવત્સલ બન્ને રાજાઓ, આ સંબંધને સ્વીકારીને[7], પોતપોતાની સેનાઓ અને અન્ય સમુદાય સહિત, હરખભેર ત્યાં આવી પહોચ્યા. વળી, આ જાણીને, એનાથી વિખૂટા પડેલા, જેમના ઘા હવે રૂઝાયા હતા ને હવે જે સ્વસ્થ થયા હતા તે બાહુશાલી વગેરે એના મિત્રો પણ ત્યાં એની પાસે આવ્યા. પછી શ્વશુરોની (સેના) સાથે જઈને પેલા પિતૃઘાતી વિક્રમશક્તિને એ વીરે પોતાના ક્રોધાગ્નિમાં હોમી દીધો ! પછી સાગરતટ સુધીની સઘળી પૃથ્વીનો સ્વામી બનીને, વિરહથી સદામુક્ત બની, પ્રિયા મૃગાંકવતી સાથે આનંદ કરવા લાગ્યો.

રાજન ! આમ વિયોગોના દીર્ઘ દુઃખાર્ણવો તરી,
પામે કલ્યાણ સર્વે તે ચિત્તથી ધીર હોય જે.

સહસ્રાનીક-મૃગાવતી અને પિતા-પુત્ર (ઉદયન) મિલનની કથા :

એવી કથા, પ્રિયાને મળવા ઉત્સુક એવા રાજા સહસ્રાનીકે અંગતક પાસેથી સાંભળીને ત્યાં રસ્તામાં જ રાત ગાળી. ચિત્તથી તો પહેલેથી જ પ્રિયાનિકટ પહોંચી ગએલો રાજા સહસ્રાનીક, પ્રભાત થતાં જ, મનોરથારૂઢ

થઈને પ્રિયાની પાસે જવા નીકળી પડ્યો. થોડાક જ દિવસોમાં તે જમદગ્નિને શાન્ત આશ્રમે પહોંચી ગયો.

મૃગોયે ચિત્તચાંચલ્ય છોડીને શાન્ત જ્યાં થતાં. ત્યાં, તપનો જ પાવક પ્રભાવ જાણે સદેહે આવ્યો ન હોય એવા, એનું પ્રેમથી આતિથ્ય કરતા, ઋષિ જમદગ્નિનાં દર્શન એણે નમતાંનમતાં કર્યાં અને એ મુનિએ એ રાજાને એની રાણી એના પુત્ર સાથે સોંપી દીધી.

લાંબે ગાળે મળી જાણે શાન્તિ આનંદથી ભરી !
શાપાન્તે એકબીજાને નિહાળી દમ્પતી રહ્યાં,
આંખે આનંદની હેલી અમીની વરસી રહી !

પુત્રને તો પહેલી વાર જોયો ! એ પુત્ર (ઉદયન)ને હૈયે ચાંપતાં તો રાજાને એવો હર્ષ-રોમાંચ થયો કે પછી પુત્રને અળગો કરવો ભારે પડ્યો. પછી એ રાણી મૃગાવતી અને પુત્ર ઉદયન સાથે, આંસુભરી આંખે પાછળ પાછળ આવતાં મૃગોથી છેક તપોવનના છેડા સુધી અનુસરાતો રાજા સહસ્રાનીક, પછી, મુનિ જમદગ્નિની રજા લઈને, એ પ્રશાન્ત આશ્રમને છોડીને પોતાના નગર ભણી જવા નીકળ્યો. વિરહના ગાળાની વાતો સાંભળતો-સાંભળતો અને પોતાની પણ સંભળાવતો-સંભળાવતો એ છેવટે ધ્વની-પતાકાઓ ફરકાવતી એવી કૌશામ્બીનગરીમાં આવી પહોંચ્યો. ત્યારે પુરજનોની અપલક પાંપણો સતત જેને જાણે પી રહી હતી એવો તે પત્ની અને પુત્રની સાથે એ નગરે પ્રવેશ્યો. પછી, સદ્ગુણોથી દોરાઈને મહારાજાએ કુંવર ઉદયનને વિધિવત્ યુવરાજપદે અભિષિચિત કર્યો અને સલાહકાર તરીકે પોતાના મંત્રીપુત્રોને - વસન્તક, રુમણ્વત અને યૌગન્ધરાયણને નિયુક્ત કર્યા. ત્યારે આકાશેથી પુષ્પવૃષ્ટિની સાથોસાથ દિવ્યવાણી થઈ : 'આવા મન્ત્રીવરોથી આ સમગ્ર પૃથ્વી પર આધિપત્ય પામશે.' રાજ્યનો ભાર પછી પુત્રને સોંપી દઈને, લાંબા સમયથી જેની આકાંક્ષા સેવતો હતો એવા, મૃગાવતી સાથેના સાંસારિક સુખોને (નિરાંતે) માણવા લાગ્યો.

(એમ કેટલોક કાળ વીત્યા બાદ એક વાર) પછી રાજાના કાનને મૂળે પ્રશાન્તિની દૂતી જેવી આવી પહોંચેલી દેખાઈ જરા[8] પળિયાંના રૂપમાં; એને જોતાં જ સહસા કોપ થયો એવો કે વિષયસ્પૃહા આપોઆપ દૂર થઈ. પછી, એ કલ્યાણકારી, પ્રજાનુરાગી, જગતના ઉદયને માટે જ જન્મેલા એવા પોતાના પુત્ર ઉદયનને[9] પોતાના રાજ્યે નિયુક્ત કરીને સહસ્રાનીક, એના સચિવો અને પ્રિયતમા સહિત, જીવનના મહાપ્રસ્થાનને માટે ક્ષિતિપતિ એવા હિમગિરિ ભણી નીકળી પડ્યો. (૨૧૭)

આ પ્રમાણે
મહાકવિશ્રી સોમદેવ-વિરચિત કથાસરિત્સાગરનો
કથામુખલમ્બકનામે બીજો તરંગ થયો પૂરો.

પાદટીપ

૧: 'શિકારી' માટે અહીં સરસ શબ્દ છે. 'આરાલુબ્ધક'. 'આર' કે 'આરા' એટલે 'અવાજ'. અવાજ કરીને પશુને લોભાવીને પકડનાર. બીજી કોઈ રીતે શિકાર કરનારને 'આરાલુબ્ધક' ન કહેવાય. શિકાર પણ ભાતભાતની રીતે થતા હશેને એ પ્રત્યેક માટે અલગ શબ્દ !

૨: 'પુલિન્દ' = વનવાસી, આરણ્યક, જંગલવાસી. એક આર્યેતર આરણ્યક જાતિવિશેષ. પુલિન્દ, શબર, કિરાત વગેરે વન્ય જાતિઓના ઉલ્લેખો આ કથામાં આવે છે. સિલ્હટની પૂર્વે ને કામરૂપની ઉત્તરે એક આખો પ્રદેશ પુલિન્દ નામે હતો, એના રહેવાસીઓ પુલિન્દો કહેવાતા. આ પુલિન્દો માનવબલિથી ચંડીને આરાધતા; વળી દયાવાળા પણ હતા ! એમના સૈન્યની ને એમની સહાયની અનેકોને જરૂર પડતી. વિન્ધ્યની પાસે, એમનો વસવાટ હશે, એમ કૃટ કથા પરથી અનુમાનાય. ગાંધર્વવિવાહ, શિવ-નરમુંડમાલા, પરકાયાપ્રવેશ, સંકેતભાષા, પૈશાચી ભાષા, મંત્રતંત્રાદિ સાથેની વિધિઓ- વગેરે આવી જાતિઓમાંથી આવ્યાનું અનુમાનાય છે. કિરાત, પુલિન્દ આદિ જાતિઓ મૂળ અહીંની જ લાગે છે. સર્પાદિને પકડીને ગુજરાન ચલાવતી રાજા ઉદયને કિરાતને સાપ છોડી દેવાનું કહેતાં એ જવાબ આપે છે કે આ તો અમારી આજીવિકા છે. એટકિન્સને ('Archeology of kumaun', K.P. Narang, P. 15) આવી જ નાગપૂજક જાતિઓને કોઈ એક જ કડીમાંથી ઊતરી આવેલી ગણી છે ! આ જાતિઓ સાથે લગ્નસંબંધમાં કોઈ મોટી હરકત નહોતી. નાગકુમાર કીર્તિસેન બ્રાહ્મણકન્યા શ્રુતાર્થાને પરણ્યો; એમ અહીં શ્રીદત્ત શબરકન્યાને.

૩: મથુરાની પાસે મહાવન પરગણામાં નાગલ નામે ગામ હોવાનું (ને તે જ નાગસ્થલ એમ) ગ્રાઉઝ નોંધે છે. (I 117 : પાદટીપ) કૃષ્ણે કાલિય-દમન કરેલું એ સ્થળ, એમ ડૉ. પ્રસાદ (પૃ.૧૭૦) માને છે.

૪: 'દીર્ઘિકા' એ વાવ માટેનો જૂનો શબ્દ કેટલો સૂચક છે ! વાવ લાંબી જ હોય છે, સારી પેઠે દીર્ઘ. આ કથા જ હજારેક વર્ષ જૂની; ને એની પહેલાંની કથાનો આ શબ્દ; એમ વાવોની રચના પણ હજારો વર્ષ જૂની ઠરે !

૫: 'મૃચ્છકટિક'માં પણ આવું દૃશ્ય છે. વધાર્થીને ગળે પીળાં કરેણની માળા નખાતી ને પાછળ અમુક પ્રકારે જ ચર્મવાદ્ય વાગતાં જે સાંભળીને, કોઈને વધાર્થે લઈ જવાય છે એની જાણ લોકોને થતી. ચર્મવાદ્યો આમ, જુદા જુદા અવાજે, જુદા જુદા સંકેતો માટે વપરાતાં.

૬: 'કાકા' માટે અહીં શબ્દ વપરાયો છે 'પિતૃવ્ય'. 'ભત્રીજા' માટે કોઈ એક શબ્દ અહીં નથી; છે તે 'ભ્રાતુઃ પુત્રમ્'.

૭: 'લાભ' આજે વ્યાપક અર્થ છે કંઈક મળવું કે પ્રાપ્ત થવું. પણ મૂળ અર્થ 'પરાક્રમથી મેળવેલી કન્યા' હતો ! એવા એક એક પરાક્રમની કથા કહેવાય 'લમ્બક' કે 'લંભક'. અતિ દૂરના સમાજની આ કથાઓમાં એકાધિક સ્ત્રીઓને આમ પરાક્રમથી કે અપહરણથી મેળવવામાં પરાક્રમ લેખાતું હતું ! એકાધિક સ્ત્રીઓ હોવી તે ત્યારે સહજ હતું. 'શાકુન્તલ' વગેરેના નાયકો પણ પરણેલા હતા ને છતાં પ્રેમમાં પડતા ! મૂલ્યો બદલાતાં આજે આ કઠે. આવી કથાઓને અતીતનાં સમાજનાં ચિત્રો રૂપે જ જોવી ઘટે - આજની અપેક્ષાએ નહિ.

૮: અહીં સફેદ વાળની - પળિયાની - વાત છે. પળિયાને રૂપે જરા (વૃદ્ધાવસ્થા) આવી જણાતાં જ, જેમ અન્ય સ્ત્રી સાથે (સૌક્ય સાથે) પતિનો વ્યવહાર જોતાં જ પત્ની પ્રણયકોપ કરે, એને છોડે; એમ જરાને જોતાં જ વિષયસ્પૃહાએ રાજાને છોડ્યો. અહીં 'જરા' ને 'વિષયસ્પૃહા' બન્નેને સજીવ, સૌક્યો ગણી છે. આવી અટપટી અલંકારયોજના આની અભિવ્યક્તિને ઘણે સ્થળે સંકીર્ણ બનાવી દે છે. આ ધોળા વાળના મોટિફ પરની કથાઓ પર કોણે કોણે ક્યાં ક્યાં નોંધો લખી છે તેની યાદી પેન્ઝરે (I - 121) આપી છે.

૯: અહીં 'ઉદયન' શબ્દને લઈને શ્લેષ કર્યો છે.

(ક્રમશઃ)

પાલેર્મો

પ્રીતિ સેનગુપ્તા

પાલેર્મોના એ વિભાગની સાવ સાંકડી ગલીઓ અંધારી હતી. આમેય તે રાત પડી ગઈ હતી. શું કરું, જાઉં તે તરફ કે નહીં ? સરનામા પ્રમાણે 'વિકોલો રાગુસી' નામની શેરી તો આ રહી. ને સિસિલી જેવા પ્રદેશમાં, પાલેર્મો જેવા શહેરમાં તો છું. કરું હજી વધારે સાહસ ?

પણ ગભરાઈને ભાગી જવા તો આટલે દૂર નહોતી જ આવી. તેથી શેરીમાં જમણે વળી. વચમાંના એક મકાન પર એક ઝાંખી બત્તી બળતી હતી. - તે સિવાય એકથી બીજા છેડા સુધી અંધારિયું હતું. ક્યાં ચાલું છું તે દેખાતું નહોતું. કશાકની ઠેસ વાગી, જોરથી અવાજ થયો, ને ચમકી જવાયું. ફરી પાછી શાંતિ, ને અંધારું.

એક વાર છેક સુધી ગઈ, ને પાછી આવી. કોઈ જતું-આવતું નહોતું. સરનામા પ્રમાણેનો નંબર પહેલાં દેખાયો નહીં. પછી દેખાયો, પણ ડેલા જેવો દરવાજો બંધ હતો, ને આગળપાછળ અંધારું. અહીં આરબ શૈલીની ઘર-રચના હતી. બારમાં ખરાં, પણ બારી નહીં, ફક્ત દીવાલો જ. એક સળંગ દીવાલ. આખી શેરીમાં એક જ ઝાંખી બત્તી. ઐતિહાસિક નિરીક્ષણનો આ સમય ન હતો. બહારના રસ્તા પર ખાવાની એક નાની દુકાન ખુલ્લી હતી. ત્યાં પૂછ્યું, તો માણસે કહ્યું, 'સરનામું બરાબર છે. બારણું ખખડાવી જુઓ, કદાચ કોઈ હોય.'

ફરીથી શેરીમાં ગઈ, ને બારણું ઠોક્યું. થોડી વારે ખરેખર બારણું ખૂલ્યું, અંદરની બત્તી દેખાઈ, ને એક જાડી બાઈએ જવાબમાં ખાત્રી આપી કે ખેલ જરૂર થશે. હવે મને નિરાંત થઈ. સિસિલીના કઠપૂતળીના ખેલ વિષે વાંચેલું. પાલેર્મોમાં એ માટેની કેટલીક જગ્યાઓ છે, એમ ખબર હતી. બપોરે એમાંની સૌથી જાણીતી જગ્યાએ ગઈ હતી, ને દરવાજે પૂછ્યું હતું. ત્યાં તો ખેલ નહોતો થવાનો, પણ આ શેરીમાંના આ મંચ પર કદાચ થશે, એમ કહેવામાં આવ્યું. તેથી શોધતી હું ત્યાં પહોંચી ગઈ હતી.

ઇટાલિયન ભાષામાં કઠપૂતળી-પપેટ-ને 'પુપી' કહે છે. આ પુપી થીએટર પણ લગભગ પડી ભાંગ્યાં છે, કારણ કે ત્યાંનાં રહેવાસીઓ એ જોવા જતાં નથી. વિદેશી પ્રવાસીઓ પર જ આ કળા નભે છે. જો પૂરતી સંખ્યામાં પ્રવાસીઓ થાય, એટલે કે એવા સમૂહ-પ્રવાસવાળાં સભ્યોનું બુકિંગ મળે, તો તે રાતે ખેલ થાય. મારે સદ્ભાગ્યે જર્મન પ્રવાસીઓનો એક સમૂહ આવવાનો હતો, ને ખેલ થવાનો હતો.

શરૂ થાય તે પહેલાં એ લોકો સાથે મેં વાત કરી. એ જાડી બાઈ અંગ્રેજી નહોતી બોલતી, પણ એ સમૂહ સાથે માર્ગદર્શિકા હતી. એણે સમજાવ્યું કે ઓછામાં ઓછી ચાર પેઢીઓથી એક જ કુટુંબ આ થીએટર ચલાવતું હતું. કથા મોટે ભાગે ખ્રિસ્તી ધર્મ પર આધારિત હોય, અને પાત્રો પણ મોટે ભાગે જાણીતાં હોય. એમની આસપાસ વિગતો અને સંવાદો વણીને કથા તૈયાર કરાય. આવા ૮૫ જેટલા પ્રયોગો પાલેર્મોના પુપી થીએટરના સંગ્રહમાં છે. દરેક વાર્તામાં યુદ્ધ, પરાક્રમ, પ્રેમ, પાવિત્ર્ય અને પાપપુણ્ય, ખરાબ-સારાં તત્ત્વોના સંઘર્ષ જેવા ભાવોનું પ્રાધાન્ય હોય છે.

નાના મંચ પર, ચીતરેલા પર્દા પડતા-ઊઠતા, ને દૃશ્ય બદલાતાં. એ જાડી સ્ત્રી સંગીત અને પ્રકાશ સંભાળતી હતી. મંચ પાછળની સંકડાશમાં, કુટુંબના ત્રણ સભ્યો કામ કરતા હતા તે છેલ્લે ખબર પડી. ત્રણેની દક્ષતા સુસ્પષ્ટ હતી. આ કઠપૂતળીઓ ઘણી જટિલ ક્રિયાઓ કરતી હતી; જેમકે દેવદૂતોએ ફૂલો વરસાવ્યાં, એક યોદ્ધાએ મૂછ મરડી, શૂરવીર નાયકે મ્યાનમાંથી તલવાર ખેંચીને બહાર કાઢી અને પાછી અંદર મૂકી વગેરે. ત્રણથી ચાર ફુટ ઊંચાં, લાકડાંમાંથી બનાવાયેલાં આ પુપી રંગરંગીન વસ્ત્રાભૂષણ પહેરેલાં હતાં. બધા યોદ્ધાઓ બખ્તર, ઢાલ અને શિરસ્ત્રાણમાં સજજ હતા. દરેક પરનાં ચિત્રાંકન અને ડિઝાઈન જુદાં. પૂતળીઓનાં હાથ, પગ, માથાં હાલતાં; અને સૂત્રધારનાં તો આંખ અને હોઠ પણ હાવભાવ કરતાં હતાં. ખૂબ વિકસેલી, કેળવાયેલી આ કળા હતી તે ખેલ જોતાં સ્પષ્ટ થતું હતું.

વાર્તા ટૂંકમાં આવી હતી : શાર્મેલિન નામની દેવીના સૂચનથી રોગેરિયો અલાદિનાને બચાવે છે, ને રાક્ષસને મારી નાખે છે. શેતાનો એના આત્માને લઈ જાય છે. જેના મહેલમાં રોગેરિયો ને અલાદિના રાત વિતાવે છે તે સૂબેદાર ઝેર આપીને રોગેરિયોનું ખૂન કરે છે. સફેદ રૂમાલથી નિરૂપાયેલો એનો આત્મા દેવદૂતો આવીને લઈ જાય છે. ઓર્લાન્દો સામું વેર વાળે છે. બીજાં બંધબેસતાં બનાવો અને વિગતોથી વાર્તા પુષ્ટ બને છે.

છેલ્લા દૃશ્યમાં યુદ્ધ બતાવાય છે, જેમાં માથા કપાઈને છૂટાં પડે છે, ને એક યોદ્ધાના શરીરના તો બે ઊભાં ફાડચાં થઈ જાય છે. રાજસ્થાન, યુરોપ ઇન્ડોનેશિયા, જાપાન વગેરે જુદી જુદી જગ્યામાં થતા કઠપૂતળીના ખેલ જોયા પછી લાગે કે આ કળા અહીં ખૂબ પ્રશસ્ય રીતે વિકસી છે, અને મૌલિક કલ્પનોથી સભર છે. અંધારી ભેંકારતાથી ડરી નહીં તો સિસિલીના આ લાક્ષણિક કળા-પ્રયોગનો પરિચય પામી શકી.

સિસિલીના લોકો માટે ખ્રિસ્તી ધર્મ રોજના જીવનનું અંગ છે, જેમકે રસ્તાના ખૂણા પર ઠેરોઠેર ઈશુ કે માતા મેરીના ફોટા મૂકી બનાવેલાં માર્ગ-મંદિરો. પણ પછી સુકાયેલાં ફૂલો બદલવાનું કે મીણબત્તી સળગાવવાનું ભુલાઈ ગયું હોય કે, પછી સમય ના હોય તેથી જ તો કચકડાનાં ફૂલ ને વીજળીની બત્તી મૂકેલાં આવાં પૂજા કે નમનસ્થાનો પણ જોયાં.

પણ પાલેર્મો શહેરની જેને કુળદેવી કહેવાય તે સાન્તા રોસાલિયાના પૂજાગૃહનો મહિમા અનેરો છે. થોડાં પગથિયાં અને ખુલ્લા વરંડાવાળો એનો આગલો ભાગ સામાન્ય દેવળ જેવો છે, પણ અંદર જતાં દેખાય છે કે એ એક ગુફા છે. દીપકની થથરતી જ્યોતથી થોડો પ્રકાશ ફેલાયેલો છે. છત અને દીવાલોના ભાગમાંથી અણિયાળા ખડકો ધસી આવેલા છે. એમને આધાર આપવા અને વરસાદના પાણીને માટે માર્ગ કરવા ધાતુની લાંબી-ટૂંકી અનેક પટ્ટીઓ પથરાળ છત પર જડેલી છે. કાચનાં કેટલાંય ખાનાંઓમાં ભક્તોએ

(અનુસંધાન પાન ૨૬૨ ઉપર)

એક વિશિષ્ટ કવિ કવિવૃંદ

(ગતાંકથી આગળ)

મધુસૂદન પારેખ

જેમ્સ મેકફર્સન (James Macpherson) ૧૭૩૬-૯૬

અઢારમી સદીમાં કટાક્ષાત્મક અને બોધાત્મક કવિતાના પ્રત્યાઘાત રૂપે છટાદાર વાણીમાં ઉદ્‌બોધનો અથવા તો સ્તોત્ર નામથી પ્રચલિત થયેલો ઓડ (ode)નો કાવ્યપ્રકાર ઉદ્‌ભવ પામ્યો હતો ને જોતજોતામાં એ લોકપ્રિય પણ બની ગયો. ઊર્મિકાવ્ય પર એનો પ્રભાવ કેવો પ્રબળ પડ્યો તે હવે પછી આવનારા રોમેન્ટિક યુગની કવિતા જોતાં સમજાશે.

'ઓડ્ઝ' રચના ઉપરાંત આ સૈકાના કવિઓનાં રસ અને જીજ્ઞાસા જૂની કાવ્યપ્રણાલિ તરફ વળવા માંડ્યાં હતાં. આ જૂની અથવા તો મધ્યકાલીન ગણાતી કવિતા (Primitive Poetry) વિશે અર્થની બાબતમાં એ સમયે સંદિગ્ધતા પ્રવર્તતી હતી. એમાં બાઈબલની, કેલ્ટિક અને નૉર્સ (Celtic and Norse) કવિતાનો તેમજ બેલડ્ઝ અને લોકસાહિત્યનો પણ સમાવેશ થતો હતો. એટલે જ્યારે જેમ્સ મેકફર્સને પ્રાચીન ગૅલિક (Gaelic) એટલે કે સ્કોટલૅન્ડના પ્રદેશના મહાકાવ્યમાંથી અનુવાદરૂપે ભપકાદાર ગદ્યકાવ્યોની નવાજેશ કરી કે તરત એક પ્રકારનો રોમાંચ, સાહિત્ય સૃષ્ટિમાં પ્રસરી ગયો-રોમાંચ એટલા માટે કે મધ્યકાળમાં મહાકાવ્યની હસ્તી હતી અને જેને આદિમાનવ ગણવામાં આવતો હતો તેનામાં ભરપૂર સંવેદનશીલતા હતી.

અલબત્ત, ઑગસ્ટન કવિઓ - ૧૮મા સૈકાના ધુરંધરોને પણ આ મહાકાવ્યની હસ્તી વિશેની શક્યતા મનમાં બેસતી નહોતી; તદ્‌ઉપરાંત એમના અભિપ્રાય મુજબ, સાહિત્ય એ પેદાશરૂપ કળા હતી. ડૉ. જહોન્સને તો આવી 'મધ્યકાલીન' કવિતા મેકફર્સને પ્રસ્તુત કરી તેની સખત ઝાટકણી કાઢી નાખી; અને સંસ્કૃતિના વિકાસ સાથે જ પ્રકટતા સાહિત્યનો મહિમા કર્યો. એની કવિતાને 'બનાવટ' ગણાવી.

જહૉન્સનનો આ તીવ્ર પ્રત્યાઘાત છતાં લોકલાગણીએ આ કવિતાની અધિકૃતતા અપનાવી લીધી અને મહાન કવિતાને સત્કારતા હોય તે જ રીતે આ કવિતાનો મહિમા કર્યો. મેકફર્સને તરત જ 'એન એન્શન્ટ એપિક' (An Ancient Epic - 1761)માં પ્રકાશિત કરી, મધ્યકાલના મહાકાવ્યની હસ્તીની સાબિતી આપી દીધી એ પછી 'તેમોરા, એન એપિક પોએમ' (Temora, An Epic Poem - 1763) અને 'ધ પોએમ્સ ઓફ ઓસિઅન' (The Poems of Ossian - 1765) તેણે પ્રકટ કરી.

અલબત્ત, મેકફર્સનની 'બનાવટ' વખત જતાં પ્રકાશમાં આવી ગઈ. તેણે ગૅલિક બેલડ કવિતાના ટુકડાઓ પોતાની રચનાઓમાં સામગ્રી તરીકે લીધા હતા એ સાચી વાત હોવા છતાં, એકંદરે એની સમગ્ર રચના એક 'કરામત' હતી અને પ્રાચીન ગૅલિક કવિતાના 'ટોન' કે રજૂઆત - એમાંનું કશું મેકફર્સનનાં ગદ્યકાવ્યોમાં હતું નહિ.

તેમ છતાં મેકફર્સને પોતાની આગવી કળાથી કાવ્યમાં ટોન - સૂર - અને આકર્ષક રજૂઆત દર્શાવ્યાં તેણે લોકલાગણી હેલે ચડાવી. એણે ગદ્યકાવ્યોમાં જે છટા અને ભવ્યતા આણવા પ્રયત્ન કર્યો તેમાં બાઈબલની શૈલીની, મિલ્ટનના 'બ્લૅન્ક વર્સ'ની તેમ જ સ્કોટલૅન્ડની કવિતાના આરોહ-અવરોહની અસર છે. એના ગદ્યકાવ્યમાંથી નમૂનારૂપે થોડોક અંશ ઉતારીએ -

It is night; I am alone, forlorn on the hill of storms. The wind is heard in the mountain. The torrent pours down the roch. No hut receives me from the rain; forlorn on the hill of winds !

Rise, moon ! from behind thy clouds. Stars of the night arise ! Lead me some light, to the place, where my love rests from the chase alone ! His bow near him unstrung : his dogs panting around him. But here I must sit alone, by the rock of the mossy stream. The stream and the wind roar aloud. I hear not the voice of my love !

મેકફર્સન પછી એના જેટલો સફળ તો નહિ છતાં મધ્યકાલીન શૈલીનો 'કીમિયાગર' **ટૉમસ ચૅટરટન** (Thomas Chatterton - 1752-70) છે. કમનસીબ યુવાન ! એણે પોતે ટૉમસ રાઉલે (Thomas Rowley)ની મધ્યકાલીન કૃતિઓ પોતાને પ્રાપ્ય થઈ હોવાનો દાવો રજૂ કર્યો અને એ કવિની કૃતિઓ પ્રકાશિત કરી. પણ એની કરામત તરત પકડાઈ ગઈ. તેના દાવાને પડકારવામાં આવ્યો અને તેણે શરમિંદા થઈને આપઘાત કરી નાખ્યો ! પણ આ પ્રકારની ઘટનાઓ, અંગ્રેજી પ્રજામાં મધ્યકાલીન બેલડ રચનાઓમાં તેનો રસ કેવો વધતો જતો હતો તેની સૂચક બની રહે છે.

એક તરફ પ્રકૃતિના વિષયનું નિરૂપણ કરીને ચિંતન અથવા વિષાદ; બીજી તરફ કાવ્યમાં અમુક અંશે 'બર્લેસ્ક' નાં તત્ત્વો પ્રયોજવાની વૃત્તિ; ત્રીજી તરફ ઊંચા સ્તર પરથી છટાદાર ઉદ્‌બોધનાત્મક કાવ્ય રચવાની પ્રવૃત્તિ; અને વળી મધ્યકાલીન બેલડ્ઝ પ્રત્યેનું કવિઓનું તથા પ્રજાનું વધતું જતું આકર્ષણ - આમ અંગ્રેજી કવિતામાં નવી નવી તરાહો અઢારમી સદીમાં પ્રકટતી જોવા મળે છે.

ચાર્લ્સ ચર્ચિલ (Charles Churchil -1731-1764)થી એની 'ધ પ્રોફેસી ઑફ ફેમિન, એ સ્કોટ્સ-પાસ્ટરલ' (The Prophecy of Famine, a Scots Pastoral') દ્વારા એક સારા ગૌણ કવિ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. ડૉ. જહૉન્સને એના 'લંડન' (London) અને 'વૅનિટિ' (Vanity) કાવ્યમાં લંડન શહેરની - પ્રજાની રીતરસમો ઉપર કટાક્ષ યોજ્યા હતા. ચર્ચિલ એના 'ધ રોસિઆડ' (The Rosciad)કાવ્ય દ્વારા લંડનનાં થીએટરો અને અભિનેતાઓને કટાક્ષનું નિશાન બનાવે છે: 'ધ ઘોસ્ટ' (The Ghost)માં ખુદ જહૉન્સન કટાક્ષનું નિશાન બને છે.

ક્રિસ્ટોફર સ્માર્ટ (Christopher Smart-1722-71) અઢારમી સદીના મધ્યભાગમાં પ્રચલિત કવિવૃંદથી વિખૂટો પડી ગયો હોય તેવો એક કવિ ક્રિસ્ટોફર સ્માર્ટ એના 'સૉંગ ઑફ ડેવિડ' (Song of David) નામના દીર્ઘકાવ્યથી વિશિષ્ટ બની રહ્યો છે. એના જબરદસ્ત ધાર્મિક વળગણને કારણે અથવા તો અન્ય કારણે એના સમકાલીનોમાં એ 'પાગલ' ગણાયો હતો. એનાં લખાણોને પણ ઉન્માદી ગણાવવામાં આવ્યાં

હતાં. પણ પછીની પેઢીઓએ તેને તેજસ્વી પ્રતિભાવાળા કવિ તરીકે બિરદાવ્યો છે. અલબત્ત, એનામાં અનેકવાર માનસિક સમતુલા ડામાડોળ થઈ જતી હતી. તેમ છતાં ચિત્તની સ્વસ્થતાના સમયગાળામાં તેની પાસેથી 'સૉંગ ઑફ ડેવિડ' જેવા એક ઊર્મિલ કાવ્યની ભેટ મળે.છે. બાઈબલની ભાષા અને તેનાં કલ્પનોને તેણે સમર્થ રીતે અહીં પ્રયોજ્યાં છે :

The world - the clustering spheres he made,
The glorious light, the soothing shade,
Dale, champaign, grove and hill
The multitudinous abyss,
where secrecy remains in bliss
And wisdom hides her skill.

ઈશ્વરના સર્જનનું અહીં કેવું છટાદાર વર્ણન મળે છે ! અઢારમી સદીના એક ઉત્તમ કાવ્ય તરીકે તેની ગણના થઈ છે.

ધર્મને લગતી તીવ્ર સંવેદનશીલતા એક જુદા જ પ્રકારે **વિલિયમ કાઉપર** (William Cowper - 1731 - 1800) માં પ્રકટતી જણાય છે. એનામાં ધર્મપ્રેરિત વિષાદ ક્યારેક એને ઉન્માદ તરફ ખેંચી જાય છે; તેમ છતાં તેની પાસેથી કેટલીક સરસ વર્ણનાત્મક-ચિંતનાત્મક કૃતિઓ સાંપડે છે. એની ચાર ખંડમાં વિભક્ત 'ધ ટાસ્ક' (The Task - 1785) સારી એવી પ્રસિદ્ધિ પામી છે. પ્રાદેશિક ચિત્રોનાં તેમજ ગૃહસ્થી જીવનનાં આલેખનોમાં તેની કલમ યશસ્વી બની રહે છે. 'ધ સોફા' (The Sofa)માં ૧૮મી સદીમાં મિલ્ટનની શૈલીના અનેક અનુકરણકારોની જેમ કાઉપર પણ 'મૉક-હીરોઈક' રીતિ અપનાવે છે. પણ તરત જ તેમાંથી એની કલમ ઘડાયેલા ચિત્રકારની હેસિયતથી પોતાનું પ્રયોજન સિદ્ધ કરી લે છે. પણ એના ધર્મચિંતનની ધારા 'ધ ગાર્ડન' (The Garden) નામના ત્રીજા ખંડમાં ભાવકને ભીંજવી જાય તેવી રીતે પ્રકટે છે. માણસના માણસ સાથેના વિચિત્ર વ્યવહાર અંગે તેનો પ્રશ્ન આજે પણ મહત્ત્વનો બની રહે છે. માનવમાત્રમાં રક્ત એકસરખું છે છતાં સ્નેહની કડી કેમ તૂટી રહી છે? આપણે સૌ એક ઈશ્વરનાં જ સંતાન નથી ? બંધુઓ નથી?

I was born of woman, and drew milk,
As sweet as charity, from human breasts.
I think, articulate, I laugh and weep,
And exercise all functions of a man.
How then should I and any man that lives,
Be strangers to each other ? Pierce my vein,
Take of the crimson stream meand'ring there,
And catechise it well; apply thy glass,
Search it, and prove now if it be not blood,
Congenial with thine own; and if it be,
What edge of subtlety canst thou suppose
Keen enough, wise and skilful as thou art,
To cut the link of brotherhood, by which
One common Maker bound me to the kind ?



અહીં એક નવી જ માનવતાવાદની સુંગધ પમરતી જણાય છે. પ્રાણીઓ પ્રત્યેની તેની મમતા અને તેમના શિકાર સામેનો તેનો અણગમો - વિરોધ પણ તેને એક માનવતાવાદી કવિ તરીકે પ્રતીત કરાવે છે. શહેરી વૈભવ સામેના તેના વિરોધમાંથી ગ્રામજીવનના સંતોષનાં ચિત્રો તેનાં કાવ્યોમાં પ્રકટે છે. અલબત્ત, ડૉ. જહોન્સનના 'લંડન' કાવ્યમાં જે પ્રકારનું આ અંગે આલેખન છે તેવું છટાદાર નહિ, છતાં સૌમ્ય, ચિત્તાકર્ષક આલેખન કાઉપરની કવિતામાં છે. એની નીચેની પંક્તિ તો અંગ્રેજી કવિતામાં અતિ પ્રચલિત બની ચૂકી છે :

God made the country and man made the town

કાઉપર ભલે અંગ્રેજી કવિતા-સાહિત્યમાં એક ગૌણ કવિ ગણાયો છે, તેમ છતાં તે બહુશ્રુત, વર્ણનાત્મક તથા ચિંતનાત્મક કવિતામાં વિશિષ્ટ કૌશલ દર્શાવનારો, સાદી 'બેલડ' કવિતાનાં માપને આકર્ષક રીતે પ્રયોજનાર, માવનતાવાદી અને પ્રકૃતિપ્રેમી કવિ છે.

જ્યૉર્જ ક્રેબ (George Crabbe - 1754-1832)

બાયરને જેની ઓળખ 'Nature's sternest painter, yet the best' એ રીતે આપી હતી; અને જેની આરંભની કૃતિઓ બર્ક અને ડૉ. જહોન્સનની પ્રશંસા પામી હતી તે કવિ જ્યૉર્જ ક્રેબ જરા મોડેથી આવેલો 'ઑગસ્ટન' કવિ હતો. 'હીરોઈક કપ્લેટ' ને પ્રયોજવામાં પોપ અને જહોન્સનનું તેના પર અતિ ઋણ છે - આ કાવ્યરીતિ જ તેને સર્વથા અનુકૂળ નીવડી છે.

ક્રેબ નીતિવાદી અને માનસશાસ્ત્રી હતો. એની એક વિશેષતા પદ્યકથાના સર્જક તરીકેની છે. વિવિધ પ્રસંગે માનવ ચરિત્ર વિવિધ રીતે પ્રકાશિત થતું હોય છે. તેનું નિરૂપણ કથાઓમાં કરવાથી વાચકમાં સહાનુભૂતિ અને કુતૂહલ બંને પેદા કરી શકાય એવી તેની માન્યતા તેની પદ્યકથાઓમાં ચરિતાર્થ થઈ છે.

એની પહેલી કૃતિ 'ધ વિલેજ' (The Villag - 1783)માં તેણે ગરીબાઈ અને જીવનમાં પ્રકટતી ઉજ્જડતાનો-અભાવનો ખ્યાલ કઠોર સત્યરૂપે રજૂ કર્યો છે. ગોલ્ડસ્મિથના 'ડેઝર્ટેડ વિલેજ'ની સાથે આ કાવ્ય સરખાવવા જેવું છે. બંનેના અભિગમમાં રહેલા ભેદને પામવા માટે ક્રેબ એનાં ગરીબી-ભૂખમરાનાં ઘાડાં વર્ણનો-ચિત્રોને કારણે ગરીબી અને કંગાલિયતના કવિ તરીકે પરિચિત થયો છે. જોકે તેણે મધ્યમવર્ગની સ્થિતિનાં ચિત્રો આલેખતાં કાવ્યો પણ વિપુલ સંખ્યામાં રચ્યાં છે.

એની કાવ્યકૃતિ 'ધ પેરિશ રજિસ્ટર' (The Parish Register-1807) પણ ગ્રામજીવનની રીતરસમો પર વેધક પ્રકાશ નાખે છે. ગ્રામજીવનની સ્થિતિ પ્રકાશિત થાય તે રીતે તેણે તેમાં શબ્દચિત્રો આલેખ્યાં છે. એની બીજી એક કૃતિ 'ધ ટેઈલ્સ ઈન વર્સ' (The Tales in Verse' - 1812) નામની છે - જો કે તેમાં તેની કલમ બહુ ફળી નથી. □

ધારાવાહી લઘુનવલ

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

૨ રવજી માસ્તર ઘેર પહોંચ્યા એ પહેલાં તો સાવિત્રીબહેન ઘેર પહોંચી જઈને બેઠાં હતાં. અતિપ્રસન્ન હતાં.

'જુઓ, એટલી વારમાં તો ક્યાં ને ક્યાં જઈ આવ્યાં...'

રવજી માસ્તર બેઠા. ટોપી ઉતારીને એમણે માથે હાથ ફેરવ્યો, પરંતુ ચહેરા પર પેલું હાસ્ય આવ્યું નહિ. એ તરફ ધ્યાન આપ્યા સિવાય સાવિત્રીબહેન આગળ કહેતાં હતાં :

'એવું દોડાવે એવું દોડાવે કે આપણને તો બીક લાગે, જાણે હમણાં હવામાં ઊડી જાશું.'

આ રોમાંચ રવજી માસ્તરને સ્પર્શતો નહતો. એમણે પૂછ્યું, 'સ્કૂટર કોનું હતું ?'

'એના કોઈ ભાઈબંધનું હતું. કે'તો હતો કે વેચવા આપ્યું છે.' સાવિત્રીબહેને જવાબ આપ્યો. એ જાણે હજુ સ્કૂટર પર હવામાં અધ્ધર ઊડતાં હતાં.

'લાયસન્સ વગર સ્કૂટર ફેરવે છે !?'

'એ તો ઘણી વાર સ્કૂટર ઉપર આવતો હોય છે. ઉતાવળો આવે ને ઉતાવળો ચાલ્યો જાય.'

જે મુદ્દા પર રવજી માસ્તર ભાર મૂકવા માગતા હતા તેને બદલે જે બાબત રવજી માસ્તર જાણતા હતા એ જ બાબત સાવિત્રીબહેને એમનો પ્રશ્ન સમજ્યા વગર કહી એની પાછળ એમનો અદમ્ય ઉત્સાહ કારણભૂત હતો.

એટલી વારમાં રવજી માસ્તરના મનમાં બીજો વિચાર આવ્યો અને એમણે પૂછ્યું : 'એ ગ્યો ક્યાં ?'

'શહેરમાં. કહેતો હતો, રાત્રે પાછો આવીશ.'

કેમ ?'

સાવિત્રીબહેનને નવાઈ લાગી, પતિ આજે કેમ આમ પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછી રહ્યા હતા. પ્રશ્ન પૂછવાનો તો એમનો સ્વભાવ નહોતો. ન તો એમણે શૈલેશની બાબતમાં કોઈ વાર આટલો રસ દાખવ્યો હતો.

'શી ખબર ? કંઈ કામ હશે' રવજી માસ્તર થોડી વાર ચૂપ રહ્યા.

સાવિત્રીબહેન રસોડામા જતાં રહ્યાં. પાછાં આવ્યાં એટલે રવજી માસ્તરે પૂછ્યું : 'જમીને ગયો છે ?'

સાવિત્રીબહેન તરત કશું સમજ્યાં નહિ, 'શું ?'

'શૈલેશ જમીને ગયો છે ?'

'ના.'

સાવિત્રીબહેનને જવાબ આપતાં કંઈક વિચિત્ર લાગણી થતી હતી. એ લાગણીને ઢાંકતાં હોય એમ એ બોલ્યાં, 'કહેતો ગયો છે, મારું કંઈ ઠેકાણું નહિ...'

આ જવાબથી એમને પોતાને જ સંતોષ થયો ન હોય એમ પછી એ આગળ બોલ્યાં : 'બહાર નાસ્તો બાસ્તો કે એવું કંઈ કરી લેવાનો હશે, બીજું શું !'

રવજી માસ્તરને વિચિત્ર લાગ્યું : આ લોકો આખી વાતને કેટલી સરળતાથી લઈ રહ્યાં છે, એકલા પોતાને માટે જ આ બધી ઉપાધિ છે ?

રવજી માસ્તર જોઈ શકતા હતા કે ઓછું આવવા છતાં આમાંથી છૂટાતું નથી, ઉલટું એમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા જવાય છે.

સાવિત્રીબહેન વિશે તો હંમેશાં એમને એમ લાગતું રહ્યું છે કે એનામાં અક્કલ જ નથી અને શૈલેશની પ્રત્યેક હિલચાલ હવે એમને એમ કહી રહી હતી કે પોતે જે કંઈ ઊભું કરેલું છે તે આ બધું ફનાફાતિયા કરી નાખવાનો છે, અને શૈલેશના ભવિષ્ય કરતાં ય આ ભીતિ એમને વધુ સતાવી રહી.

આમ ને આમ દિવસો વીતતા ગયા. છેવટે એમક મંગલ પ્રભાતે અચાનક એક શુભ વિચાર રવજી માસ્તરના ચિત્તમાં ઝબકી ગયો : જો આપણને આ બાબતમાં કંઈ ગમ પડતી નથી, કશું સૂઝતું નથી તો જગન ભારાડીને શા માટે ન પૂછવું ?

ઊપડ્યા ને પૂછ્યું. 'આ શૈલેશનું હવે શું કરવું, કંઈ રસ્તો સુઝાડોને જગનભાઈ, મને તો કંઈ ગમ પડતી નથી. એસ. એસ. સીમાં તો બબ્બે વાર નાપાસ થયો એટલે હવે એમાં તો શક્કરવાર વળે એમ લાગતું નથી. પણ આમ રખડ્યા કરે એ પણ બરાબર નહિ, એટલે... એને લાઈનસર તો કરવો પડશે ને ?'

જગન ભારાડીની બાજુમાં પાટ પર બેસીને ઢાળેલી આંખે આટલું બોલી રહ્યા પછી એમણે આંખ ઊંચી કરીને જગન ભારાડી સામે જોયું તો પોતાના પ્રશ્નનો ઉત્તર જાણે એની પાસે અગાઉથી તૈયાર જ હોય એમ એ તરત બોલ્યો : 'શૈલેશને લાઈનસર કરવાનો સવાલ જ નથી. રવજીભાઈ, એ લાઈનસર જ છે.'

રવજી માસ્તર એક ક્ષણ ચમકી ગયા. પછી એ જગન ભારાડી સામે ક્યાંય સુધી તાકી રહ્યા. આ ક્ષણે એમને જગન ભારાડીમાં કોઈ

અજબ ફેરફાર થયેલો લાગ્યો. એની વાણી એમને અસાધારણ ગંભીર લાગી. એની નજર સામેની દિશામાં હતી. રવજી માસ્તરે એમાં કશુંક ઝબકઝબક થતું હોવાની કલ્પના કરી. થોડી વારે એના ચહેરા પર પણ એવું કંઈક ઊતરી આવ્યું હોય એવો ભાસ થયો. એના પ્રભાવ હેઠળ, જગન ભારાડીનો ઉત્તર સાંભળીને રવજી માસ્તરના મનમાં જાગેલો આશ્ચર્યભાવ દબાઈ ગયો. પરિણામે કુતૂહલભેર એ જે પૂછવા માગતા હતા તે પૂછી ન શક્યા.

પરંતુ જાણે એનો પાર પામી ગયો હોય એમ જગન ભારાડી આગળ બોલ્યો : 'એ બાબુભાઈ મોટરસાઈકલવાળા પાસે કામ કરે છે, તે ભલે કરતો. એનો જીવ એમાં ચોંટે છે તો ચોંટાડવા દો...'

વળી એણે આગળ કહ્યું ...નહિતર બીજું એ કરશેય શું ? એસ. એસ. સી.માં બબ્બેવાર નાપાસ થયેલાને નોકરી તો કોણ આપવાનું હતું, રવજીભાઈ ?'

જગન ભારાડીના સ્વરમાં સહાનુભૂતિ હતી, પરંતુ રવજી માસ્તરનું મન પાછું પડી ગયું. આવું બધું સાંભળવા સારુ જ જગન ભારાડી પાસે આવ્યા હતા શું ?

નિરાશાથી દબાયેલું મન શાન્ત પડ્યા પછી એકાએક સળવળી ઊઠેલા સવાલથી એ છળી ઊઠ્યા : આ બાબુભાઈ મોટરસાઈકલવાળા-વાળી વાત આ ભારાડી ક્યાંથી લાવ્યો ? પોતે તો કંઈ જાણતા ન હતા !

થોડી વાર સુધી તો એમ ને એમ એ વિસ્મયને એ તાકી રહ્યા; પરંતુ બીજો કોઈ ખુલાસો ન જડવાથી એમણે વિચાર્યું : ત્યારે ભારાડી કોને કે ? ગામલોક કાંઈ અમથું ભારાડી કે'તું હશે !

આ વિસ્મયને એ તાકી રહ્યા તેમ તેમ એમને એમાંથી નવા ને નવા તાગ મળતા રહ્યા. અચાનક એમને ખ્યાલ આવ્યો કે પોતે જગન ભારાડીને પૂછવા ગયા હતા કંઈક ને પૂછી બેઠા છે કાંઈક ભળતી જ વાત ! ખરું પૂછો તો શૈલેશનો પ્રશ્ન હવે તો કંઈ એમને એટલો મૂંઝવતો નહોતો, જાણે એવા કોઈ પ્રશ્નનું ક્યારેય અસ્તિત્વ જ ન હોય એ હદે એ દિશામાં એમનું ચિત્ત શાન્ત થઈ ગયું હતું; રહીરહીને એમને બેચેન કરનારી વાત જો કોઈ હોય તો એ હતી કે પોતાની જિંદગીને નિચોવીનિચોવીને પોતે આ બધું જે ભેગું કર્યું છે તે -

પરંતુ જગન ભારાડીને એ પૂછવાનું કદાચ એમને ફાવ્યું નહોતું. એક સ્વાભાવિક ક્ષોભ-કે પછી જગન ભારાડી રખેને પૂછી બેસે, 'આ બધું' એટલે શું, રવજીભાઈ ? અને તમે ભેગું કર્યું હોય એવું તો કંઈ દેખાતું નથી... તો ? તો પછી પોતે શો ખુલાસો કરે ? એવી દહેશત -

આવા કશા ક્ષોભથી કે પછી કોઈ છૂપી દહેશતથી - કે પછી સ્વાભાવિકતાના કોઈ ખ્યાલથી દોરવાઈ જઈને આ પરિસ્થિતિમાં, આ તબક્કે એમણે જે પૂછવું જોઈએ તે જ એમનાથી પુછાઈ ગયું હતું.

આવી બધી અસર હેઠળ રવજી માસ્તર સૂનમૂન થઈને બેઠા હતા ત્યાં અચનાક રવજી માસ્તરના ચિત્તમાં ચમકાર થયો : આ શૈલેશ બાબુભાઈ મોટરસાઈકલવાળા કને કામ કરે છે, એના બધા રંગઢંગ બદલાઈ ગયા છે કે એની કમાણી પણ એવી હશે ત્યારે ને ?

રવજી માસ્તરને ફરી જાણે ઓચિંતો ઝટકો વાગ્યો : ત્યારે જગન ભારાડી આ બાબત તો મારું ધ્યાન ખેંચવા નહિ માગતો હોય ? માળો, કહ્યા વગર મનની વાત કેવો પામી જાય છે ! નહિતર આ વાત એ મને શા માટે કરે ?

રવજી માસ્તરના મનમાં અજવાળું અજવાળું થઈ રહ્યું ભારાડી તો ખરો જ, ગામલોકે અમથું નામ નથી પાડ્યું. (ક્રમશઃ)

અનુસંધાન) પાલેર્મો (પૃ. ૨૫૮ પરથી

માતાને ચડાવેલાં સોનાની વીંટીઓ અને હાર મૂકેલાં છે. વળી, ચાંદીની તકતીઓ અને માનતા માન્યા પ્રમાણે બનાવેલાં માટીનાં અંગાંગ પણ અસંખ્ય છે, સમાધિનો ભાગ રંગરંગીન મણિ ને અકીક પથ્થરોથી શણગારેલો છે. માતામી મૂર્તિ અહીં સૂતેલી ઢબમાં-સમાધિની અવસ્થામાં છે. મુખ્ય પૂજાસ્થાનમાં મૂકેલી પ્રતિમા સુંદર છે, ને કરુણામય મુખનાં દર્શન કરાવે છે.

આ કુમારિકા રાજા-રજવાડાની પુત્રી હતી. એ સુખ અને સ્વચ્છંદનું જીવન વિતાવી શકી હોત, પણ એને બદલે બધું છોડીને આ ગુફામાં રહી. ત્યાંથી ૧૬૨૪માં એનાં અસ્થિ પાલેર્મોમાં લઈ જવાયાં, તો ત્યાં ચાલતો પ્લેગનો રોગચાળો અદ્‌ભુત રીતે શમી ગયો ને ત્યારે એને સંત અને પાલેર્મોની કુળદેવીનાં નામ મળ્યાં.

જે માઉન્ટ પેલેગ્રિનો પર આ ગુફા આવેલી છે તે પાલેર્મોની ત્રણ બાજુ પરના જાંબલી ભૂખરા પર્વતોમાંનો એક છે. ગથે એને 'દુનિયાની સુંદરમાં સુંદર ભૂશિર' કહેવા પ્રેરાયા હતા. આરસના લીસા-કર્કશ પાષાણોનો બનેલો આ પર્વત ઈતિહાસમાં આલેખાયેલો છે. પ્રથમ પ્યુનિક યુદ્ધમાં ટ્યુનિશિયાના સેનાપતિએ એના પર ઘેરો નાખ્યો હતો, અને ત્યાંથી રોમન સૈન્ય પર આક્રમણ કર્યાં હતાં. એ જમાનાથી કેટલું દૂર, કેટલું ભિન્ન, પર્વતોની ઓથે, સાગરને કિનારે ઉત્તરથી દક્ષિણ તરફ વધતું ગયેલું પાલેર્મો પુરમ્ ટોચ પરથી તટસ્થ ભાવે હું જોઈ રહી હતી. □

સંપત્તિ

જો તમે તમારો એક રૂપિયો તમારા મિત્રને આપી દઈ એનો એક રૂપિયો લઈ લો તો બંને પાસે એક એક રૂપિયો રહેશે. તમે તમારો એક સુવિચાર તમારા મિત્રને આપી એનો એક સુવિચાર લઈ લો તો બંને પાસે બબ્બે સુવિચાર થશે. એ જ ખરી સંપત્તિ છે.

કું
કા
વ
ટી

કેથેરિન કેથેરિન

કેથેરિન ઑફ એલેકઝાંડ્રિયા - ખ્રિસ્તી ધર્મને ખાતર એણે શહીદી વહોરી હતી. એક ગ્રેશીઅન ખેડૂતમાંથી રોમના શક્તિશાળી સમ્રાટ બનનાર મેક્સિમિનસને એણે ખ્રિસ્તી બનાવવા પ્રયાસ કરેલો. કહેવાય છે કે ધર્મભાવના બદલ કેથેરિનને મોતની સજા થએલી. જે કાષ્ટચક્ર સાથે બાંધી એનો વધ કરવાનો હતો તે ચક્ર ચમત્કારિક રીતે ભાંગી પડેલું ને પછી તેનો શિરચ્છેદ કરવામાં આવેલો. આગળ જતાં એને ખ્રિસ્તી સંતનું માન આપવામાં આવ્યું. ઈજિપ્તની પૂર્વમાં સુએઝ અને અકબાના અખાતની વચ્ચે આવેલા પર્વતીય પ્રદેશમાં સિનાઈ પર્વતમાં પૂર્વના રોમન સમ્રાટ જસ્ટિનીઅને આ સંત કેથેરિનની સ્મૃતિમાં સેન્ટ કેથેરિન્સ નામે એક મઠ બનાવરાવેલો. એવી પણ કથા છે કે આ સિનાઈ પર્વત ઉપર મોઝિઝે ચાળીસ દિવસ અને રાત ગાળેલા અને અહીં જ એને ઈશ્વરના દસ આદેશો - ટેન કમાન્ડમેન્ટ્સ - મળેલા. સંત કેથેરિનની શહીદી પછી ખ્રિસ્તીઓમાં એના નામનો મહિમા વધ્યો અને ઘણાં ખ્રિસ્તીઓ પોતાની પુત્રીનું કેથેરિન નામ પાડવાં લાગ્યાં.

આ પછી યુરોપના ઈતિહાસમાં ઘણી કેથેરિન પ્રસિદ્ધિ પામી છે. એમાંની કેટલીકનો ટૂંકો પરિચય અહીં જોઈએ :

કેથેરિન ઑફ સાએના (ઈ. ૧૩૪૭ થી ૧૩૮૦) - ઈટાલીના સાએના ગામમાં એનો જન્મ થએલો. બચપણથી જ તેનું વલણ ધાર્મિક હતું. નાનપણથી જ એ દેહદમન માટે વ્રત-ઉપવાસો કરતી. સોળ વર્ષની સંત ડોમિનિકના ખ્રિસ્તી સંપ્રદાયના ત્રીજા સ્તરના નીતિનિયમો પ્રમાણે ઘેર રહીને યે આધ્યાત્મિકતામાં રત રહેતી. એની ધાર્મિક વૃત્તિની ખ્યાતિથી પ્રેરાઈને ઈ. ૧૩૭૮માં પોપ અર્બન ત્રીજાએ એને રોમ બોલાવી લીધેલી, જ્યાં વસીને જીવનભર એ ધર્મસ્થાનમાં શ્રમ-સેવા કરતી રહેલી. ઈ. ૧૩૮૦ની ૨૯ એપ્રિલે એનું અવસાન થયું. ઈ. ૧૪૬૧માં પોપ બીજાએ એને સંતપદે પ્રસ્થાપિત કરી હતી. ૧૩૭૫માં એના દેહ ઉપર જિસસ ક્રાઈસ્ટના જેવા ઘા દેખાયા હતા. પોપ અને ફ્લોરેન્ટાઈન્સ વચ્ચે સમાધાન કરાવી ગ્રેગરી ૧૧માને એણે રોમ આવવા પ્રેરેલો.

કેથેરિન ઑફ વેલ્વા (ઈ. ૧૪૦૧-'૩૭) - ઈંગ્લન્ડની રાણી. ઑક્ટોબરની ૨૭ તારીખે ઈ. ૧૪૦૧માં પારીસમાં એનો જન્મ થએલો. ફ્રાન્સના પાગલ રાજા ચાર્લ્સ છઠ્ઠાની એ સૌથી નાની પુત્રી. ૧૪૨૦માં ઈંગ્લન્ડના રાજા હેન્રી પાંચમા સાથે ટ્રોયસ મુકામે તેનું લગ્ન થયું. ૧૪૨૧માં વેસ્ટમિન્સ્ટરમાં એની તાજપોષી થઈ. હેન્રીના અવસાન પછી ઑવેન ટ્યૂડર સાથે એણે ખાનગીમાં લગ્ન કર્યું, જેનાથી પુત્ર એડમન્ડનો જન્મ થયો. આ એડમન્ડનો પુત્ર એ હેન્રી સાતમો. બરમન્ડસે ઍબીમાં ૧૪૩૭ની ૩ જાન્યુઆરીએ એનું અવસાન થયું.

કેથેરિન ઑફ જીનોઆ (૧૪૪૭-૧૫૧૦) - ઈટાલીના જનોઆ મુકામે એક ભદ્ર પરિવારમાં એનો જન્મ. સોળમા વર્ષે તેનું લગ્ન થએલું. એણે પોતાનું સમગ્ર જીવન માંદાઓની સેવામાં અને ઊંડી ભક્તિમાં વિતાવેલું. એનાં બે ઉમદા આધ્યાત્મિક પુસ્તકો અને દેહ તથા આત્મા વચ્ચેની પ્રશ્નોત્તરીનો ગ્રંથ વિખ્યાત છે. ઈ. ૧૭૩૭માં તેને કેથોલિક સંતનું પદ આપવામાં આવ્યુ હતું.

કેથેરિન ઑફ ઍરેગન (૧૪૮૫ - ૧૫૩૬) ઈંગ્લન્ડના રાજા હેન્રી આઠમાની પહેલી રાણી. ઈ. ૧૪૮૫ની ૧૫ કે ૧૬ ડિસેમ્બરે આલ્કલાડ હેનેરીસમાં તેનો જન્મ. સ્પેઈનના રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઈસાબેલાની એ પુત્રી. બે વર્ષની બાળવયે ઈંગ્લન્ડના આર્થર સાથે તેનું સગપણ થએલું. ૧૫૦૧માં લગ્ન થયું. ૧૫૦૨ની ૨ એપ્રિલે આર્થરનું અવસાન થયું. બીજે વર્ષે આર્થર પછીના પાટવીકુંવર હેન્રી સાથે તેની સગાઈ થઈ અને ૧૫૦૯માં ૧૧ જૂને હેન્રી ગાદીએ બેઠો ત્યારે તેનું લગ્ન થયું. એનાથી કેથેરિનને છ બાળકો થયાં, પણ તેમાંથી માત્ર એક પુત્રી મેરી જ જીવિત રહી હતી. આથી વારસદાર પુત્રના ઇચ્છુક હેન્રીએ ૧૫૨૬માં લગ્નવિચ્છેદ માટે પ્રયત્નો આદર્યા. પોતાના ભાઈની વિધવા સાથેનું એનું લગ્ન ગેરકાનૂની હોવાનો એણે દાવો કર્યો. આ પ્રશ્ન બહુ ચગ્યો અને પોપે તે પોતાને હાથ ધરવાનું નક્કી કર્યું અને ઈ. ૧૫૩૪ની ૨૩ માર્ચે એ લગ્નને માન્યતા આપી. દરમિયાન હેન્રીએ એન બોલેયન સાથે લગ્ન કરી લીધા હતા. કેથેરિને આ લગ્નવિચ્છેદનો છેક સુધી વિરોધ કરેલો. એનાં પાછલાં વર્ષો બકડન અને કિમ્બલ્ટનમાં લગભગ કેદ જેવી અવસ્થામાં વીતેલાં. ઈ. ૧૫૩૬ની ૭ જાન્યુઆરીએ એ મૃત્યુ પામી.

કેથેરિન પાર (૧૫૧૨-૧૫૪૮) - હેન્રી આઠમાની છઠ્ઠી અને છેલ્લી પત્ની. એ પ્રથમ વાર લૉર્ડ બર્ગને પરણેલી, બીજી વાર લૉર્ડ લૅટિમરને અને ૧૫૪૩માં ત્રીજી વાર હેન્રી આઠમાને પરણેલી. ધાર્મિક જુલ્મને ઓછો કરવા એણે પ્રયાસ કરેલો. પ્રિન્સ એડવર્ડ અને પ્રિન્સેસ ઈલિઝાબેથ તથા મેરી પ્રતિ એ ભલાઈથી વર્તેલી. ૧૫૪૭માં તેણે સર ટૉમસ સેમૂર સાથે લગ્ન કરેલું.

કેથેરિન મેડિસી (૧૫૧૯-૧૫૮૯) - લોરેન્ઝો દ મેડિસીની એ પુત્રી. ૧૩ એપ્રિલ, ૧૫૧૯માં એનો જન્મ. ફ્રાંસના હેન્રી બીજાની એ પત્ની અને ફ્રાન્સિસ બીજા, ચાર્લ્સ નવમા અને હેન્રી ત્રીજાની માતા. ૧૫૩૩માં તેનું લગ્ન થયું. ૧૫૪૪માં હેન્રી બીજો ગાદીએ આવતાં તેની પટરાણી બની. ૧૫૫૯માં હેન્રીના મૃત્યુ પછી એમનો પુત્ર ફ્રાન્સિસ બીજો ગાદીએ આવ્યો પછી એ બીજા પુત્ર ચાર્લ્સ નવમાની એ કવીન રીજન્ટ બની. પુત્રોના શાસન દરમિયાન એ એક શક્તિશાળી રાજકીય પરિબળ બની રહેલી. ઈ. ૧૫૭૨માં સેન્ટ બાર્થોલોમ્યુની કતલ પાછળ તેનો ખાસ હાથ હોવાનું મનાય છે. કલાની એ

પ્રોત્સાહક હતી. ૧૫૮૯માં પાંચમી જાન્યુઆરીએ એનું મૃત્યુ થયું.

કેથેરિન હોવાર્ડ (૧૫૨૦?-૧૫૪૨) ઈગ્લન્ડના હેન્રી આઠમાની એ પાંચમી પત્ની. અનેક પ્રેમીઓની સાથે રંગત માણવાના આરોપસર લગ્ન પછી સત્તર માસ બાદ તેનો ૧૫૪૨માં શિરચ્છેદ કરવામાં આવેલો.

કેથેરિન ઓફ બ્રેગાન્ઝા (૧૬૩૮-૧૭૦૫) - ઈ. ૧૬૪૦માં પોર્ટુગાલનો રાજા બનનાર ડ્યૂક ઓફ બ્રેગાન્ઝા જહોન ચોથાની એ પુત્રી. વિલા વિકોસામાં ૧૬૩૮ની ૨૫ નવેમ્બરે એનો જન્મ. ઈ. ૧૬૨૨માં ઈગ્લન્ડના ચાર્લ્સ બીજા સાથે એનાં લગ્ન થયાં, જેમાં દહેજમાં ચાર્લ્સ બીજાને ટેન્જીઅર અને મુંબઈનો ટાપુ તથા ત્રણ લાખ પાઉન્ડ ભેટ મળેલા. આ ઉપરાંત, પોર્ટુગાલમાં વસતા ઈગ્લન્ડના વેપારીઓને પોતાનો ધર્મ પાળવાની તથા વ્યાપાર કરવાની છૂટ પણ મળેલી. પણ ચાર્લ્સ બીજો આ પત્ની કરતાં અન્ય સ્ત્રીઓમાં વધુ વ્યસ્ત રહેતો અને કેથેરિન નિવૃત્તિ ભોગવતી. એને કોઈ સંતાન નહોતું અને તે પોતાનો કેથોલિક ધર્મ પાળવા અંગે દૃઢ હતી. આથી શેફ્ટ્સબરીની યોજના પ્રમાણે એની સાથે લગ્નવિચ્છેદ કરવાની વાત ચાલેલી પણ ચાર્લ્સે તેનો વિરોધ કરેલો. પતિના મરણ પછી ૧૬૯૨ સુધી એ ઈગ્લન્ડમાં જ રહેલી અને પછી લિસ્બન જઈ એ પોતાના ભાઈ પાડ્રોના વતી ત્યાંના રાજકાજમાં જોડાઈ ગઈ હતી. ૩૧ ડિસેમ્બર, ૧૭૦૫માં એનું અવસાન થયું.

કેથેરિન પહેલી (આશરે ૧૬૮૪-૧૭૨૭) માર્થા સ્કેવરોન્સ્કી એનું મૂળ નામ. લિથુઆનિયાના એક સાધરણ જમીનદારની એ પુત્રી. ૧૭૦૨માં રશિયનોને મેરીએનબર્ગ કબ્જે કર્યું ત્યારે શેરેમેટીએફ નામના એક સરદારની નજરે એ ચડી. એણે એને પ્રિન્સ માનશિકોવને વેચી. મોસ્કોમાં એના ઘેર ઝાર પીટર (ધ ગ્રેટ)ની નજરમાં એ વસી ગઈ. એણે એને પોતની પાસે રાખી એનું કેથેરિના એલેક્ઝીએવ્ના નામ રાખ્યું. અને પોતાની પત્ની યુડોક્સિયાને છૂટાછેડા આપી ૧૭૧૧માં તેની સાથે લગ્ન કર્યું. ૧૭૨૨માં એ પીટરની વારસદાર જાહેર થઈ અને ૧૭૨૪માં એ પીટરની પટરાણી બની. સમ્રાટ પીટરની સાથે એ જંગમાં પણ સાથ આપતી અને તેમાં કુનેહ અને દૂરંદેશી બતાવતી. ૧૭૨૫માં પીટરના મૃત્યુ પછી એ રશિયાની મહારાણી બની અને પોતાના મંત્રીઓનો સાથ લઈ સારી રીતે રાજ ચલાવ્યું. અંગ્રેજો અને તેના પક્ષનાં રાજ્યો વિરુધ્દ એણે ઓસ્ટ્રિઆ અને સ્પેઈનને સાથ આપેલો. ૧૭૨૭માં ૧૭ મેએ એનું અવસાન થયું.

કેથેરિન બીજી - કેથેરિન ધ ગ્રેટ (૧૭૨૯-૧૭૯૬) જર્મનીના એન્હોલ્ટ ઝર્બસ્ટના કુંવરની એ પુત્રી. સ્ટેટિન મુકામે ઇ. ૧૭૨૯ની ૨ મેએ તેનો જન્મ. રશિયાના ગ્રાન્ડ ડ્યૂક પીટર સાથે ૧૭૪૫માં તેનું લગ્ન થએલું. ૧૭૬૧માં ઝારિના ઈલિઝાબેથ પછી એ ગાદીએ આવ્યો. પણ થોડા જ માસમાં એને રાજપદ પરથી હઠાવી તેનું ખૂન કરવામાં આવ્યું. આમાં કેથેરિનનો પોતાનો હાથ હોવાનું મનાય છે. એ પછી કેથેરિન રશિયાની મહારાણી બની. જૂની ઘરેડના રશિયાને એણે પશ્ચિમી ઓપ આપવાના પ્રયત્નો કર્યા. તે એક અસામાન્ય સ્ત્રી હતી. શક્તિશાળી, ઘાતકી અને કાર્યદક્ષ હતી. એનું અંગત જીવન યુરોપભરમાં બદનામ હતું. પણ પોતાની કામુકતાને એણે કદી પોતાની રાજનીતિને આડે આવવા દીધી નહોતી. એના રાજ દરમિયાન ૧૭૭૪માં તુર્કસ્તાન સુધી અને ૧૭૯૦માં સ્વીડન સુધી રશિયાની સીમા વિસ્તારી



હતી અને પોલેન્ડના ભાગલામાંથી પણ લાભ ઉઠાવેલો. રશિયાના પોતાના રાજ્યને પણ પશ્ચિમનાં રાજ્યો જેમ વિકસિત બનાવવા કળા અને સંસ્કૃતિની આશ્રયદાતા હોવાનો એણે ડોળ કર્યો. વિદ્વાનોની એ કદર પણ કરતી. વોલ્તેર અને દ એલેમબર્ત જેવા વિદ્વાનોની મૈત્રી સાધવા એણે તેમની જોડે પત્રવ્યવહાર પણ કરેલો. વર્સાઈના દરબારની નકલ પણ કરી અને કેળવણીના ક્ષેત્રમાં કેટલાક સુધારા કર્યા. પરંતુ આ બધું સમાજના ઉપલા વર્ગોમાં જ મર્યાદિત હતું અને હકીકતે દેખાવ કરવા માટે જ હતું. પશ્ચિમ યુરોપની સંસ્કૃતિ જે સામાજિક પરિસ્થિતિ ઉપર રચાયેલી હતી એ પરિસ્થિતિ પોતાની પ્રજામાં પેદા કર્યા વિનાના તેના આ બધા નકલી પ્રયાસો હતા. એના આવા સુધારાના પ્રયાસો બદલ ભલે એ મહાન કહેવાઈ, પણ આ બધા ફેરફારોનો ખરો બોજ તો આમજનતા ઉપર જ પડ્યો. એનાથી ખેતમજૂરોની પ્રથા અને ઝારશાહી મજબૂત બન્યાં. ઈ. ૧૭૯૬ની ૧૭ નવેમ્બરે એ પોતાના પુત્ર પોલ બીજાને માટે રશિયાનું વિશાળ સામ્રાજ્ય છોડતી ગઈ હતી. -બિ.

સાહિત્યસંપર્ક

સુભાષ મુખોપાધ્યાયને જ્ઞાનપીઠ એવોર્ડ

બંગાળી ભાષામાં ૧૯૭૧ થી ૧૯૮૫ દરમ્યાન પ્રકટ થયેલ સર્જનાત્મક સાહિત્ય દ્વારા ભારતીય સાહિત્યને સમૃધ્ધ કરનાર સુભાષ મુખોપાધ્યાયને ૧૯૯૧ના વર્ષનો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવાની તાજેતરમાં જાહેરાત થઈ છે.

રવીન્દ્રનાથ ઠાકુર પછીના મહત્ત્વના બંગાળી કવિઓ પૈકીના એક એવા શ્રી સુભાષ મુખોપાધ્યાયનો જન્મ ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૧૯ના રોજ પશ્ચિમ બંગાળના કૃષ્ણનગર નદિયામાં થયો હતો. ૧૯૪૧માં કલકત્તા યુનિવર્સિટીમાંથી તેમણે બી.એની પદવી પ્રાપ્ત કરી. પણ તે પહેલાં ૧૯૩૯માં તેઓ લેબર પાર્ટીમાં જોડાઈ બંદરગાહના જેટી મજૂરોના અધિકારો માટેની લડતમાં સામેલ થઈ ગયા. વિદ્યાર્થી-ચળવળમાં પણ તેમણે સક્રિય ભાગ ભજવેલો. ૧૯૪૨માં ભારતીય સામ્યવાદી પક્ષના સભ્ય બન્યા. ફિલસૂફી સાથે એમ.એ.નો અભ્યાસ કરતાં કરતાં વિખ્યાત બંગાળી કવિ (જેમને પણ જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયેલો) વિષ્ણુ દે સાથે Anti-Fascist Writers' and Artists' Associationના સહમંત્રી તરીકે કામ કર્યું. પછી તેઓ સામ્યવાદી પક્ષના સાપ્તાહિક મુખપત્ર માટે કામ કરવા લાગ્યા. ૧૯૪૮માં



સામ્યવાદી ગતિવિધિ માટે તેમની ધરપકડ કરવામાં આવી. ત્રણ માસ પછી તેમને મુક્ત કર્યા. પણ ફરીથી તેમની ધરપકડ થઈ અને બે વર્ષ જેલવાસ ભોગવવો પડ્યો.

જેલમાંથી છૂટ્યાં પછી સુભાષે ૧૯૫૧માં ગીતા વંદ્યોપાધ્યાય સાથે લગ્ન કર્યા બાદ બન્નેએ અઢી વર્ષ સુધી જૂટ (શણ) કામદારોની વચ્ચે રહી કામ કર્યું. ૧૯૫૧માં તેમણે પ્રગતિશીલ માસિક 'પરિચય'નું સંપાદન કાર્ય સંભાળ્યું. ૧૯૫૫માં તેમણે કલકત્તાના માછીમારો વચ્ચે ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ કરી. ૧૯૫૬માં તેમને Signet Pressના અંશકાલીન સંપાદક નિયુક્ત કરવામાં આવ્યા. ૧૯૫૮માં તાશ્કંદમાં આયોજિત પ્રથમ આફ્રો-એશિયન રાઈટર્સ કોન્ફરન્સમાં તેઓ પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા. ૧૯૫૮માં સત્યજીત રાય સાથે તેમણે 'સંદેશ' નું સહસંપાદન કર્યું. ૧૯૬૨માં કેરોની મુલાકાત લીધી. ૧૯૬૭માં બેરૂત ગયા અને ૧૯૬૮માં જી.ડી.આર. ની શુભેચ્છા મુલાકાત લીધી. એ વર્ષે યોજાયેલ આફ્રો-એશિયન રાઈટર્સ કોન્ફરન્સમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ તેમણે કર્યું. ૧૯૭૧માં વીયેટનામ અને ૧૯૭૨માં કાઝીખ્સ્તાન-ની સફરે તેઓ ગયા હતા. ૧૯૮૨માં તેમણે સામ્યવાદી પાર્ટીની સદસ્યતા તાજી ન કરાવી. તેમની રાજનૈતિક પ્રતિબધ્ધતા કંઈક વિચલિત થઈ હોય એમ લાગ્યું.

ઈ. ૧૯૪૦માં જ્યારે સુભાષ મુખોપાધ્યાયનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પદાતિક' પ્રકટ થયો ત્યારે તેમનાથી દસ વર્ષ મોટા પ્રસિધ્ધ બંગાળી કવિ બુધ્ધદેવ બસુએ તેનું સ્વાગત કરતાં તેમને એટલા માટે અભિનંદન નહોતાં આપ્યાં કે તેઓ બંગાળના તરુણતમ કવિ હતા કે પોતાની કવિતામાં તેમણે અત્યંત પ્રખર બૌધ્ધિકતા સાથે મૌલિક રીતિ પ્રયુક્ત કરી હતી. બુધ્ધદેવે તેમને બે મૂળભૂત વિશેષતાઓ માટે અભિનંદન આપ્યાં હતાં : એક, એવો પ્રથમ યુવાન કવિ હતો જેની કવિતામાં પ્રેમ અને પ્રકૃતિની સદંતર અવગણના કરવામાં આવી હતી. તેમને બીજી વિશેષતા એ લાગી હતી કે સુભાષે પોતાના લઘુસંગ્રહની રચનાઓમાં અત્યંત નવીન, જટિલ આકૃતિગત સંપૂર્ણતા સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને કારણે પોતના કાવ્યાત્મક પ્રયાસોનો વિકાસ કરવા ઇચ્છતા પ્રત્યેક કવિ માટે તે 'આદર્શ પુસ્તક' બન્યું હતું. તેમાં કોઈ રહસ્યવાદી મધુરતા ન હતી પણ એક સીધી તથા તીખી પ્રહારાત્મક શક્તિ હતી : "મારા મિત્ર, આ સમય પુષ્પો સાથે ગેલ કરવાનો નથી. આજે આપણે વિનાશની ધાર પર ઊભા છીએ. અમારી આંખોમાં હવે નીલાં નશીલાં શમણાં નથી. અમારી ત્વચા સૂરજનાં દાહક કિરણો દ્વારા ફોલ્લાથી ભરાઈ ગઈ છે." (મે દિવસ કવિતા)

૧૯૪૮માં કવિનો બીજો કાવ્યસંગ્રહ 'અગ્નિકોણ' પ્રકાશિત થાય છે. તેમનાં અન્ય કાવ્યસંગ્રહોમાં 'જોનો દુરાઈ જાઈ' (૧૯૬૨) 'કાલમધુમાસ' (૧૯૬૫), 'એઈ ભાઈ' (૧૯૭૩) અને 'છેલે ગેછે બને' (૧૯૭૩) વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરે છે. ૧૯૭૦માં તેમનાં શ્રેષ્ઠ કાવ્યોનો સંચય પ્રકટ થયો હતો, જેની સંશોધિત આવૃત્તિ ૧૯૭૬માં પ્રકટ થયેલી. તેમના વીસેક કાવ્યસંગ્રહો પ્રસિધ્ધ થયા છે. તેમનાં કાવ્યોના અનુવાદ યુરોપીય, રશિયન તથા અનેક ભારતીય ભાષાઓમાં થઈ ચૂક્યા છે.

'અગ્નિકોણ'માં કવિનો અવાજ મુખર બને છે. અહીં કાવ્યાત્મકતા ગૌણ બને છે, રાજનૈતિક પ્રતિબધ્ધતા પ્રમુખ. કવિ કામદારોને ક્રાંતિ કરવા પ્રોત્સાહિત કરે છે. કવિ શોષણવિહીન સમાજનું સ્વપ્ન સેવે છે.

'ચિત્રકૂટ' (૧૯૫૦) સંગ્રહમાં બંગાળના દુષ્કાળનાં કેટલાંક યાદગાર કલ્પનો સાંપડે છે. સંગ્રહની નામદાત્રી રચનામાં કવિએ દુષ્કાળગ્રસ્ત ખેડૂતની અરજી રજૂ કરી છે. ગરીબ ખેડૂત જમીનદારને પ્રણામપૂર્વક અરજી કરતાં કહે છે કે આ વરસે એક દાણોય ધાન થયું નથી તેથી વેરો માફ કરો. પોતાની દયનીય દશા વર્ણવ્યા પછી અંતે સામ્યવાદના રંગે રંગાયેલો ખેડૂત લાલ આંખ કરી કહે છે : "પેટ જવલ છે, ખેત જવલ છે, હુજુર જેને રાખુન, ખાજના એબાર માપ ના હલે જવલે ઊઠબે આગુન." (પેટ બળે છે, ખેતર બળે છે, હજુર, જાણી રાખજો એટલું, વેરો જો આ માફ નહીં થાય તો સળગી ઊઠશે

આગ) આવી ક્રાંતિકારી વાણી માટે તો કવિએ અઢી વરસ જેલવાસ સહેવો પડે છે.

'ફૂલ ફુટુક' (૧૯૫૯) સંગ્રહ સુભાષની કવિતાનું વળાંકબિંદુ છે. 'અગ્નિ', 'ઢોલ', 'બુલેટ', 'સરઘસ' જેવા કવિની પૂર્વકાલીન કવિતાના શબ્દો અહીં પણ જોવા મળે છે, પણ અહીં કવિ સાન્ધ્યમણી ફૂલના ખીલવાની પ્રતીક્ષા કરે છે. કવિની કવિતાએ આગ અને બગાવતમાં જે ગુમાવ્યું હતું તે અહીં સંવેદનશીલતા અને માનવીય ભાવમાં સંપ્રાપ્ત કરે છે.

'જોતો દુરેઈ જાઈ' (૧૯૬૨) કવિનો યશોદા કાવ્યસંગ્રહ છે. અહીં કવિએ કાવ્યાત્મક બાનીનો સર્જનાત્મક વિનિયોગ કરી સઘન સંવેદનાને વ્યંજના દ્વારા વ્યક્ત કરી છે. સુભાષની કવિતા આ સંગ્રહમાં સૂક્ષ્મતા સિધ્ધ કરે છે.

'કાલ મધુમાસ'(૧૯૬૬) સંગ્રહમાં, દીર્ઘ આત્મકથનાત્મક શીર્ષક કાવ્યમાં કવિ આપણને આપણા સમયપરિમાણ દ્વારા તેમને મૂલવવા સામે ચેતવે છે. તેઓ કહે છે કે પરિવર્તનશીલ સમય હંમેશાં વૈયક્તિક મુદ્રા ધરાવે છે.

સુભાષના ઉત્તરકાલીન સંગ્રહો - 'એઈ ભાઈ' (૧૯૭૧), 'છેલે ગેછે બને' (૧૯૭૨), 'એકટુ પા ચાલિયે, ભાઈ' (૧૯૭૯), અને 'જલ સઈતે' (૧૯૮૧) - માં સ્વપ્ન અને હતાશા, આવેશ અને અતીતરાગ, વ્યંગ-કટાક્ષ અને વેદના, આનંદ અને વ્યથાની સમતુલા જોવા મળે છે. ભિન્નભિન્ન રીતિમાં ઢળાયેલી આ સંગ્રહોની રચનાઓમાં કવિનો ઊંડો માનવપ્રેમ ડોકાયા વિના રહેતો નથી.

ઈ. ૧૯૪૦માં એક યુવાન કવિ-વિવેચકે નિર્દેશ્યું હતું કે આ નવયુવાન કવિના હાથમાં કવિતા એક શસ્ત્ર સમી છે. ૧૯૮૮માં જ્યારે આપણે સ્વયં સુભાષ દ્વારા પોતાની કવિતા વિશેનું આ વક્તવ્ય વાંચીએ છીએ ત્યારે આપણને પેલી ટિપ્પણી યાદ આવી જાય છે : 'શબ્દ શક્તિ છે. તે મનુષ્યોને સક્રિય કરે છે. જો મગજ સક્રિય થાય છે તો હાથ પણ' પોતાની અંતિમ પ્રકાશિત રચનામાં કવિ ઘોષણા કરે છે, 'હું ઇચ્છું છું કે મારી કવિતા મનુષ્યોના હાથમાં ! એવી રીતે ઉપયોગી બને જેથી આપણે આ વિશ્વને આપણાં શમણાંને અનુરૂપ પરિવર્તિત કરી શકીએ.' (દેશ', ૨૭ ફેબ્રુઆરી, ૧૯૮૮)

'હું કવિતામાં ગદ્યમાંથી આવ્યો,' કવિ સ્વીકારે છે. વીસેક કાવ્યસંગ્રહો સહિત કવિએ શતાધિક પુસ્તકો લખ્યાં છે, જેમાં નવલકથા, પ્રવાસવૃત્ત, બાળસાહિત્ય તથા અનુવાદિત પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમની પ્રથમ ગદ્યકૃતિ 'આમાર બાંગલા' (૧૯૬૧) વૃત્તચિત્રાત્મક રેખાંકન શૈલીમાં લખાઈ હતી અને ગ્રામીણ બંગાળ પર કેન્દ્રિત હતી. તેમણે ચાર નવલકથાઓ લખી છે, જે પૈકી 'હંગ્રસ' (૧૯૭૩) સવિશેષ ઉલ્લેખનીય છે. તેનો રશિયન ભાષામાં અનુવાદ થયો છે. અન્ય નવલકથાઓ છે : 'અંતરીપ બાહ્યાન્સ્નેર અસુખ' (૧૯૮૩), 'ઈયાસિનેર કોલકાતા' (૧૯૭૮) અને 'કે કોથાઈ જાઈ'. પ્રવાસવૃત્તાત્મક પુસ્તકો છે 'આબાર ડાક બેગ્લોર ડાકે' (૧૯૮૧), 'ડાક બાંગ્લાર ડાકે' (૧૯૫૮), 'વિયેટનામે કિછુદિન' (૧૯૭૪) અને 'જેતે જેતે દેખા' બાળકો માટે સુભાષે બારેક પુસ્તકો લખ્યાં છે, જેમાં નોંધપાત્ર છે 'અક્ષરે અક્ષરે' (૧૯૫૪), 'બાંગાલીર ઈતિહાસ' (૧૯૬૦), 'દેશ વિદેશેર રૂપકથા'(૧૯૬૭), 'કથાર કથા', 'મિયુર જાન્યે છારનો છિતોનો'(૧૯૮૦), 'નિજે લીખી નિજે પરી' અને 'સેદિન જંગલે જંગલે' (૧૯૮૩).

સુભાષ મુખોપાધ્યાયે બંગાળી સાહિત્યને સંખ્યાબંધ અનુવાદો દ્વારા પણ સમૃધ્ધ કર્યું છે. તેમાં સંપન્નતા છે, વિવિધતા છે, પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ તરફનું આવાગમન છે. કાલસિધ્ધ અને સમકાલીન રચનાઓ, નાજિમ હિકમતથી લઈ પાલ્લો નેરુદા અને હાફિઝથી અમરુશતક સુધીનો વિસ્તાર તેમાં સંમિલિત છે.

સુભાષની સર્જન પ્રતિભાનો રાષ્ટ્રિય, આંતરરાષ્ટ્રિય સન્માનો દ્વારા પુરસ્કાર થયો છે. ૧૯૬૪માં તેમને તેમના કાવ્યસંગ્રહ 'જેતો દુરેઈ જાઈ' માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયો હતો. આ ઉપરાંત તેમને સોવિયત લેન્ડ નેહરુ પુરસ્કાર તથા લોટસ પુરસ્કાર (૧૯૭૭), અને આનંદ પુરસ્કાર અર્પણ થયા છે. મધ્યપ્રદેશ સરકારે તેમને તેમના સાચા કાવ્યસંઘર્ષ, સજગ કાવ્યવિવેક, માનવીય સમાવેશિતા અને ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ માટે ૧૯૮૭-૮૮ના કબીર સન્માનથી વિભૂષિત કર્યા હતા.

કલાકાર અને વ્યક્તિ - ઉભય રૂપમાં સુભાષ પશ્ચિમ બંગાળમાં વિવાદાસ્પદ રહ્યા છે. ૧૯૮૨માં તેમણે રાજનીતિનો ત્યાગ કર્યો હોવા છતાં તેમનાં ગીતો ટ્રેડ યુનિયનોનાં સભાસરઘસો અને સંમેલનોમાં સમૂહમાં ગવાય છે. જે માણસે મજૂરોમાં જાગૃતિ લાવવા પોતાની શૈક્ષણિક કારકિર્દીનો ભોગ આપ્યો, જેણે અઢી વર્ષ જેલવાસ વેઠ્યો, જે જૂટ મજૂરોના શોષણ સામેના સંઘર્ષમાં તેમની સાથે મજૂર વિસ્તારમાં રહી લડ્યો, જેણે રોજી માટે જાહેરાતો લખી, જે પોતાના પિતાને મૃત્યુશય્યા પર લઘુતમ વૈદ્યકીય સારવાર મળી રહે તે માટે મથ્યો, જે સરઘસોમાં હજારો કિલોમીટર ચાલ્યો, અરે, છેક હમણાં જેને બે લાખ રૂપિયાનો જ્ઞાનપીઠ પુરસ્કાર મળવાની જાહેરાત થઈ ત્યારે પત્ની ગીતા સાથે ઘરખર્ચ માટે પૈસા ક્યાંથી મેળવવા એની ચર્ચા કરી રહ્યો હતો (૨૫ મે ૧૯૯૨ના રોજ જેનું બેન્ક બેલેન્સ ૨૧૬ રૂપિયા જ હતું !) તે માણસને કોઈ છાપ મારી દેવી સરળ નથી. બહુમુખી પ્રતિભા ધરાવતા આવા જીવંત સર્જકને પામવો સહેલો નથી.

સુભાષ મુખોપાધ્યાય રવીન્દ્રનાથ પછીના એવા અલ્પ ભાગ્યશાળી કવિઓ પૈકીના એક છે જેમના કવિતાસંચયો અને પુસ્તકોની અનેક આવૃત્તિઓ થતી રહી છે. તેઓ શાશ્વત યૌવન, શાશ્વત સૌન્દર્ય, શાશ્વત સફરના શાશ્વત દ્રષ્ટા છે. પોતાની ચમકતી આંખો, લહેરાતા વાળ સાથે તેઓ સંભવત: અંતિમ સંમોહનકારી વ્યક્તિત્વો પૈકી એક છે, જેઓ કવિતાને સડકના આદમી સુધી લઈ જાય છે. સુભાષ પોતાની એક ઉત્તરકાલીન કૃતિમાં પોતાના વિશે કહે છે : 'હું કવિ કહેવડાવવા નથી માગતો. હું એક ખભાથી બીજા ખભા સુધી ચાલ્યો જવા ઇચ્છું છું, મારા અંતિમ દિવસ સુધી, અને ત્યારે હું ઇચ્છીશ કે મારી પેન એક ટ્રેક્ટર પાસે મૂકી દઉં અને કહું - 'મારું કામ પૂરું થઈ ગયું છે, મારા મિત્ર, મને અજવાળું આપો.' પરંતુ સુભાષ મુખોપાધ્યાયનું કાર્ય હજી પૂરું થયું નથી. આવનારી પેઢીએ તે પૂરું કરવું રહ્યું.

- પ્રસાદ બ્રહ્મભટ્ટ

સાહિત્યિક સંજ્ઞાઓ

દિગીશ મહેતા

ટેક્સ્ટ : પાઠ/વાચના

ટેક્સ્ટ શબ્દ અંગ્રેજી સંદર્ભમાં વિવિધ અર્થોમાં વપરાય છે. દાખલા તરીકે છાપામાં કોઈક વાર વાંચવા મળે છે કે પ્રધાનશ્રીએ એરપોર્ટ પર ઊતરતાં પોતાની પાસે તૈયાર જે ભાષણનો ખરીતો હતો તે વાંચ્યો. આને 'અ પ્રીપેર્ડ ટેક્સ્ટ', એટલે કે અગાઉથી તૈયાર કરેલો પાઠ કહે છે. અહીં પાઠનો અર્થ લખાણમાત્ર થાય છે. કોઈ ચર્ચાસ્પદ પત્ર હોય તો તે પત્રનું પૂરું લખાણ, તેની ટેક્સ્ટ, તેની માગણી કરાય.

આથી જુદું અંગ્રેજી સાહિત્યિક વિવેચનના સંદર્ભમાં ટેક્સ્ટ શબ્દનો બહુ વિશિષ્ટ ઉપયોગ થાય છે. એનો સહુથી નજીકનો ગુજરાતી પર્યાય કદાચ 'પાઠ' છે, પણ દેખીતી રીતે જ પાઠ શબ્દ ટેક્સ્ટ સંજ્ઞાના બધા અર્થો પહોંચાડી શકતો નથી.

અંગ્રેજી સંજ્ઞા 'ટેક્સ્ટ'ની મજા સમજવા માટે એનો શેક્સ્પીઅરનાં નાટકોના સંદર્ભમાં થતો ઉપયોગ જોઈએ. શેક્સ્પીઅરનું એક નાટક હોય, એ કૃતિનો પાઠ, એટલે એ કૃતિની ટેક્સ્ટ. શેક્સ્પીઅરના કોઈ પણ નાટકની શાસ્ત્રીય રીતે તૈયાર થયેલી આવૃત્તિ જોઈએ તો તેમાં એ નાટકના પાઠ વિશે એક અલગ નોંધ હોવાની. આ રીતે 'હેમ્લેટ'ની ટેક્સ્ટ કે 'કિંગ લીઅર'ની ટેક્સ્ટ વિશે જે તે આવૃત્તિમાં વિગતવાર નોંધ મુકાવાની. અહીં ટેક્સ્ટ એટલે જે તે નાટકની અધિકૃત વાચના, એ છે. અને આ અર્થમાં આવી નોંધની જરૂર કોઈ પણ કૃતિની શાસ્ત્રીય આવૃત્તિમાં રહેવાની. પછી તે ગ્રીક નાટક હોય, કે શેક્સ્પીઅરનું નાટક હોય, કે ફિલ્ડિંગની 'ટૉમ જોન્સ' હોય, કે.ટી.એસ. એલિયટ નું 'ધ વેસ્ટ લેન્ડ' કાવ્ય હોય. એમાં પુરાકાલીન કે સમકાલીનનો ભેદ નથી હોતો.

ટેક્સ્ટ એટલે કે પાઠ કે વાચનાના પ્રશ્ને આવી નોંધની જરૂર ઊઠવાનું કારણ દેખીતી રીતે જ એ છે કે એકની એક કૃતિના વિવિધ પાઠો હોવાની શક્યતા હંમેશાં ઊભી જ હોય છે, જેને પાઠાન્તરો કહીએ છીએ.

એટલે ટેક્સ્ટ સંજ્ઞાને કેન્દ્રમાં રાખીને વિસ્તરતું જે આખુંય સંજ્ઞા-નક્ષત્ર કે સંજ્ઞા-કુલ છે તેમાંની લગભગ દરેક સંજ્ઞા માટે ગુજરાતી/અંગ્રેજી પર્યાયભેદો રચાતા આવ્યા છે. દાખલા તરીકે અત્યાર સુધીમાં આપણે આવી બે સંજ્ઞાઓનો ઉપયોગ કરી ચૂક્યા : વાચના અને પાઠાન્તર. ખાસ કરીને સંસ્કૃત પરંપરામાં આ બે સંજ્ઞાઓ સ્થિર થઈ ચૂકેલી સંજ્ઞાઓ છે, એમ કહીએ તો ખોટું નથી. એ બન્ને આપણે જોયું તેમ ટેક્સ્ટ સંજ્ઞાની આડપેદાશ છે, પણ તેમના અંગ્રેજી પર્યાયો વળી અલગ-અલગ છે; વાચના એટલે રીડિંગ અને પાઠાન્તર એટલે વેરિઅન્ટ. ખરી રીતે તો રીડિંગ અને વેરિઅન્ટ એ મૂળ અંગ્રેજીમાં બહુ ચોક્કસ રીતે વપરાતી સંજ્ઞાઓ છે, જેમ કે વેરિઅન્ટ રીડિંગ્ઝ એમ પણ કહી શકાય. એક કૃતિની આ કે તે પંક્તિ વિશે બે જુદા જુદા વિદ્વાનો બે કે ત્રણ કે તેથી વધુ વાચનાઓ રજૂ કરે ત્યારે તેને રીડિંગ્ઝ કરતાં વેરિઅન્ટ્સ કહેવું વધુ યોગ્ય છે. રીડિંગ સંજ્ઞા કોઈ એક કૃતિનું સમગ્રતયા અર્થવિશ્લેષણ, તેનું ઇન્ટર પ્રિટેશન, એ અર્થમાં પણ વપરાય છે. 'ધ ટેમ્પેસ્ટ'નું વિલ્સન નાઈટનું રીડિંગ, એટલે કે અર્થઘટન એમ પ્રયોજી શકાય.

આ બધું છે છતાં ટેક્સ્ટ સંજ્ઞાનો અંગ્રેજીમાં શુદ્ધ શાસ્ત્રીય પ્રયોગ તો ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ (textual criticism)એ સંજ્ઞાના સંદર્ભમાં થાય છે. અહીં પણ જ્યારે ગુજરાતીમાં લખાતા વિવેચનના સંદર્ભમાં વાત કરીએ ત્યારે પર્યાય-વિષમતા છતી જાય છે. દાખલા તરીકે ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ એ પ્રયોગને સીધો જ ગુજરાતીમાં વાપરતાં ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ એટલે ટેક્સ્ટ-લક્ષી એટલે કૃતિલક્ષી વિવેચન એવી છાયા સહજ ઊપસી આવે, પરિણામે જેને ન્યૂ ક્રિટિસિઝમ એટલે કે નવ્ય વિવેચન કહીએ તેનું જ આ એક અંગ લાગે. વાસ્તવમાં ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ એ ટેક્સ્ટકેન્દ્રી કે કૃતિલક્ષી વિવેચન એવો અર્થ નથી.

ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ એ પ્રયોગ અંગ્રેજી સંદર્ભમાં પાઠ-લક્ષી વિવેચનના અર્થમાં વપરાય છે. અને એ રીતે એ વિવેચનની એ શાખા માટે વપરાય છે, જે જે-તે કૃતિના પાઠની શુદ્ધતા, તેની સાથે સંકળાયેલી છે. આથી તે વિવેચનને સામે છેડે અભ્યાસના ક્ષેત્રને વધુ સ્પર્શે છે. વાસ્તવમાં વિવેચન એટલે કે લિટરરી ક્રિટિસિઝમ અને વિદ્વત્તા એટલે કે સ્કોલરશિપ - એ જે સાહિત્યના અભ્યાસની પ્રમુખ પ્રવૃત્તિઓ, તે બે કેન્દ્રો, poles અહીં જ અલગ અલગ રીતે છતાં થઈ છૂટા પડી કેન્દ્રોનું એક આખુંય મંડળ રચે છે.

જેમ સંસ્કૃત પરંપરામાં પ્રશિષ્ટ કૃતિઓના editing એટલે કે તેના પાઠના શાસ્ત્રીય વિશ્લેષણ-સંમાર્જન વિશે એક આખીય પદ્ધતિ, આખુંય વિજ્ઞાન વિકસ્યું છે, તેમ જ પશ્ચિમમાં ગ્રીક-લેટિન ટેક્સ્ટ, બાઈબલની ટેક્સ્ટ, અને એ પછીથી માંડી અત્યાર સુધીની મોડર્ન ટેક્સ્ટ - સુધીની ટેક્સ્ટ edit કરવાની વ્યવસ્થિત પદ્ધતિ હોય એ દેખીતું છે.

આ તો એક બહુ વિસ્તૃત ક્ષેત્ર છે. પણ તેના થોડાઘણા પરિચય માટે શેક્સ્પીઅરનાં નાટકોનો આ દૃષ્ટિએ જ્યાં અભ્યાસ થયો હોય તે સામગ્રી વાંચવા માંડીએ તો પણ ખૂબ જ માહિતીપ્રદ નીકળે છે. સાહિત્યનો અભ્યાસ, અંગ્રેજી તેમજ ગુજરાતી, એ આપણે ત્યાં ગુજરાતમાં, અને તેથી આગળ ચાલી ભારતમાં, શિક્ષણના ઇતિહાસનું મહત્ત્વનું પ્રકરણ છે. આમાં અંગ્રેજી વિવેચનાની ગુજરાતી વિવેચના પર પડેલી અસર ઉપરાંત અંગ્રેજી સાહિત્ય-અભ્યાસની પણ ગુજરાતી સાહિત્ય-અભ્યાસની નીતિ-રીતિ-કાર્યપદ્ધતિ પર અસર પડી જ છે. આ પારસ્પરિક આપ-લે હતી કે એકપક્ષી? એ આપણા સંસ્થાના પરસ્ત ભૂતકાળની દેણ હતી ? એમ હોય તો તેમાંથી છૂટવું જોઈએ ? - આ બધા પ્રશ્નો જ્યારે આજે ચર્ચાય છે ત્યારે ગુજરાતી સાહિત્યના અભ્યાસીએ જેમ અંગ્રેજી વિવેચનની અસરથી મુક્ત થવું જોઈએ, તેમ અંગ્રેજી વિદ્યાભ્યાસની આખીય પદ્ધતિથી પણ યથાયોગ્ય મુક્ત થવું જ રહ્યું, કેમ કે આ બીજા સ્તરે પણ વિદેશી અસર સારી એવી ઊતરી છે. ટેક્સ્યુઅલ ક્રિટિસિઝમ, ઉપર કહ્યો તે શુદ્ધ અર્થમાં, અહીં એક મહત્ત્વનો પ્રવાહ બની રહ્યો છે. □

તદ્ભવ શબ્દોની જોડણી

ગુજરાતી ભાષાના તદ્ભવ શબ્દોની જોડણી નીચેના ૧૯ નિયમોને આધારે કરવામાં આવે છે. નિયમોનો ક્રમ સગવડ ખાતર આપણે સળંગ આપીએ છીએ. ૧૧ સામાન્ય નિયમો આપણે જોયા છે. ત્યાર પછીના નં ૧૨ થી નં ૩૦ સુધીના ૧૯ નિયમો આપણે આ વિભાગમાં જોઈશું.

નિયમ ૧૨ : બધા તદ્ભવ શબ્દોમાં સાનુસ્વાર કે નિરનુસ્વાર શબ્દાન્ત ઈ દીર્ઘ લખાય છે.

દાખલા : ઘી, છી, જી, દી, બી, શીં, અહીં, ઘોડી, દહીં, નહીં, ખેતી, ગુમી, ધોતી, જપતી-જપ્તી, જૂઈ, ધાસ્તી, બાઈ, ભાઈ, રાઈ, શેરી, અનાડી, આરતી, ખાતરી, ચોપાઈ, દેસા (-શા)ઈ, પારધી, પાવતી, માહિતી, મેરાઈ, રજાઈ, રસોઈ, રાખડી, રોટલી, સફાઈ, વાજબી, હયાતી, અદેખાઈ, અવનવી, દાનરડી, ફારગતી, બબરચી, રાતલડી, વરિયાળી, વાછ(-ર)ડી, સુધરાઈ, ખુનામરકી, ભુલભુલામણી વગેરે

વિકલ્પ : છબી-છબિ, વિનંતી-વિનંતિ

અપવાદ : જતિ, જદપિ, જદ્યપિ, હેરાનગતિ (-ત)

નોંધ : (ક) નહિ, વિનતિ વ. સંસ્કૃત તત્સમ શબ્દો છે.

(ખ) સંસ્કૃતેતર ભાષાઓના તત્સમ શબ્દો અનાયાસે આ નિયમ પાળે છે. જેમ કે (અ) અરબી શબ્દો : ઈસવી, ઇસાઈ, મુરબ્બી વ. (આ) ફારસી શબ્દો : ગિરદી, દીવાની વ. (ઇ) હિંદી શબ્દો : ગિનતી કુલફી, વ. (ઈ) અંગ્રેજી શબ્દો : કૉફી, કમિટી, ચીમની, લાઈબ્ર(-બ્રે)રી, સોસાયટી, યુનિવર્સિટી, મ્યુનિસિપાલિટી વગેરે.

વિશેષ નોંધ : હવે પછી ફક્ત નિયમ વિરુદ્ધ જણાતા તત્સમ શબ્દોની જ નોંધ જરૂરી હોય તો, આપવામાં આવી છે.

નિયમ ૧૩ : બધા તદ્ભવ શબ્દોમાં સાનુસ્વાર કે નિરનુસ્વાર શબ્દાન્ત ઉ હ્રસ્વ લખાય છે.

દાખલા : તું, શું, હું, આદુ(-દું), ખરું, ખેડુ, ખોટું, ગાડું, ગૂંગું, ગુણ્યું, ચીકુ, ચાલુ, જીરું, જૂનું, ઝાડુ, ઢબુ(-બ્બુ), ભાડું, મી(-મીં)ડું, મોજું, લાગુ, રફુ(નાઠેલું) રૂપ, શરુ(સરુ ઝાડ) સહુ, સારુ, સારું, સાસુ, સોનું, અગાઉ, અધરું, અમારું, અંધારું ઉતારુ, કાંગારું, ખરચુ, ચોમાસુ(-સું), છોકરું, તમાકુ, તમારું, પગેરું, પતરું, પપૈયું, પરંતુ, મરચું, રખડુ, સત્તાણુ(-ણું), સમજુ, ગરજાઉ, જરદાલુ(-લુ), ધાડપાડુ, પરગજુ, પાણકોરું, રમકડું, સદરહુ, હીરાઘસુ, છેલબટાઉ, અખત્યારનામું, ભઠિયારખાનું વગેરે.

વિકલ્પ : ચાકુ-ચાકૂ, તંબુ-તંબૂ, સાબુ-સાબૂ, જુસ્તેજુ-જુસ્તજૂ, તંબાકુ-તંબાકૂ, મજમુ-મજમૂ, કરભોરુ-કરભોરૂ.

અપવાદ : જૂ, દૂ, ભૂ, રૂ લૂ, ઈસ્કૂ કબૂ, રજૂ, શરૂ (=ચાલુ), અબરૂ ઉરદૂ, કામરૂ જાજરૂ મજનૂ,મશરૂ

નોંધ : (ક) અરબી, ફારસી, તુર્કી, તત્સમ શબ્દોમાં શબ્દાન્ત ઊ દીર્ઘ હોય છે. જેમ કે (અ) અરબી શબ્દો : વજૂ, રફૂ, (=તૂણવાનું કામ) વ. (આ) ફારસી શબ્દો : બૂ, આલૂ, દારૂબાનૂ, (બાનુ તદ્ભવ છે.), આબરૂ વ. (ઇ) તુર્કી શબ્દો ઉર્દૂ, કાબૂ વગેરે.

(ખ) આ શબ્દો સંસ્કૃત તત્સમ છે : ગૂ, ચંપૂ, જંબૂ, અને વિકલ્પે કંડૂ, ચંચૂ, તનૂ, સરયૂ વગેરે.

(ગ) આ શબ્દો અંગ્રેજી તત્સમ છે : ઝૂ, ફ્લુ, હિબ્રૂ, ઈન્ટરવ્યૂ વગેરે

નિયમ ૧૪ : કર્માણિ અને પ્રેરક રૂપો સહિત, તદ્ભવ શબ્દોમાં પ્રથમાક્ષર પરના ઈ કે ઊ જો કોમળ અનુસ્વારવાળા હોય તો તે દીર્ઘ હોય છે.

દાખલા : ઈંડું, ખીંટી, છીંટ, છીંડું, પીંછું, ભીંત, ભીંસ, ભીંડો, રીંછ, ઈંઢોણી, જીંડવું, મીંદડી, ડીંડવાણું, સીંચણિયું, ઊંઘ, ઊંધું, કૂંચી, કૂંડું, ખૂંટ, ગૂંચ, ઘૂંટ, ઘૂંઘો, થૂંક, ટૂંક, ડૂંટી, ઠૂંઠું, ફૂંક, લૂંટ, ફૂંડાળું, ચૂંટણી, ચૂંદડી, ચૂંથારો, ઝૂંપડી, પૂંછડું, ચૂંવોતેર, મૂંઝવણ, મૂંડકાવેરો, હૂંડિયામણ, પીંજવું-પીંજાવું-પીંજાવવું, હીંચવું-હીંચાવું-હીંચાવવું, હીંચવવું-હીંચવાવું-હીંચવવું, ચૂંથવું-ચૂંથાવું-ચૂંથાવવું, ગૂંચવવું-ગૂંચાવવું-ગૂંચવાવવું વગેરે

અપવાદ : કુંવર (-રી), કુંવારું, કુંભાર, સુંવાળું, કુંવારકા, કુંવારડું.

નોંધ : (ક) કેટલાક શબ્દોમાં પ્રથમાક્ષર સિવાય અને અનન્ય સ્થાને પણ કોમળ અનુસ્વાર વપરાતો હોય છે. જેમ કે ખટૂંબડું, વરસૂંદ, નહીંતર. આમાંયે ખટૂંબડું - ખટુંબડું જેવામાં વિકલ્પે તીવ્ર અનુસ્વાર (એટલે કે અનુનાસિક) પણ વાપરી શકાય છે જેમ કે ખટૂમ્બડું આવા શબ્દોને વિકલ્પ ગણાવાને બદલે હવે પછીનો નિયમ ૧૫ લાગુ પડે છે તેમ કહેવું વધુ યોગ્ય ગણાશે.

(ખ) પ્રદેશભેદે કેટલાક શબ્દોના ઉચ્ચાર તીવ્ર અનુસ્વારવાળા જણાય છે. છતાં રૂઢિગત લેખનમાં ફેર પડ્યો નથી. ઉચ્ચારરૂપ કરતાં લિખિતરૂપ હંમેશાં ઓછું પરિવર્તનશીલ હોય છે. ખૂંટ, જીંડવું, ચૂંટણી જેવા શબ્દોમાં તીવ્ર અનુસ્વાર પણ સાંભળવા મળે છે. 'કુંભાર'ને આપણે અપવાદ ગણ્યો છે પણ તેનો ઉચ્ચાર તીવ્ર અનુસ્વારવાળોય થાય છે. (ક્રમશઃ)

રામજીભાઈ પટેલ

પ્રાપ્ત પ્રકાશનો


ઝુમ્મર નરેન બારડની ૨૧ લઘુકથાઓનો સંગ્રહ. (કાચું પૂઠું. પૃ. ૪૩. ક્રાઉન. કિં. ૯-૦૦, પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર, અમદાવાદ-૭)

ગિજુભાઈની બાલવાર્તાઓ : પહેલા ભાગની ૧૬ અને બીજાની ૧૮ એમ ગિજુભાઈની ચૌદ વર્ષની વય સુધીનાં બાળકોને રસ પડે તેવી વાર્તાઓનું સંયુક્ત પ્રકાશન. (પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, સરદારનગર, ભાવનગર ૩૬૪ ૦૦૧. ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૧૯, કિં. ૧૬ રૂ.)

અંતરની વાત : વડોદરાની 'સંસ્કાર પરિવાર' નામક ફાઉન્ડેશન સંસ્કાર પ્રવૃત્તિના એક ભાગ રૂપે અપાતું પ્રકાશન. સંસ્થાના નિયામક વિઠ્ઠલભાઈ પટેલની સંસ્કારપ્રવૃત્તિઓનો આલેખ, વિચારદર્શન અને જીવનચિંતન. (પ્રકાશક : શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, શ્રદ્ધા, કલ્યાણબાગ, કાંકરિયા, અમદાવાદ-૨૮ (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૩૬, કિં. રૂ. ૩૦)

કારાવાસની કથની : સ્વાતંત્ર્યોત્તર પેઢીને અનેક રીતે ઉપકારક માહિતી પૂરી પાડતી શ્રી ભોગીલાલ ગાંધીની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બદલ ભોગવેલા કારાવાસની કથની (પ્રકાશક : ક્રેસ્ટ એસોસિએટ્સ, સુરેશ પરીખ, આસિ. પ્રોફેસર્સ બ્લૉડક્સ - ૨, વલ્લભવિદ્યાનગર ૩૮૮૧૨૦ (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૩૧, કિં. ૨૫ રૂ.)

વિચારક : સ્થાપિત નીતિનિયમોની કડક ચકાસણી કરવામાં ક્યાંયે છોછ નહિ દાખવનાર એક વિચારકને રજૂ કરતી તારાશંકર બંદોપાધ્યાયની નવલકથાનો રમણીક મેઘાણીએ કરેલો અનુવાદ (પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨ બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧ (પાકું પૂઠું, ક્રાઉન, પૂઠું, પૃ. ૧૨૮, કિં. ૨૫ રૂ.) □



મઝલુમે - કરબલાનો શરથી છે ગમ,
હરગીઝ કદી તૂટે નહીં કુદરતનો નિયમ,
છાતીની ઉપર હાથ રહે છે બન્ને,
બાળકને જનમતા જ માતમનો છે હુકમ.

મરીઝ

બી. પ્રેમાનંદ

અંધશ્રદ્ધા અને કહેવાતા ચમત્કારોની સામે આપણામાં ઠીકઠીક જાગૃતિ આવી છે એવું લાગે છે, પણ હજી આજે યે દોરાધાગા ને તાવીજ-માદળિયાં, મૂઠમારણ, વશીકરણ અને કાર્યસિદ્ધિ યા ધન કે પદપ્રાપ્તિનાં યંત્રોમંત્રો, ભૂતપ્રેતના વળગાડ કે કોઈ દૈવી શક્તિના પરચા, ફલજ્યોતિષ અને તાંત્રિક પૂજાવિધિ વગેરેમાંનો આપણો વિશ્વાસ એટલો જ રહ્યો હોવાના અનેક દષ્ટાંત રોજબરોજ જોવા મળે છે. અંધશ્રદ્ધાથી પ્રેરાઈ આજે યે ઘણાં લોકો ગુપ્ત ધન મેળવવા પાછળ કે પિત્તળનું સોનું કરવા પાછળ યા અન્ય અનેક લાલચથી પ્રેરાઈને ખુવાર થતા હોય છે. ધન, પદ અને પુત્રની પ્રાપ્તિનો મોહ આજે પણ એટલો જ વ્યાપક છે. વનવાસી કે ગ્રામવાસી અશિક્ષિત કે અલ્પશિક્ષિત લોકો જ નહિ, નગરવાસી સુશિક્ષિત લોકો પણ અંધશ્રદ્ધા ને ખોટી આસ્થાઓથી ગ્રસ્ત છે. એમની લાલચ-લાલસાને બહેકાવી અભણ બાવા-સાધુ-ભૂવાઓ અને ભણેલા સ્વામી-મહાત્મા-ગુરુઓ પોતાની વાક્જાળ ને જાદુમાં છેતરે, ફસાવે, લૂંટે છે. લોકોને પ્રભાવિત કરનાર એમના પૂજાવિધિ ને ચમત્કારોમાં જેની જેની બુદ્ધિપૂર્વક તપાસ થઈ છે તેમાં તે બધાં જ પોકળ સાબિત થયા છે. આ દિશામાં શ્રીલંકાના ડૉ.અબ્રહામ કોવૂરે ઘણું કામ કરી અનેક ચમત્કારોની પોકળતા ખુલ્લી પાડી છે એટલું જ નહિ તેની સત્યતા સાબિત કરનારને મોટું ઈનામ આપવાની જાહેરાત કરીને જે આહ્વાન આપ્યું છે તે ઝીલી લેનાર હજી તો કોઈ મળ્યો નથી. આ ડૉ. કોવૂરની પ્રેરણા ઝીલી લોકોના વહેમો ને અંધશ્રદ્ધા દૂર કરવાની દિશામાં આવું જ મોટું કામ કેરાળાના બુદ્ધિવાદી બી.પ્રેમાનંદ પણ કરી રહ્યા છે અને એમાં એમણે પણ કંઈક ધુતારાઓને ખુલ્લા પાડી સારી એવી નામના મેળવી છે. આ માટે વર્ષો સુધી તેઓ દેશભરમાં ઘૂમીને અનેક ખ્યાતનામ અને અલ્પખ્યાત



સાધુ-મહાત્માઓને મળ્યા છે. ૨૭ દેશોની મુલાકાત લઈ લાખો લોકોનો સંપર્ક સાધ્યો છે. હજારો વ્યાખ્યાનો આપ્યાં છે, અને ૩૦ પુસ્તકો મળયાલમ ભાષામાં તથા ૬ પુસ્તકો અંગ્રેજી ભાષામાં લખ્યાં છે. કહેવાતા ચમત્કાર કરી બતાવી તેના ખુલાસા આપવા માટે પ્રત્યેક રાજ્યમાં એક સો જણને તાલીમ આપી તૈયાર કરવા માટેની નેશનલ કાઉન્સિલના તેઓ ફેલો છે, તથા દેશમાં આ અંગેના વૈજ્ઞાનિક વિચારોના પ્રસાર માટે વીડિઓ ડેટાબેઝ તૈયાર કરી રહ્યા છે. થોડા સમય પહેલાં '૨૦૦૧ - સાયન્સ ટુડે'માં પ્રકટ થયેલી એમની એક મુલાકાતમાં રજૂ થયેલી પ્રશ્નોત્તરીમાંથી તારવીને અહીં એમનો ટૂંકો પરિચય આપ્યો છે.

આજથી ૬૧ વર્ષ પહેલાં કેરાળાના એક આસ્થાવાન પરિવારમાં એમનો જન્મ થએલો. ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોમાં એ સૌથી મોટા. એમના જન્મ સમયે પિતાએ એમની જન્મકુંડલી બનાવરાવવા કોઈ જોશીનો સંપર્ક કર્યો ત્યારે જોશીએ કુંડલી બનાવવા ના પાડી. કારણ એને લાગ્યું કે આ બાળક જીવશે જ નહિ અને હતું ય લગભગ એવું જ. જન્મથી એમનું જઠર બહુ ફૂલેલું મોટું હતું, અને આવી સ્થિતિમાં મોટેભાગે બાળક બહુ જીવતું નથી. પણ બી. પ્રેમાનંદ જીવી ગયા.

કેનોપનિષદ

શાન્તિ પાઠ

૧. ૐ સહનાવવતુ । સહનૌ ભુનક્તુ । સહવીર્યં કરવાવહૈ । તેજસ્વિનાવધિતમસ્તુ । મા વિદ્વિષાવહૈ ॥ ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ।

૨. ૐ આપ્યાયન્તુ મમાંગાનિ વાક્ પ્રાણશ્ચક્ષુઃ શ્રોત્રમથો બલમિન્દ્રિયાણિ ચ સર્વાણિ । સર્વં બ્રહ્મૌપનિષદં મા હં બ્રહ્મ નિરાકુર્યાં મા મા બ્રહ્મ નિરાકરોદનિરાકરણમસ્ત્વનિરાકરણં મેઽસ્તુ । તદાત્મનિ નિરતે ય ઉપનિષત્સુ ધર્માસ્તે મયિ સન્તુ તે મયિ સન્તુ ॥ ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ।

વ્યાખ્યા

ૐ (બ્રહ્મ, ઈશ) અમારી બન્નેની રક્ષા કરે. અમને બન્નેને આનંદાનુભૂતિ કરાવે. અમે બન્ને સાથે પુરુષાર્થ કરતા રહીએ. અમારા બન્નેની રહસ્ય-પ્રાપ્તિ પ્રકાશાત્મક હો. અમારો પરસ્પર પ્રતિયોગ ન હો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ૧

ૐ (બ્રહ્મ, ઈશ) મારાં અંગ, વાણી, પ્રાણ, ચક્ષુ, શ્રવણ એમ સર્વ ઈંદ્રિયોની શક્તિને પ્રભાવશાળી, ઓજસપૂર્ણ કરી રહે. સર્વ કંઈ ઉપનિષદ-કથિત છે બ્રહ્મ. બ્રહ્મથી હું વિમુખ ન થાઉં. બ્રહ્મની મ્હારા પર અવકૃપા ન હો. ન હું એને ત્યજું, ન એ મ્હને ત્યજે. ઉપનિષદમાં દર્શાવાયેલા સર્વ ધર્મ તે મ્હારા અંતરમાં સાનંદ નિવસી રહે; તે મ્હારે અંતર સાનંદ નિવસી રહે. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ૨

રાજેન્દ્ર શાહ

બચપણમાં એમના હાથે એક થર્મોમીટર તૂટી ગયું. ઠપકાની બીકે એમણે એમાંથી ઢળેલો પારો એલ્યુમિનિયમના એક પાત્રમાં ભરી લઈ સંતાડી દીધો. પછી જ્યારે ઘરમાં થર્મોમીટરની તપાસ ચાલી ત્યારે એમણે સાચી વાત તો કરી અને કાન પણ અમળાયો, સાથે જ્ઞાન પણ મળ્યું કે પારો ઝેરી હોઈ તેને કાચના પાત્રમાં જ ભરાય. પણ આમાં બન્યું એવું કે પેલા એલ્યુમિનિયમનું પાત્ર સાફ કરતાં એમાંથી રાખ જેવી ભૂકી ખરવા માંડી, અને પિતાએ માન્યું કે, અને બધાંને એ બતાવીને કહ્યું કે પુત્રનો કાન આમળવા બદલ એક પાઠ આપવા રૂપે દૈવી ચમત્કારથી એ 'વિભૂતિ' ખરતી હતી. આગળ જતાં બી. પ્રેમાનંદે જાણ્યું કે પારા અને એલ્યુમિનિયમ વચ્ચેની રાસાયણિક પ્રક્રિયાનું એ પરિણામ હતું.

આરંભમાં તો તેઓ પણ કંઈક આસ્થાવાન હતા. પિતા રામકૃષ્ણ પરમહંસના અનુયાયી હતા. એમના દ્વારા અને ઈતર વાચનથી રામકૃષ્ણને ઈશ્વરનો સાક્ષાત્કાર થયા હતો એવું એમણે જાણેલું. એવા સાક્ષાત્કારની એમને પણ ઇચ્છા થઈ. પિતા થીઓસૉફિકલ સોસાયટીના સભ્ય પણ હતા અને આ સોસાયટી ગૂઢવિદ્યાઓમાં માનનાર હોઈ એવી વિદ્યાઓ શીખવા-સમજવા તેઓ પણ તેની કાલિટકની શાખામાં જોડાયા. ઘરમાં પિતાએ વસાવેલાં તથા આ સોસાયટીમાં મળ્યાં એ પુસ્તકો વાંચી એમણે ગૂઢવિદ્યાનું જ્ઞાન મેળવવા પ્રયાસ કર્યો.

યોગ અને તેની શક્તિઓ વિષે પણ એમણે વાંચ્યું. કુંડલિનીને મૂલાધારચક્રમાંથી જગાડીને મસ્તકમાં આવેલા સહકારચક્રમાં પહોંચાડવાથી અનેક સિદ્ધિઓ મળે છે, એવું એમને જાણવા મળ્યું. આ માટે એમણે વિધવિધ આસનો સિદ્ધ કર્યાં: પિતાએ શોધી આપેલા ગુરુઓ પાસેથી યોગનું શિક્ષણ પણ લીધું અને કુંડલિનીની શક્તિ મેળવવા એમણે ભારતભરમાં ગુરુઓની શોધ આદરી. કાનનગઢના સ્વામી રામદાસના પુસ્તકમાં વાંચ્યું કે જીવનભરમાં એમને હંમેશાં ભગવાનની સહાય મળતી રહી છે. પોતે પણ એવો અનુભવ પામવા ને તેની શોધમાં ઘૂમવા વિચાર્યું અને તે પણ ભગવાન-ભરોસે. પિતાની મંજૂરી માગી, એ મળી અને સાથે શિખામણ પણ મળી કે નાનીશી રકમ તો સાથે રાખવી જ અને ક્યારેક કંઈ મુશ્કેલી આવી પડે તો તરત ઘેર જાણ કરવી.

તિરુવનમલાઈમાં રમણ મહર્ષિને, રામકૃષ્ણના શિષ્ય સુબન્ધુને, પૉંડિચેરીમાં શ્રી અરવિંદ અને માતાજીને મળ્યા. ઋષિકેષમાં સ્વામી નારાયણનંદને મળ્યા. આ સ્વામીએ કુંડલિની યોગ અને બ્રહ્મચર્ય વિષે વીસ પુસ્તકો લખ્યાં છે. ચુસ્ત બ્રહ્મચર્યપાલનના આગ્રહી સ્વામીની ચારિત્ર્યશિથિલતા બી. પ્રેમાનંદે જોઈ હતી. યાત્રાટન દરમિયાન એમણે જે કંઈ જોયું-અનુભવ્યું એ પરથી હઠયોગ અને તાંત્રિક ખ્યાલોમાં પણ એમનો વિશ્વાસ નથી. ચુસ્ત બ્રહ્મચર્યપાલનથી સદા નિરોગી રહી વાર્ધક્યથી બચાવના દાવામાં પણ એ માનતા નથી. યોગસાધના અને તાંત્રિક સાધના વગેરે દ્વારા દીર્ઘ અને સ્વસ્થ જીવન પામી વાર્ધક્યને ખાળી શકાતું હોય તો તેવો દાવો કરનાર જે કોઈ સાધુ-મહાત્માને પોતે મળેલા એ બધા વૃદ્ધો કેમ હતા? એટલું જ નહિ, એ બધાને કંઈ ને કંઈ દૈહિક તકલીફો પણ હતી જ. એમનું કહેવું છે કે જો એ સૌનો એવો દાવો સાચો હોય તો રામકૃષ્ણને કેન્સર, વિવેકાનંદને દમ, રમણમહર્ષિને કેન્સર, અરવિંદને વા, ગણેશપુરીના મુક્તાનંદને હૃદયરોગ, વજ્રેશ્વરીના નિત્યાનંદને લીવરની તકલીફો હતી. સ્વામી શિવાનંદના શિષ્ય અને કુંડલિની યોગના અભ્યાસી સ્વામી વિષ્ણુદેવાનંદને પણ વાનું દર્દ હતું. ૯૩ વર્ષની વયે પહોંચેલા પૉંડિચેરીના ગીતાનંદ તો ડૉક્ટર હતા ને એમણે તો પોતાના સ્વાસ્થ્ય અંગે આહ્વાન પણ આપેલું ને તેમને ક્ષય હોવાનું પાછળથી જણાએલું. યોગ દ્વાર સ્વાસ્થ્ય મેળવવાનો બોધ કરનાર એમને મદ્રાસની એપોલો હૉસ્પિટલમાં ૩ વર્ષ રાખવા પડેલા અને આજે એ કંઈ ન કરી શકે તેવી સ્થિતિમાં છે. અલબત્ત, આ સૌનાં કાર્ય અંગે પ્રેમાનંદને કંઈ કહેવાનું નથી, પણ યોગ અને સાધના વગેરેથી કોઈ ચમત્કાર સરજાવાની વાતમાં એ માનતા નથી.

ચમત્કારની શક્તિ વિશે બહુ ગુમાન કરનાર સ્વામી નારાયણાનંદે એમને ઓમકારના એક લાખવાર જાપ કરવા સૂચવ્યું. વહેલી સવારથી નાહીધોઈ પ્રેમાનંદે એ જાપ કર્યા, પણ કંઈ વળ્યું નહિ. જાપમાં કંઈ ક્ષતિ થઈ હશે કહી ફરી જાપ શરૂ કરાવ્યા અને એથી ઊંડી તપાસ કરવાને પ્રેરાએલા પ્રેમાનંદે અંતે શોધી કાઢ્યું કે કાગળ ઉપર લખેલા ઓમકાર પર પૂજાખંડમાં જઈ તેના પર ખાનગીમાં પોટેસિઅમ નાઈટ્રેડ લગાડીને તેની જ્વલનશક્તિનો પરચો બતાવતા હતા.

ગંગાના પ્રવાહ ઉપર ચાલવાનો દાવો કરનાર એક સાધુ પાણીમાં ડુબાડીને રાખેલા તારના દોરડા ઉપર ચાલતો હોવાનું એમણે પકડી પાડેલું.

આવા અનેકાનેક અનુભવો પરથી ચમત્કારો અંગેની એમની શંકાઓ દૃઢ થતી ગઈ અને પછી તો ક્યાંય કંઈ ચમત્કારના ખબર મળે ત્યારે ત્યાં પહોંચી જઈ એમણે તપાસ કરવા માંડી.

એમની આ વ્યાપક શોધયાત્રા પછી ૧૯૫૨માં એ વતનમાં પાછા ફર્યા. ૧૯૫૪માં એમણે લગ્ન કર્યાં અને '૫૭ સુધીમાં બે સંતાનોના પિતા બન્યા. એમણે છાપખાનું ખોલ્યું. પિતાના ઉદ્યોગોમાં સહાય કરવા સાથે એમણે 'કેરાલા વિદ્યાર્થી' નામનું સામયિક પણ કાઢ્યું, જેમાં વિદ્યાર્થીઓ લખતા અને બાળકો દ્વારા તેનું વેચાણ થતુ - દોઢ રૂપિયો કિંમત અને ૨૫૦૦૦ નકલ.

એમની શોધ કહેવાતા ચમત્કારો માટેની જ રહી છે અને એ માત્ર અંગત શોખથી જ આ કાર્ય કરે છે. બે મોટી આલમારીઓ ભરાય એટલી નોંધો એમણે એકઠી કરી છે. કહેવાતા મહાત્માઓ સુધી પહોંચવા એમણે પુષ્કળ સમય અને પૈસા ખર્ચ્યા છે. આ રીતે સત્ય સાંઈબાબા સુધી પહોંચવા એમણે લાખો રૂપિયા ખર્ચ્યા હોવાનું એ કહે છે. આને સારુ એમણે પોતાની ૯૦ એકર ફળદ્રુપ જમીન વેચી નાખી છે અને આમ સતત મચ્યા રહી એમણે બાબાના છેક આંતરિક વર્તુલ સુધી પહોંચી જઈ એમની ચમત્કારી કહેવાતી શક્તિઓ પાછળની એમની યુક્તપ્રયુક્તિઓનો ભેદ મેળવ્યો છે. 'ધ લ્યોર ઑફ ગૉડ' નામના પોતાના એક પુસ્તકમાં બી. પ્રેમાનંદે એ યુક્તિઓ વિશે વિગતે લખ્યું છે.

કર્ણાટકમાં કસ્તૂરબા મેડિકલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટરના ઘરમાં 'બાબા' ના ફોટામાંથી ખરતી 'વિભૂતિ'નો ભેદ ખોળી એમણે સાબિત કરેલું કે ચોખાની કાંજીમાં ભેળવેલી રાખ ચોપડીને એ ચમત્કાર બતાવાતો હતો. આ જ રીતે એલ્યુમિનિયમ અને મરક્યુરિક ક્લોરાઈડના મિશ્રણથી પણ 'વિભૂતિ' ખરવાનો ચમત્કાર થઈ શકવાનું તેમણે પુરવાર કરી બતાવ્યું છે. 'ગૉડ ઓફ ધ નાઈટ' નામના કાર્લ બુકના પુસ્તકમાં પણ આવા ચમત્કારોનાં રહસ્યોના ખુલાસાઓ મળે છે.

બી. પ્રેમાનંદની પ્રવૃત્તિ બદલ એમનો જાન લેવાના પ્રયત્નો પણ થયા છે. સત્ય સાંઈબાબા પરનું એમનું બીજું પુસ્તક પ્રકટ થવાનું હતું ત્યારે એમની મોટરગાડી સાથે ચેડાં કરી એમને મારવાનો પ્રયાસ થએલો. એકવાર એમને મોટરલૉરીના ધક્કે ચડાવી મારવાનો પ્રયાસ થએલો. ૧૯૮૦-૮૧માં એમણે યોજેલી વિજ્ઞાનયાત્રા દરમિયાન રૂડકેલામાં એમના પર લોકોના ટોળાનો હુમલો થેએલો અને શ્રોતાઓએ એમને બચાવેલા.

શ્રીલંકાના ડૉ. કોવૂરે એમને ૧૯૭૬માં પ્રેરણા આપેલી. એ સમયે તેઓ માંદગીમાં હતા. એમની નોંધો અને એમના પ્રયાસો જોઈ ડૉ. કોવૂરે લોકોના હિત માટે તેને પ્રયોજવા સૂચવેલું. એમનું એક પુસ્તક પણ ડૉ. કોવૂરે પ્રકટ કરેલું. કેરાળામાં પોતાની જીપમાં સ્થળેસ્થળે ઘૂમીને લોકો સમક્ષ એમણે પોતાની વાતો રજૂ કરેલી. ડૉ. કોવૂરના કહેવાથી 'રેશનાલિસ્ટ એસોસીએશન'માં એ જોડાયા. પછી તુરતમાં એમણે સબરીમાલાના દિવ્ય પ્રકાશનો ભેદ ખુલ્લો પાડી સાબિત કરેલું કે એ કોઈ ચમત્કાર નહિ પણ કપૂરનો ખેલ હતો.

જાફનાસિધ્ધ નામનો એક સાધુ પોતાના માથા ઉપર સો સો નાળિયેર ફોડી દૈવી શક્તિનો પરચો બતાવતો હતો. શ્રીલંકાના ટી.વી ઉપર પણ તે રજૂ થએલો. કેરાલાના 'માતૃભૂમિ' અખબારે આઠ પાનાં ભરી એના ચમત્કારોનો અહેવાલ આપેલો. બી. પ્રેમાનંદે શોધી કાઢ્યું કે માત્ર પોતાની પસંદગીનાં કૂમળાં નાળિયેર જ એ માથા પર ફોડી બતાવતો. પછી તો એમણે બીજા કેટલાક યુવાનો તૈયાર કરી એમના દ્વારા નાળિયેર ફોડી બતાવી જાફના-સિધ્ધના ચમત્કારનું રહસ્ય ઉઘાડું પાડી દીધેલું. દેશમાં ચારસો જેટલાં અખબારોએ તેની નોંધ લીધી અને બી. પ્રેમાનંદના કાર્યને વ્યાપક પ્રસિદ્ધિ મળી. આ પછી અરુણ લિમયેએ એમને મહારાષ્ટ્રમાં બોલાવ્યા, જ્યાં એમણે સેંકડો ભાષણો આપેલાં. આ પછી અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ રચાઈ. ડૉ. કોવૂરના સમયમાં 'મિરેકલ એક્સ્પોઝર કમિટી' દ્વારા આવા ચમત્કારો ઉઘાડા પાડવામાં આવતા. બી. પ્રેમાનંદ તેના કન્વીનર હતા અને દેશનાં લગભગ બધાં બુદ્ધિવાદી સંગઠનો તેના સભ્યો હતા. બી. પ્રેમાનંદના મતે આ કામ ચમત્કારોનો ભેદ ઉઘાડો પાડવા પૂરતું જ નથી, પણ તેનાથી ગેરમાર્ગે દોરવાઈને ખુવાર થતાં લોકોને સાચી સમજણ આપવાનું છે. આજે આ કમિટી 'ઈન્ડિયન કમિટી ફોર સાયન્ટિફિક ઈન્વેસ્ટીગેશન ઑફ ધ ક્લેઈમ્સ ઑફ ધ પેરાનૉર્મલ' નામે ઓળખાય છે.

અણમોલ પુસ્તકો

પુસ્તક એ તો સાચે જ આપણો ઉત્તમ સાથી છે. વિદેશમાં તો પુસ્તક-સંગ્રહનો શોખ એક વિશિષ્ટતા લેખાય છે. માન્યતા એવી છે કે આ તો અમીરોનો શોખ છે. આ માન્યતાના સમર્થન માટે લંડનની ક્રિસ્ટી અને સાઉથ લે જેવી પુસ્તકોનું લીલામ કરતી સંસ્થાઓનો દાખલો અપાય છે. તાજેતરમાં ક્રિસ્ટી સંસ્થાએ જહોન ગોલ્ડના 'ધ બર્ડ્ઝ ઑફ ગ્રેટબ્રિટન' નામના એક પુસ્તકની જૂની નકલ ૧૪ હજાર પાઉન્ડમાં વેચી હતી.

પણ પુસ્તકોના શોખ માટે તમારી પાસે ૧૪ હજાર પાઉન્ડ હોવા કંઈ જરૂરી નથી. હા, એટલું ખરું કે જૂનાં પુસ્તકો ખરીદવા અંગે તમારી સમજ હોવી જોઈએ. ઘણા લોકો કોઈ પણ પુસ્તકની પહેલી આવૃત્તિ મેળવવા ઇચ્છુક હોય છે. તેઓ એમ માનતા હોય છે કે પહેલી આવૃત્તિના પ્રકાશનમાં લેખકની પોતાની બુદ્ધિનો ચમકારો પણ હોય છે. અને સમય જતાં તેની કિંમત પણ વધી જશે. ઘણાં જૂનાં પુસ્તકો વેચતા ઘણા વિક્રેતાઓ પાસે પહેલી આવૃત્તિની નકલોથી અભરાઈઓ ભરાયેલી પડી હોય છે, અને તેની કિંમત કંઈ વધુ નથી હોતી.

ખરી વાત એ છે કે દરેકે દરેક પુસ્તકની પહેલી આવૃત્તિ કંઈ મહત્ત્વની હોતી નથી. પહેલી આવૃત્તિવાળાં પુસ્તકોની પસંદગી કરતી વખતે કેટલીક બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે. પ્રથમ બાબત એ છે કે એ લેખકના પુસ્તકને કેટલી પ્રસિદ્ધિ મળી છે! બીજું, તે પુસ્તકની પહેલી આવૃત્તિ વખતે કેટલી નકલો છપાઈ હતી. ત્રીજું, અત્યારે તે પુસ્તકનું મહત્ત્વ કેટલું છે.

સામાન્યત: કોઈ પણ પુસ્તકની પહેલી આવૃત્તિની ૫૦ થી માંડી અનેક હજાર નકલો છપાય છે. પણ તેની નકલ તેનો લેખક પ્રસિદ્ધ હોય અને પહેલી આવૃત્તિની થોડીક નકલો જ પ્રકટ થઈ હોય ત્યારે જ અમૂલ્ય મનાય છે. આ માટે ઉદાહરણ તરીકે ઑસ્કર વાઈલ્ડના 'અ વુમન ઑફ નો ઇમ્પૉર્ટન્સ' પુસ્તકની પ્રથમ આવૃત્તિની એક નકલ લઈએ. આ પુસ્તકની પહેલી આવૃત્તિ સન ૧૮૯૪માં જહોન વેન નામના પ્રકાશકે પ્રકટ કરેલી આ પહેલી આવૃત્તિની એક નકલ તાજેતરમાં રૂ. ૧૩,૫૦૦માં એટલા માટે વેચાઈ કે તે લેખક દ્વારા 'ગ્લોડિસ ડિ ગ્રેને એના મિત્ર અને આ પુસ્તકના લેખક ઑસ્કર વાઈલ્ડ તરફથી પ્રશંસા અને શ્રદ્ધાંજલિ રૂપે-ઑક્ટોબર ૧૮૯૪.'

પુસ્તકસંગ્રહના શોખીનો માટે લંડનની નેશનલ બુક લીગ સંગ્રહ નામની સંસ્થા ૧૩-૧૪ વર્ષથી દર વર્ષે બુક કલેક્ટર્સ ફેરનું આયોજન કરે છે. બે-ત્રણ વર્ષ પહેલાં આ મેળામાં સન ૧૫૬૩માં પ્રકટ થયેલ ફોક્સનું 'બુક ઓફ માર્ટિયર્સ' પ્રદર્શનમાં મુકાયું હતું. એની એક નકલનો વીમો ૩૦૦ પાઉન્ડનો હતો.

પુસ્તકસંગ્રાહકોએ છેતરપીંડીથી બચવા માટે આધુનિક લેખકોનાં અપ્રાપ્ય પુસ્તકોની પસંદગી કરવી જોઈએ. કારણ કે આધુનિક લેખકોના મહત્ત્વને આંકવામાં છેતરાવાનો કે ભૂલ થવાનો સંભવ નથી.

લૉરેન્સે પોતાના પુસ્તક 'સેવન લિર્સ ઑફ વિઝડમ'ની પહેલી આવૃત્તિ પોતે જ પોતાના ખર્ચે પ્રકટ કરી હતી. આજે આ પુસ્તકની પહેલી આવૃત્તિની કિંમત લગભગ ૨૭ હજાર રૂપિયા છે.

આ જ રીતે જેમ્સ જોય્સના 'યુરોસ', લુઈ કેરોલના 'એલિસ ઇન વન્ડર લેન્ડ' અને વ્લાદિમીર નોબોકોવના 'લોલિતા' પુસ્તકોની પહેલી આવૃત્તિ પણ આજે બહુમૂલ્ય છે.

'યુલિસિસ'ની માત્ર ૧૦૦ નકલો પહેલી વખત સન ૧૯૨૨માં પ્રકટ થઈ હતી. એક નકલની કિંમત રૂ. ૧૦૦ હતી. આજે તેની કિંમત ૧૮ હજાર રૂપિયા છે.

'એલિસ ઇન વન્ડર લેન્ડ'ના વેચાણ પર એમાંનાં ચિત્રો બરાબર ન હોવાના કારણે લેખકે પ્રતિબંધ મૂક્યો હતો. આજે તે આવૃત્તિની એક નકલની કિંમત હજારો રૂપિયા છે. (અનુસંધાન પાન ૨૩૮ ઉપર)

◆ ન હિન્દુ નીકળ્યા ન મુસલમાન નીકળ્યા, ◆
◆ કબરો ઉઘાડી જોયું તો ઈન્સાન નીકળ્યા. ◆
◆ — અમૃત ઘાયલ — ◆

મુગલ બાદશાહ બાબરના પુત્ર હુમાયૂએ શેરશાહથી હારીને ગુમાવેલી દિલ્હીની ગાદી પર તેને પુન: સ્થાપિત કરનાર નમકહલાલ સરદાર બહેરામખાંને ત્યાં સંવત ૧૬૧૩ના માગશર સુદ ૧૪ના દિવસે પુત્રજન્મ થતાં ખુદ હુમાયૂએ તેનું નામ અબ્દુર્રહીમ રાખ્યું. એણે મોટા થઈ જેટલી યોદ્ધા તરીકે એટલી જ એક દાનવીર તરીકે અને એક કવિ તરીકે ખ્યાતિ મેળવી. રહીમના નામે લખેલી એમની કાવ્યકૃતિઓ આજે પણ પ્રચલિત છે.

એક વાર કચેરીના કામકાજથી પરવારી રહીમજી પોતાના અંગરક્ષકો સાથે પાછા ફરી રહ્યા હતા ત્યાં એક ગલીમાંથી દોડતા આવી, હીરા નામના કુંભારે તેમના વાંસામાં જોરથી લોઢાની પાંચ શેરી ફટકારી દીધી. તરત તેને ઘેરી લેવામાં આવ્યો. પણ રહીમજીએ પોતાનો ઘોડો તે તરફ ફેરવી હીરાને છૂટો મૂકી દેવા હુકમ કર્યો અને પોતાની સાથે પોતાને ઘેર લઈ ગયા. ત્યાં હીરાને પૂછતાં તેણે રહીમજીને પેટછૂટી વાત કરી દીધી કે પોતે ગીરબીથી એટલો તંગ આવી ગયેલો કે ફાંસીએ ચડીને મરી ખૂટવાના હેતુએ જ પાંચ શેરી મારી હતી.

રહીમજીએ તરત જ તેને પોતાની તિજોરીમાંથી પાંચ શેર સોનું તોળી આપવાનો હુકમ કર્યો. એમની તહેનાતમાં રેહનારાઓએ એ પર આશ્ચર્ય વ્યક્ત કરતાં તે બોલ્યા, 'હીરાએ મને પારસમણિ સમજી લોઢાનો સ્પર્શ કરાવ્યો હતો, તો મારે બદલામાં પારસમણિના જ ગુણ દર્શાવવા જોઈએ ને ?' અ.હ.

¤

ભુવનેશ્વરથી વીસેક કિલોમીટર દૂર નંદન કાનન નામના પ્રાણીબાગમાં ૨૩ જેટલા સફેદ વાઘ છે. મૂળ તો આ આસપાસના જંગલમાંના ઘાયલ અને ટોળાથી ત્યજાએલાં પ્રાણીઓ માટેનું અભયારણ્ય હતું.

¤

ન્યૂઝીલેન્ડના ઈન્વરકાર્ગિલમાં શ્રીમતી એલવિન રૂથ વાઈન્ડર નામની એક મહિલાએ મે ૧૯૮૯ સુધીના ૫૮ વર્ષથી વધુ સમયગાળામાં ડાયબીટીઝ માટે ઈન્સ્યૂલિનનાં ૬૦૦૨૮ ઈન્જેકશનો લીધેલાં.

¤

પૃથ્વી પર દર વર્ષે જાણી શકાય તેવા ૫,૦૦,૦૦૦ જેટલાં ભૂચલન થાય છે. આમાંનાં ૧,૦૦,૦૦૦ જેટલાં તો અનુભવી શકાય તેવાં હોય છે અને ૧,૦૦૦ જેટલાં ઓછુંવધતું નુકસાન કરે છે.

¤

ઈ. ૧૯૯૦ના આંકડા પ્રમાણે ભારતીય રેલવેતંત્રમાં ૧૬,૫૦,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે.

¤

તાજેતરમાં ફ્રેંકફુર્ટમાં ભરાઈ ગએલા એક આંતરરાષ્ટ્રિય વ્યાપારમેળા - 'પ્રીમીઅર - ૯૨' - માં ૩૯ દેશના ૧૧૦૦ પ્રદર્શકોએ ભાગ લીધેલો. વિવિધ જાતના કાગળ, સ્ટેશનરી, અને એવી અન્ય, ઓફિસોમાં ઉપયોગી અનેક ચીજો ત્યાં ૭૨,૫૭૦ ચો.મી.ના વિસ્તારમાં પ્રદર્શિત થએલી. પણ એમાં આશ્ચર્ય તો એ છે કે ૭૦૦૦ જેટલી જાતનાં ઈરેઝર (ભૂંસવાના રબ્બર) રજૂ થએલાં. અગાઉ આવા પ્રદર્શનમાં રબ્બરની ૪૦૦૦ જાત રજૂ થએલી. આ એક વિક્રમ આંક છે.

¤

લીંબુના એક ચમચી રસમાં બે ચમચી મધ નાખી ચાટી જવાથી ખાંસી મટી જાય છે અને જો દમનો હુમલો હોય તો તેમાં રાહત થાય છે.

¤

કપડાં પર ઈસ્ત્રી કરતી વેળા ઈસ્ત્રી અતિશય ગરમ હોવાને કારણે કપડાં પર પીળા કે કથ્થઈ ડાઘ પડી જાય તો તરત જ તેના પર મીઠું ઘસવાથી તે નીકળી જશે.

¤

જાણો છો કે સેકેડ કોમ્બ નામની માછલી માત્ર ટાઈબરીઆસ સરોવરમાં જ થાય છે ?

¤

પાકાં ટામેટાંની લણણીનો એક વિચિત્ર ઉત્સવ સ્પેઈનના બુનોલ ખાતે ઉજવાય છે. તે શહેરના રહેવાસીઓ નગરચોકમાં ૧,૧૦,૦૦૦ પાઉન્ડ ટામેટાંના ઢગલામાં એકબીજા સામે ટામેટાંનો મારો ચલાવે છે.

¤

ગણનગમ્મત

$$3 \div 1 = 3$$
$$(4 + 5) \div (1 + 2) = 3$$
$$(5 + 6 + 7) \div (1 + 2 + 3 + 4) = 3$$
$$(7+8+9+10+11) \div (1+2+3+4+5) = 3$$

¤



કલાકણિકા : ઈસ્વાસન પૂર્વે લગભગ દોઢ હજાર વર્ષ, પહેલાં નોસોસીની ક્રેટન પ્રજાના ધર્મોત્સવોની પૂજાવિધિમાં વપરાતું એક પાત્ર. સ્ફટિકની આંખો, કાષ્ટનાં ઓપ ચડાવેલાં શીંગડાં અને છીપના જડતરવાળું વૃષભના મસ્તક-આકારનું આ પાત્ર પોચા કાળા પથ્થરમાં કોરેલું છે. એનો વૃષભાકાર પરમ ઈશ્વરના શક્તિશાળીપણાનો દ્યોતક છે.